ઉત્થાન ગ્રંથાવલિ : સંખ્યા ૧

શ્રી સદ્‌ગુરુ—

# સ્તુતિ અને શિક્ષાશતક

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

પ્રકાશક

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ
પો. મુક્તમ્‌પુર
જિ. ભરૂચ

પહેલી આવૃત્તિ સં. ૧૯૯૨ : પ્રત ૫૦૦
બીજી આવૃત્તિ સં. ૧૯૯૮ : પ્રત ૫૦૦
ત્રીજી આવૃત્તિ સં. ૨૦૧૦ : પ્રત ૨૫૦
ચોથી આવૃત્તિ સં. ૨૦૧૯ : પ્રત ૧૦૦૦

મૂલ્ય રૂા. ૧–૨૫

મુદ્રક
ભાલ મલજી
લિપિની પ્રિન્ટરી
૬૮૦, ગિરગામ રોડ,
મુંબઈ–૨

ॐ

नारायण

શ્રી સદ્‌ગુરુ—

# સ્તુતિશતક

" અવેદ્ય છે વેદવાક્યે જે
　　ક્યાં ત્યાં સ્તોત્ર સુણાવવું ? '
ભાખ્યું શ્રી શંકરાચાર્યે
　　છતાં આ શતકે સ્તવું

ૐ

नारायण

# સ્તુતિશતક

ૐ સ્મરું સ્વાત્મબોધે જે, વેદોમાં ઋષિઓ સ્મર્યા;
વ્યાખ્યા આ વ્યાખ્યમાં તોયે, અખંડાદ્વૈત છે ભર્યા. ૧

**ભાવાર્થ** :—વેદોમાં આત્મચૈતન્યસ્વરૂપે ઋષિઓ જેનું સ્મરણ કરી ગયા છે, એ ૐકાર ( લક્ષ્યસ્વરૂપ ) ગુરુદેવને હું સ્મરું છું. ( સમસ્ત બ્રહ્માંડ જેનું વ્યાપ્ય છે એ ) વ્યાપ્યમાં એ વ્યાપી રહેલા હોવા છતાં પણ પોતે અખંડ અને અદ્વૈત જ રહ્યા છે. (૧)

ૐ નમું આદ્યરૂપે એ, સદ્ગુરુ રૂપ દેવને;
સચ્ચિદાનન્દ સંજ્ઞામાં, શોભે છે એકમેવ જે. ૨

**ભાવાર્થ**—( બ્રહ્માંડનો દ્વૈતભાસ શરૂ થયો તે પહેલાં પણ ) જે આદ્યસ્વરૂપે સદ્ગુરુદેવ વિરાજે છે, જેની સંજ્ઞા સચ્ચિદાનંદ ( સ્વરૂપ ) છે, અને જે એક જેવા જ ( સદાસર્વથા અદ્વિતીય સ્વરૂપે ) વિરાજે છે એ ૐ સ્વરૂપ ગુરુદેવને હું નમું છું. (૨)

ૐ ભજું શિષ્યશ્રેયાર્થે, કૃપાકૈવલ્યથી ભર્યા;
શિષ્ય જ્યાં હોય ત્યાં તેવા, સદ્‌ગુરુદેવ છે ઠર્યા. ૩

**ભાવાર્થ :**—શિષ્યના આત્મકલ્યાણને માટે જે કેવલ કૃપાથી જ ભરપૂર છેઃ શિષ્ય (જેવા અને જેટલા અધિકારનો હોય ત્યાં તેને તેવી રીતે જ તે જ કક્ષામાં સાથ આપીને તેના) જેવા જ બનીને જે સદ્‌ગુરુદેવની સ્થાપના થાય છે, એ ૐ સ્વરૂપ સદ્‌ગુરુદેવને હું ભજું છું. (૩)

અભેદે બ્રહ્મભાવે ને, ભેદભાવે પ્રભુત્વમાં;
પ્રબોધે તત્ત્વ સૌને તે, સદ્‌ગુરુ અન્તરાત્મમાં. ૪

**ભાવાર્થ :**—જ્યાં જ્યાં અભેદદર્શન થાય ત્યાં (નિર્ગુણ બ્રહ્મસ્વરૂપે અને જ્યાં ભેદભાવનું ઐશ્વર્ય દેખાય ત્યાં ઇશ્વરસ્વરૂપે પરમ તત્ત્વને સંકેત માત્રથી સમજાવીને એ સદ્‌ગુરુ અંતઃકરણમાં અનુભવ કરાવે છે. (૪)

પિતા, માતા, સખા, ભ્રાતા, સ્નેહીસંબંધી મંડળે;
દષ્ટાન્તે શોધતાં જેનું, ત્રિલોકે કોઈના મળે. ૫

**ભાવાર્થ :**—ત્રણ લોક (પૃથ્વી, અંતરીક્ષ અને સ્વર્ગ)માં, તેમ જ પિતા, માતા, મિત્ર, બન્ધુ, સ્નેહી તથા સંબંધી વર્ગમાં જેનું દષ્ટાન્ત શોધ્યું પણ મળે એમ નથી (એવા એ ગુરુદેવ છે.) (૫)

અક્ષરો બાવને શીખી, અનામી નામ એ જપું;
રૂપોમાં રીઝવી જ્યાં ત્યાં, અરૂપી રૂપ ઓળખું. ૬

**ભાવાર્થ :**—(એવા ગુરુદેવનું સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાના)

બાવને અક્ષરોથી ( જેટલાં નામ પાડી શકાય તેટલાંનું ) રહસ્ય જાણી લઈને ( વૈખરી, મધ્યમા અને પશ્યન્તીથી પર ) અનામી ( જેમાં કૈં પણ નામ ન રહેતાં એમના સ્વરૂપનો અંતરમાં અનુભવ થાય એવા મૌન ) નામનો જપ કરું; તેમ જ (બ્રહ્માંડમાં ) જ્યાં જ્યાં જે જે રૂપ છે ( એમના સ્વરૂપને અભેદભાવે ચિંતવન -નિદિધ્યાસન કરીને આત્મપ્રસન્નતા મળે એ રીતે સ્વરૂપાનંદથી ) તે બધાંને પ્રસન્ન કરીને એમના અરૂપી ( સ્વરૂપ ) રૂપને ઓળખી લઉં ( અનુભવ કરું. ) (૬)

ભર્યો બ્રહ્માંડસિન્ધુ આ, આપની કરુણા વડે;
ભવાબ્ધિ પાર પ્હોંચે જે, નામનૌકા પરે ચ્હડે. ૭

**ભાવાર્થ :**—હે સદ્‌ગુરો ! આ બ્રહ્માંડરૂપી મહાસાગર આપની કરુણાથી જ ભરપૂર છે, આપના નામસ્મરણની નૌકા ઉપર બેસીને જે કોઈ જાય તે ભવસાગરની પાર ( પરમતત્ત્વને ) પહોંચી જાય છે. (૭)

આપ છો શિષ્યના ત્રાતા, પિતા, માતા, સખા, સુહૃદ્;
શાસ્ત્રોની સાક્ષી એવી કે, તત્ત્વ પ્રત્યક્ષ છો બૃહદ્. ૮

**ભાવાર્થ :**—આપ શિષ્યના તારણહાર, પિતા, માતા, મિત્ર અને ( અંતર્યામી ) સુહૃદ્ છો અને શાસ્ત્રો તો અસંખ્ય પ્રમાણો આપી સાક્ષી પૂરે છે કે આપ જ પ્રત્યક્ષ સ્વરૂપે બૃહદ્ ( મહાન પરમ ) તત્ત્વ છો (૮)

માયાનાં માળખાં જેવાં, માનવી મોહમાં પડ્યાં;
વિષયી કીટ જેવાં એ, ભોગરોગમહીં સડ્યાં. ૯

**ભાવાર્થ:**—માયા (ની કારીગરીથી બનેલાં, ખાલી ખોખાં જેવાં, આત્મજ્ઞાન વગરનાં, હાડમાંસ)નાં માળખાં જેવાં મનુષ્યો મોહમાં પડેલાં છે, અને વિષયવિષ્ટામાં પડેલા કીડા જેવાં વિષયના ભોગ અને એમાંથી મળતા રોગમાં (જ્ઞાન વગર) સડયા કરે છે. (૯)

અસતે સત્ય માને ને, જડે ચૈતન્ય એ જુએ;<br>
દુઃખે આનન્દ માણે ને, મનુષ્યત્વ બધું ખુએ. ૧૦

**ભાવાર્થ:**—એ (બધાને એવું વિપરીત જ્ઞાન છે કે) અસત્ (અનિત્ય સંસાર)ને સત્ય (નિત્ય સાચો) માને છે, (અધિષ્ઠાન સ્વરૂપ બ્રહ્મ ન હોય તો સમસ્ત નામરૂપનો નાશ થાય એવું જે) જડ છે એને ચૈતન્ય (સ્વરૂપ) માને છે; (સંસાર સર્વત્ર) દુઃખરૂપ (હોવા છતાં બધા વિષયવ્યવહાર અને ભોગ)માં આનંદ સમજે છે અને એ રીતે મનુષ્યપણું (મનુષ્યજન્મમાં મળેલી બુદ્ધિ અને વિવેકજ્ઞાન) સમૂળું ખોઈ બેસે છે. (૧૦)

બુદ્ધિની બે દિશા વ્યાપી, અન્તરે બાહ્ય દેશમાં;<br>
અન્તરે શાન્તિની સત્તા, બાહ્ય દેશે વિડંબણા. ૧૧

**ભાવાર્થ:**—બુદ્ધિ (હમેશાં) બે દિશામાં ફેલાય છે; એક અંતર્મુખ (બનીને આત્મસ્વરૂપમાં) અને (બીજી) બહારના વિષયોની દિશામાં; અંતરમાં (ધ્યાનમગ્ન થવા ઊતરે તો) નિરન્તર શાન્તિનું અસ્તિત્વ જણાય છે, અને બહારના દૃશ્ય-ભોગમાં દોડે ત્યાં અસંખ્ય દુઃખ ભોગવે છે. (૧૧)

વિષયાકાર વૃત્તિમાં, ઇંદ્રિયો બાહ્ય દોડતી;<br>
વાસનામુક્ત થાતાં એ, અન્તરે ઊતરી જતી. ૧૨

ભાવાર્થ :—ચિત્તની વૃત્તિઓ જેવા અને જે જે વિષયનું સ્મરણ—ચિંતન કરે તેવા આકારની બનીને, એવા વિષયોની ફાંફમાં બહાર દોડયા કરે છે, પણ જો વિષયોની વાસનાથી મુક્ત થાય તો ( વૈરાગ્ય તથા ભક્તિને લીધે ) સહજ સ્વભાવે અંતરમાં —આત્મસ્વરૂપમાં નિમગ્ન થાય છે. (૧૨)

નિજાનન્દતણી ઝાંખી, સ્હેજે અન્તર્મુખે થતી;
વિવેકે સાર શોધે તો, પછી બાહ્ય નથી જતી. ૧૩

ભાવાર્થ :—( ધ્યાન-જ્ઞાન દ્વારા વાસનામુકત થવાથી ) સહજસ્વભાવે, સરલતાથી અન્તર્મુખ થતાં સ્વરૂપના આનન્દની ઝાંખી ( સ્વલ્પ અનુભવ ) થાય છે, ત્યાર પછી ( વિષયભોગનાં દુ:ખ અને આત્મચિંત્વનનો આનન્દ એ બેની તુલના કરીને ) વિવેક વડે સાર—ઉપદેશ શોધી શકે તો પછી ( વારંવાર એ મનોવૃત્તિ ) બહિર્મુખ બનીને વિષયોમાં જતી નથી. (૧૩)

અવિદ્યા વાધતાં વાધે, વાસનાનાં પટાન્તરો;
અન્ધકાર વધે જ્યાં ત્યાં, અશાન્તિ પાથરે સ્તરો. ૧૪

ભાવાર્થ :—(જીવાત્માને આત્મતત્ત્વનું જે અજ્ઞાન છે, એવી) અવિદ્યા જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ ( વિષયોની ) વાસનાનાં પડ ઉપર પડ જામતાં જાય છે. અજ્ઞાનરૂપી અન્ધકાર જ જ્યાં ત્યાં વધ્યા કરે છે અને પરિણામે અશાન્તિના થર જામે છે.(૧૪)

એક આ હર્ષ માયાનો, અન્ય આનન્દ અન્તરે;
હર્ષમાં શોકની છાયા, વિશુદ્ધાનન્દ છે ઉરે. ૧૫

**ભાવાર્થ :**—(જીવાત્માને બે જાતના અનુભવ થાય છે, બાહ્ય વિષયની પ્રાપ્તિ થતાં જે મનમાં) હર્ષ થાય છે એ માયાનો છે; ત્યારે અંતરમાં (ઈશ્વરચિંતન થાય ત્યારે) આનન્દ ઊભરાય છે. હર્ષની પાછળ જ શોક છાયાની પેઠે આવે છે, જ્યારે અંતરમાં તો પરમાત્માનો પવિત્ર આનન્દ હોય છે. (હર્ષ અને આનન્દનો આ ભેદ સમજવો જોઇએ.) (૧૫)

**એક જે રૂપમાં બુદ્ધિ, મમત્વે બન્ધ બાંધતી;**
**સ્વરૂપે ઊતરે ત્યાં તે, તત્ત્વથી તાર સાંધતી. ૧૬**

**ભાવાર્થ:**—એક બાજુ બુદ્ધિ રૂપ( ભિન્ન ભિન્ન પ્રકારનાં પાણીપ્રદાર્થના આકાર, જેમાં સગાંસંબંધી તથા મિત્રવર્ગનાં શરીર, ધનવૈભવ, વગેરેનો સમાવેશ થાય છે એ )માં મમતા કરીને પોતે પોતાની મેળે જ બન્ધન બાંધ્યા કરે છે, પણ જો સ્વરૂપ (સ્વ એટલે બધાં નામરૂપનું અધિષ્ઠાન બ્રહ્મ)માં પ્રવેશ કરે તો પરમ-તત્ત્વની સાથે એની ધારણાનું અનુસંધાન થાય છે. (૧૬)

**એક જે નામમાં ભ્રાન્તિ, શબ્દજાલ વણ્યા કરે;**
**ૐકારે જ્યાં વળે વાણી, અનામી શબ્દ ઊગરે. ૧૭**

**ભાવાર્થ :**—(રૂપના જેટલી જ આસક્તિ નામમાં થાય છે) અમુક જ નામમાં ભ્રાન્તિ થઈ ગઈ હોય (અમુક ભાષા અને શબ્દમાં જ બોલાયેલી શાસ્ત્રપદ્ધતિ જ સાચી છે એવી સમજણ હોય, અમુક નામ જ ભગવાનનું છે એમ લાગ્યા કરતું હોય) તો એથી શબ્દોના વાદવિવાદની જાળ વધતી જાય છે. (શાસ્ત્રચર્ચા અને તર્કવિતર્કની ભ્રાન્તિ વધે છે.) પણ (બધી શબ્દજાળ મૂકીને

સર્વમાન્ય એવા ) ૐ ( નાં જપ, ધ્યાન અને અનાહત નાદશ્રવણ)માં જે વાણી ( મૌન ) પાછી વળે તો જ્યાં નામ ( શબ્દ–ધ્વાન ) પણ નથી રહેતું એ અનામી ( મૌન ) સ્વરૂપ જ અદ્વૈતરૂપે શેષ રહે છે ( જેનો અનુભવ થાય છે. ) (૧૭)

એક જે વિષયે વૃત્તિ, દોડતી જ્યાં દસે દિશે;
વળે જો અન્તરે પાછી, તત્ત્વમાં લીન એ થશે. ૧૮

**ભાવાર્થ:**—ચિત્તવૃત્તિ દસે દિશામાં જૂની ટેવ ( અધ્યાસ )ને લીધે વિષયોની પ્રાપ્તિ માટે જ દોડયા કરે છે, ત્યાંથી જો પાછી વળીને અંતરમાં ( ધ્યાન વડે ) ઊતરે તો તરત જ આત્મતત્ત્વમાં લીન થવા માંડે છે. (૧૮)

વસ્તુમાં ભાવના બાંધી, દેશકાલ બધે ફરે;
ત્યાગી ચાંચલ્ય જો તત્ત્વે, ઠરે તો શાંતિસાગરે. ૧૯

**ભાવાર્થ :**—( પ્રત્યેક નામ રૂપવાળી ) વસ્તુમાં ( એ સત્ય છે એવી ) ભાવના બાંધીને ( એની પ્રાપ્તિ માટે ) સમસ્ત દેશ ( બધા લોકપરલોક ) કાલ ( ભૂત, ભાવી અને વર્તમાન )માં ( જીવાત્મા ભવોભવ ) ફર્યા કરે છે, પણ એ ચંચલતાનો ત્યાગ કરીને જો પરમતત્ત્વમાં ( ચિત્તને સ્થિર કરે ) સ્થિર થાય તો ત્યાં શાંતિનો મહાસાગર છે એવો અનુભવ થાય. (૧૯)

હું–હુંની દેહબુદ્ધિ એ, હું–મારું જગ ગોઠવે;
હું–તુંની જાલ ગૂંથાતાં, ફરે છે ભ્રાન્તિ ને ભવે. ૨૦

**ભાવાર્થ :**—હું એટલે આ આખું શરીર જ હું છું એવી

એ દેહબુદ્ધિ "આ હું" અને "આટલું મ્હારું" એવી રીતે પોતાનું (માનસિક મોહમમતાનું) જગત ગોઠવ્યા કરે છે. પછી આ "હું" અને આ "તું" એવી મારા તારાની જાળ ગૂંથાતાં ગૂંથાતાં એવી ભ્રમણામાં અને ભવ (જન્મ મરણરૂપ) સંસારમાં ફર્યાં (શરીર ધારણ કર્યાં) કરે છે. (૨૦)

સચ્ચિદાનન્દ શોધે સૌ, ભૂલીને ભિન્ન આત્મથી;
ઓળખે આપને આપે, અશાન્તિ તો કશી નથી. ૨૧

**ભાવાર્થ:**—(આવી મારાતારાની જાળ ગૂંથીને પ્રત્યેક જન્મે લોકલોકાન્તરમાં આ જીવાત્માઓ) પોતાના આત્મસ્વરૂપથી સચ્ચિદાનંદ જુદું છે એમ માનીને શોધ્યા કરે છે; પણ જો પોતે (આત્માથી) પોતાને (આત્મસ્વરૂપ સચ્ચિદાનંદ છું એમ) ઓળખીને અનુભવે, તો જરાએ અશાન્તિ રહે એમ નથી. (૨૧)

અનાદિ કાલથી પ્રાણી, પડયો સંસારસાગરે;
સદ્‌ગુરુપાદનૌકાના, આશ્રયે સહજે તરે. ૨૨

**ભાવાર્થ :**—(સૃષ્ટિના પ્રારંભથી એટલે કે) અનાદિ કાલથી મનુષ્યપ્રાણી આ સંસારસમુદ્રમાં આવી ચડયો છે, એમાં જો સદ્‌ગુરુની ચરણનૌકાનો આશ્રય મળે તો સહજ રીતે પાર ઊતરી શકે. (૨૨)

કોટિ કોટિ કરે કર્મો, આરાધે દેવતાગણ;
તો યે ના બન્ધ છૂટે તે, છોડે સદ્‌ગુરુ તત્ક્ષણ. ૨૩

**ભાવાર્થ :**—(આ સંસારબંધ છોડવા માટે) કરોડો કર્મો

કરી, દેવ દેવતાના સમૂહની આરાધના કરે, છતાં જે બંધ છૂટતા નથી, સદ્‌ગુરુદેવ ( શરણાગત થઈને સાધન કરતાં વેંત એ બંધ ) તરત જ તે છોડી નાખે છે. (૨૩)

તર્યા જે તરણી પામ્યા, સદ્‌ગુરુપાદપદ્મની;
શ્રદ્ધા, સંયમ, સેવા ને, ભકિત આત્મનિવેદિની. ૨૪

**ભાવાર્થ :**—( ભૂતકાલમાં ) જે સદ્‌ગુરુના ચરણકમળની નૌકા પામી શકયા તે ( ભવસાગરથી ) પાર ઊતરી ગયા એમાં ( શાસ્ત્ર અને ગુરુવાકયમાં ) શ્રદ્ધા, ( ઈંદ્રિય ) સંયમ, ( ગુરુ ) સેવા અને આત્મસમર્પણની ભકિત ( મુખ્ય સાધન છે.) (૨૪)

લખ્યાં શાસ્ત્રે સહસ્રો છે, પાત્રાનુસાર સાધનો;
સાધે સાધક શ્રદ્ધાથી, પામે પાર ભવાબ્ધિનો. ૨૫

**ભાવાર્થ:**—જેવું પાત્ર ( અધિકારવાળો જિજ્ઞાસુ ) હોય તે પ્રમાણે હજારો સાધન ( ઋષિ મુનિઓએ ) શાસ્ત્રોમાં લખેલાં છે; શ્રદ્ધાપૂર્વક જો સાધક એ પ્રમાણે સાધના કરે તો ભવસાગરની પાર તરી જાય. (૨૫)

નિત્યાનિત્ય વિવેકે એ, ઓળખી આત્મતત્ત્વને;
વૈરાગ્યે ચિત્ત રંગે તો, શીઘ્ર પામે સમત્વને. ૨૬

**ભાવાર્થ :**—સાધક નિત્ય અને અનિત્યનો વિવેક કરીને જો નિત્ય આત્મતત્ત્વને ઓળખે ( અનુભવે ) અને વૈરાગ્યના રંગથી ચિત્તને રંગી નાંખે તો સમત્વ ( આત્મા બધે સમરસ છે તે )ને બહુ શીઘ્રતાથી પામી શકે. (૨૬)

નમ્રતાપૂર્ણ સદ્ભાવે, ત્યજી માનાપમાનને;
અહંકાર વિસારીને, ભજે સદ્ગુરુજ્ઞાનને, ૨૭

**ભાવાર્થ :**—પૂરેપૂરા નમ્ર બનીને, સદ્ભાવ ( શ્રદ્ધા ) રાખીને, માન તથા અપમાનનો ત્યાગ કરીને અને ( પોતાનો ) અહંકાર ભૂલી જઈને જો સદ્ગુરુએ આપેલા જ્ઞાનનો ભક્તિપૂર્વક અંગીકાર કરે તો ( આત્મતત્ત્વનો અનુભવ શીઘ્રતાથી થાય. ) (૨૭)

અજાણ્યું થાય સૌ જાણ્યું અદષ્ટે દૃષ્ટિએ ચ્હડે;
ઓળખે આત્મને સ્હેજે, સદ્ગુરુદૃષ્ટિ જો પડે. ૨૮

**ભાવાર્થ :**—જો સદ્ગુરુની કૃપાદૃષ્ટિ એના ઉપર પડે ( કૃપાદૃષ્ટિનો સાચો લાભ મળે ) તો ( જે આત્મતત્ત્વ ) અજાણ્યું હતું તે બધાનું જ્ઞાન થઇ જાય; ( આત્મતત્ત્વ અદૃષ્ટ એટલે ) દર્શન ( અનુભવમાં આવે એમ નહોતું લાગતું ) વિહોણું હતું તેનું દર્શન ( અનુભવ ) થાય અને આત્મસ્વરૂપને સહજભાવે ( સરલતાથી ) ઓળખી શકે. (૨૮)

વેદોમાં, દર્શનોમાં ને પુરાણે તંત્રવાક્યમાં;
દૃષ્ટાન્તો ગુરુશિષ્યોનાં, આલેખ્યાં આમતેમ ત્યાં. ૨૯

**ભાવાર્થ :**—( એવાં સાધનથી અનુભવ કરનારા ) ગુરુ અને શિષ્યોનાં દૃષ્ટાન્તો વેદમાં, દર્શનશાસ્ત્રોમાં, પુરાણોમાં અને તંત્રગ્રંથોના વાક્યોમાં આમતેમ ( અસંખ્ય રીતે ) આલેખાયેલાં પડયાં છે. (૨૯)

આચાર્યે જ્ઞાન આપ્યું તે, ઝીલ્યું શિષ્યે સ્વબુદ્ધિથી;
અધિકારી બની લીધું, સેવા ને ચિત્તશુદ્ધિથી. ૩૦

**ભાવાર્થ:**—( શાસ્ત્રોમાં ઉલ્લેખ છે કે ) આચાર્ય ( ગુરુ )-દેવે જે ( આત્મસ્વરૂપનું ) જ્ઞાન આપ્યું તે શિષ્યે પોતાની ( શુદ્ધ અને સ્થિર ) બુદ્ધિથી ઝીલી લીધું અને તે ( વિવેક, વૈરાગ્ય તથા ) સેવા અને અંતઃકરણની શુદ્ધિથી મેળવ્યું છે. (૩૦)

પુરાપ્રાચીન ચાલી છે, યુગે યુગે પરમ્પરા;
ન્હોતી, આજ નથી ખાલી, દેખાતી આ વસુન્ધરા. ૩૧

**ભાવાર્થ :**—પ્રત્યેક યુગમાં આ ( ગુરુ )પરંપરા અત્યંત પ્રાચીનકાલથી ચાલી આવે છે, ( ભૂતકાલમાં ) નહોતી એમ નથી અને અત્યારે પણ કાંઇ પૃથ્વી એવા ( ગુરુથી ) ખાલી દેખાતી નથી. ( શિષ્યને માત્ર અધિકારી બનવાનો જ એમાં પ્રશ્ન છે.) (૩૧)

અન્તરે અગ્નિ જો વ્યાપે, સાચો વૈરાગ્યબોધનો;
સદ્‌ગુરુ શીઘ્ર તો લાધે, પામે શાસ્ત્રોક્ત સાધનો. ૩૨

**ભાવાર્થ :**—અંતઃકરણમાં જો વૈરાગ્ય અને જ્ઞાનનો ખરેખરો ( તીવ્ર ) અગ્નિ ( સંવેગ ) વ્યાપે તો સદ્‌ગુરુદર્શન ( પ્રાપ્તિ ) તરત જ થાય અને શાસ્ત્રમાં વર્ણવેલાં ( સાચાં ) સાધનો પણ મળી આવે. (૩૨)

નેત્રે નિર્મલતા આંજી, હૃદયે શુદ્ધિ પાથરી;
દૃષ્ટિ જો ફેરવે સાચી, તો આ પૃથ્વી પ્રભુભરી. ૩૩

**ભાવાર્થ :**—દૃષ્ટિમાં નિર્મલતાનું અંજન કરીને અને હૃદયમાં શુદ્ધિ પાથરીને જો સત્યશોધક દૃષ્ટિ ફેરવાય તો ખરે જ આ પૃથ્વી ઇશ્વરથી જ ભરપૂર છે ( એમ અનુભવ થાય. ) (૩૩)

સદ્‌ગુરુ સઘળે વ્યાપ્યા, શિષ્ય શોધ્યા ય ના જડે;
શિષ્ય જો શાસના શોધે, સદ્‌ગુરુ શીઘ્ર સાંપડે. ૩૪

**ભાવાર્થ**:—(અને તત્ત્વશોધનની જિજ્ઞાસા તથા એ પ્રમાણે ઉપર વર્ણવેલાં જ્ઞાનસાધન જીવનમાં ઉતાર્યાં હોય તો દૃષ્ટિની નિર્મલતા થતાં) સદ્‌ગુરુ બધે વ્યાપ્યા જણાય છે, (બધે જ ઈશ્વર છે એવો અનુભવ થાય) પણ (સાચી વાત એ છે કે સાધનસંપન્ન અધિકારી થયેલા) શિષ્ય તો ક્યાંય શોધ્યાય જડતા નથી. શિષ્ય સદ્‌ગુરુની શાસના (આજ્ઞાધીન ભાવ) શોધે (સ્વીકાર કરે) તો સદ્‌ગુરુ તરત જ પ્રાપ્ત થાય છે. (એટલે કે કોણ સદ્‌ગુરુને પાત્ર છે એનો વિવેક સાંપડે છે.) (૩૪)

ધનનો, તનનો, તેવો, મનનો મદ છોડવો;
સ્વકર્તવ્યપણું ત્યાગી, વૃત્તિને તાર જોડવો. ૩૫

**ભાવાર્થ**:—(એ માટે) ધન (વૈભવ)નો, શરીર (ના ગુણ-રૂપ)નો, તેમ જ મન (અંતકરણના માનઅપમાન)નો અહંકાર છોડવો જોઇએ, હું આમ કરીશ (હું કરું છું એ યોગ્ય છે અને ગુરુનાં આજ્ઞા–સૂચના ઠીક નથી) એવો પોતાના કર્તાપણાનો ત્યાગ કરીને, સદ્‌ગુરુના આત્માનુસંધાન સાથે પોતાની ચિત્તવૃત્તિનો તાર જોડી દેવો જોઇએ. (ગુરુની બ્રહ્મદષ્ટિની સાથે તાદાત્મ્ય થવાથી શિષ્ય પણ બ્રહ્મદર્શી બને છે.) (૩૫)

'હું' ને 'મારું' બધું છોડી, 'તુ'ને તારું સ્વીકારવું;
ગુરુશબ્દે વિના તર્કે, આજ્ઞાકારી બની જવું. ૩૬

**ભાવાર્થ**:—(પોતાનું) હું-પણું અને મારાપણું (મારી

વિદ્યા, મારી આવડત, મારી સમજણુ એ) બધું છોડી દઈને (હે ગુરુદેવ!) તું (જ સત્ય છે) અને તારાં (અનુભવ તથા જ્ઞાન સત્ય છે એમ સમજીને ગુરુના શબ્દ–આજ્ઞા કરે તે)નો કોઇપણુ જાતના તર્ક (વિતર્ક–દલીલો) વિના આજ્ઞાધીન બનીને સ્વીકાર કરી લેવો. (આજ્ઞાધીન શિષ્ય-સેવક બનીને રહેવું જેથી શાસ્ત્રના રહસ્યનો અને તત્ત્વવિદ્‌ની જીવનમુક્તિનો ભેદ અનુભવમાં આવે.) (૩૬)

વિવાદે સત્ય ના લાધે, ના લાધે શુષ્ક તર્કથી;
ના લાધે સંશયાત્માને, કોટિ જન્મો મરે મથી. ૩૭

**ભાવાર્થ**:—(પરમતત્ત્વ બુદ્ધિથી પર હોવાથી) વિવાદ કર્યા કરવાથી એ સત્ય (તત્ત્વ) મેળવાતું નથી. તેમ જ (સાધન પ્રમાણે સાધના કર્યા વિના કેવલ) શુષ્ક તર્ક (વિતર્ક) કરવાથી પણુ એ મળતું નથી. (અંતઃકરણમાં વારંવાર) સંશય (શંકા) રાખનારને પણુ અનુભવ થતો નથી, ભલેને કરોડો જન્મો (એ પ્રમાણે વાદવિવાદ, તર્કવિતર્ક કે શંકાકુશંકા કરીને) મથી મથીને મરે. (જન્મજન્માન્તર પામ્યા કરે.) (૩૭)

ના લાધે શાસ્ત્ર ગોખીને, પંડિતાઈ વધારતાં;
શબ્દજાલે ન એ સાંધ્યું, ના બાંધ્યું ધ્યાન ધારતાં. ૩૮

**ભાવાર્થ**:—(યુક્તિનાં કે સાધન વિષેનાં) શાસ્ત્રો ગોખીને કંઠસ્થ કરવાથી કે વિદ્વત્તા વધારવાથી એ તત્ત્વ મળતું નથી. (વાદવિવાદ કે ચર્ચાની) શબ્દજાલમાં એ કોઇ રીતે (તાણાવાણા રૂપે) સંધાયેલું નથી (સંબંધવાળું નથી). તેમ જ ધ્યાન અને

ધારણાથી (ધ્યેયમાં ચિત્તનું અનુસંધાન કરી રાખવાથી પણ) એ બાંધી લેવાતું નથી. (કારણ કે એ ચિત્તના ક્ષણિક-નિરોધનો નહિ, પણ બાહ્યદૃષ્ટિથી વ્યાપકતાની ભાવનાવાળા અનુભવનો વિષય છે.) (૩૮)

જે સાધે શબ્દ શાસ્ત્રોના, સદ્‌ગુરુવચનો વડે;
વિચારે તત્ત્વ સિદ્ધાન્તે, તેને તત્ત્વ ખરું જડે. ૩૯

**ભાવાર્થ**:—(પરંતુ) જે (સાધક-મુમુક્ષુ) સદ્‌ગુરુના વચન ઉપર શ્રદ્ધા રાખીને શાસ્ત્રોના શબ્દ પ્રમાણે સાધના કરે, તથા તત્ત્વનો સિદ્ધાન્ત (હું બ્રહ્મ જ છું એ) પ્રમાણે વિચાર કરે તે (શિષ્ય)ને સાચું તત્ત્વ મળે છે. (એના અનુભવમાં ઊતરે છે.) (૩૯)

સદ્‌ગુરુદૃષ્ટિએ દૃષ્ટિ સદ્‌ગુરુબોધ બુદ્ધિ ને;
મેળવે વૃત્તિમાં વૃત્તિ, કરે સન્ધાન જે ક્ષણે. ૪૦

**ભાવાર્થ**:—સદ્‌ગુરુની (જે બ્રહ્મ) દૃષ્ટિ હોય તેની સાથે તેવી જ દૃષ્ટિ કેળવે, સદ્‌ગુરુનું (જે) આત્મજ્ઞાન હોય તેવું જ જ્ઞાન રાખીને, સદ્‌ગુરુની (આત્માકાર) વૃત્તિની સાથે પોતાની વૃત્તિની એકવાક્યતા કરે, તો તે જ ક્ષણે (અનુભવ થાય છે.) (૪૦)

વાગ્યું તીર પડ્યું લક્ષ્યે, એકાકાર અનુભવ્યું;
કૃતકૃતાર્થ થયો પ્રાણી, અજાણ્યું જાણ્યું સૌ થયું. ૪૧

**ભાવાર્થ**:—(સદ્‌ગુરુના આત્માનુભવની દૃષ્ટિની સાથે શ્રદ્ધાથી એ જ પ્રમાણે દૃષ્ટિ કરવાથી) જેમ (બાણમાંથી) તીર છૂટીને લક્ષ્યમાં પ્હોંચી જાય, તેવી રીતે (સદ્‌ગુરુના ઉપદેશથી બધે)

એક બ્રહ્માકાર વૃત્તિનો જ અનુભવ થાય છે. જે મેળવવાનું હતું તે મળી ચૂક્યું એવી રીતે મનુષ્યપ્રાણી કૃતકૃતાર્થ (કરવાનું કરી ચૂક્યો એમ) થાય છે. પરમ તત્ત્વ અજાણ્યું હતું તે જાણેલું બને છે (અનુભવમાં આવ્યું એમ લાગે છે.) (૪૧)

બ્રહ્માથી કીટ પર્યન્તે, શક્તિ સર્વત્ર જે ભરી;
એ જ એ બ્રહ્મશક્તિ તું, ગુરુદેવથી લે વરી. ૪૨

**ભાવાર્થ**:—(સૃષ્ટિકર્તા) બ્રહ્માથી માંડીને (ક્ષુદ્ર) કીડા સુધી જે (જ્ઞાન) શક્તિ સર્વત્ર ભરી પડી છે, એજ બ્રહ્મ (જ્ઞાન) શક્તિ (હે શિષ્ય!) તું તારા ગુરુદેવ પાસેથી (ભક્તિ અને સેવાથી એમને પ્રસન્ન કરીને એમના વણમાગ્યા આશીર્વાદથી) વરી (મેળવી) લે. (૪૨)

સદ્‌ગુરુવચને તારી, કાર્યસિદ્ધિ બધી થશે;
ક્‌હેણીથી કરણી ગૂંથ્યે, દોષદુગ્ધા વિરામશે. ૪૩

**ભાવાર્થ**—સદ્‌ગુરુના (અનુભવસિદ્ધ વચનમાં તું વિશ્વાસ રાખીશ તો એ) વચનથી તારી (આત્મજ્ઞાનરૂપ) સંપૂર્ણ કાર્યસિદ્ધિ થશે. એમની ક્‌હેણી (આજ્ઞાવચન)થી તારી કરણી (જીવનની શાસ્ત્રોક્ત સાધનવાળી રહેણીકરણી—વ્યવહાર) જો રાખીશ તો તારા બધા દોષ (જીવનો અલ્પભાવ, પામરતા, દ્વૈતાભાસ) અને દુગ્ધા (ઉપાધિ) શાંત થશે. (૪૩)

શાસ્ત્રે જે મહિમા ગાયો, સન્તોનો મુક્ત કંઠથી;
સહસ્રાવધિ એથી યે, મહત્તા ગુરુદેવની. ૪૪

**ભાવાર્થ** :—શાસ્ત્રોએ ( મુકતકંઠે તત્ત્વવિદ્-બ્રહ્મનિષ્ઠ ) સન્તોનો જે મહિમા ગાયો ( પ્રશંસાથી વર્ણવ્યો ) છે, એ ( મહિમાથી ) હજારો ગણી મહત્તા ( એ બધા અનુભવીઓમાંથી તારા સ્વભાવ અનુકૂળ જેને તેં ગુરુદેવ માન્યા છે, એ ) શ્રીગુરુદેવની છે. (૪૪)

અનેરાં વર્તને સન્તો, પ્રકૃતિ ભાત પાડતા;
સદ્‌ગુરુ એક એ સૌમાં, તત્ત્વસન્ધિ દીપાવતા ૪૫

**ભાવાર્થ** :—( આ પૃથ્વીના પટ ઉપર, ભારતવર્ષમાં ) સન્ત-પુરુષો પોતપોતાના ( પ્રારબ્ધપ્રાપ્ત સ્વભાવ પ્રમાણે ) વર્તન દ્વારા પ્રકૃતિમાં ( અનેરી—જુદા જ પ્રકારની—દિવ્યસ્વભાવવાળી ) ભાત પાડે છે. પણ સદ્‌ગુરુ તો એ બધા સન્તોમાં ( માળાના સૂત્રની જેમ અનુસ્યુત--ઓતપોત પરમ તત્ત્વ છે; ) એક તત્ત્વ-સ્વરૂપે જ છે ( અર્થાત્ એ બધામાં તને જે પ્રકૃતિભેદ દેખાય છે, એ પણ સદ્‌ગુરુમાં નથી. સદ્‌ગુરુ તો સર્વવ્યાપક અધિષ્ઠાન રૂપે સગુણ—નિર્ગુણ બ્રહ્મસ્વરૂપ છે. ) (૪૫)

સન્તોની વ્યકત લીલામાં, શ્રીહરિ દષ્ટિએ પડે;
સદ્‌ગુરુ હરિસન્તોમાં,સાક્ષાત્ તત્ત્વરૂપે જડે. ૪૬

**ભાવાર્થ** :—સન્તોનાં ( નામરૂપાત્મક શરીરોની ) લીલા ( ચારિત્ર )માં ( પોતપોતાના સ્વભાવભેદને લીધે જે ત્રિગુણાત્મક ભેદ પડે છે ત્યાં ) શ્રીપરમાત્મા સગુણરૂપે દષ્ટિગોચર થાય છે, અને શ્રીપરમાત્મા તથા સન્તો ( ની તુલના )માં સદ્‌ગુરુ ( સગુણ-રૂપે ઈશ્વર અને નિર્ગુણ સ્વરૂપે ) સાક્ષાત્ તત્ત્વ ( બ્રહ્મ ) રૂપે પ્રાપ્ત થાય છે, ( સંત, ઈશ્વર અને સદ્‌ગુરુમાં આવો સૂક્ષ્મભેદ

છે. સન્તો તટસ્થરૂપે શાસ્ત્રોપદેશ આપે છે; ઈશ્વર તટસ્થરૂપે ઉપાસનાનું ચિત્તનિરોધરૂપ ફલ આપે છે, પણ શ્રોત્રિય-બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ આત્મસાક્ષાત્કાર કરાવીને બ્રહ્માનંદના ભોકતા બનાવે છે; જીવન્મુકિતનો વિલક્ષણ આનંદ અપાવીને શિષ્યને પોતાના જેવો જ સમકક્ષ બનાવે છે. ) (૪૬)

**ચિત્તેચિત્તે પૃથક્ ચિહ્નો, પિંડે પિંડે પૃથક્ કૃતિ;**
**લક્ષણો બાહ્ય જોતાં તો, લક્ષ્યમાં જાય ના મતિ. ૪૭**

**ભાવાર્થ** :—( સમસ્ત બ્રહ્માંડમાં ત્રિગુણાત્મક ભેદ છે તેથી ) પ્રત્યેક ( મનુષ્યના પ્રાકૃત સ્વભાવ પ્રમાણે ) ચિત્તનાં જુદાં જુદાં લક્ષણો હોય છે; કારણ કે પ્રત્યેક પિંડ ( શરીર )ની રચના જુદી જુદી છે. ( સદ્ગુરુની શોધ કરતાં જો ) એમનાં બાહ્ય લક્ષણો જ જોયા કરીએ, તો લક્ષ્ય ( સ્વરૂપ પરબ્રહ્મ )માં બુદ્ધિ ( સ્થિર ) થતી નથી. ( તાત્પર્ય કે દેહનાં લક્ષણ ત્રણ ગુણવાળાં છે. ચિત્તની વૃત્તિઓ પૂર્વસંસ્કાર પ્રમાણે વર્તે છે, એટલે જો દેહધારી છતાં વિદેહ જેવા બ્રહ્મવિદ્ ગુરુનાં દેહસ્વભાવ પ્રમાણે લક્ષણ જોયા કરીએ, તો એમનામાં બ્રહ્મબુદ્ધિ ઊપજે જ નહિ. ) (૪૭)

**વર્ણે કે આશ્રમે, લિંગ, વયે, સદ્ગુરુ બદ્ધ ના;**
**મુકત એ બાહ્ય ચેષ્ટાથી, સાક્ષાત્ એ તત્વ સિદ્ધ જ્યાં. ૪૮**

**ભાવાર્થ** :—**સદ્ગુરુ** (ની વ્યાખ્યા કરવા બેસીએ તો કહેવું જોઈએ કે એ ) અમુક વર્ણ, આશ્રમ, કે ( સ્ત્રી પુરુષના ) લિંગ કે ( શરીરની ) વયના બંધન ( નિયમ )માં આવી શકે એમ નથી. કારણ કે એ પોતે ( સ્વરૂપનિષ્ઠ હોવાથી ) બાહ્ય ક્રિયાઓથી મુકત હોય છે. ( કર્તા છતાં અકર્તા; ભોકતા છતાં અભોકતા;

દેહધારી છતાં દેહમુકત ) જ્યાં ( જે ચિત્તમાં પરમ ) તત્ત્વ સિદ્ધ થઈ શકતું હોય ( દર્શન થઇ શકતું હોય ) ત્યાં એ ( માનવદેહધારી તરીકે ) ઓળખાય છે. (૪૮)

ભેદ ના તત્વમાં કિંચિત, ભેદ સૌ પ્રકૃતિલખ્યો;
સેવ્યા સદ્‌ગુરુ જે શિષ્યે, એણે એ ભેદ ઓળખ્યો. ૪૯

**ભાવાર્થ** :—( વાસ્તવિક દૃષ્ટિએ જોતાં ) પરમ તત્ત્વ (બ્રહ્મ) માં લેશમાત્ર પણ ભેદ ( નાનાત્વ ) નથી; બધા ભેદ તો ( ત્રિગુણાત્મક, પાંચ તત્ત્વોની ) નામરૂપ પ્રપંચવાળી ) પ્રકૃતિમાં છે. જે શિષ્યે ( બ્રહ્મનિષ્ઠ ) સદ્‌ગુરુની સેવા કરી છે, ( સાધનસંપન્ન થઇને આત્મસાક્ષાત્કાર કર્યો છે ) એણે આ રહસ્ય જાણી લીધું હોય છે. ( શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુની ઉપાસના વડે આત્માનુભવ કર્યો હોય એવા અસંખ્ય જીવન્મુકતો પૂર્વકાલમાં થઇ ગયા છે. (૪૯)

ભેદ તો નકલે વ્યાપ્યો, અસલે એકમેક છે;
મૂલ છે અસલી પોતે, તૂલે એ નકલી બધે. ૫૦

**ભાવાર્થ** :—( ત્યારે એ ભેદ વિષે વિચાર કરતાં જણાય છે કે ) જે અસલ–મૂલ ( અભેદ સ્વરૂપ ) છે એમાં તો એકમેક જેવું છે, બધો ભેદ ( વ્યવહાર ) નકલ ( એટલે ચૈતન્યના આભાસ )માં છે. મૂલ તો પોતે પોતાના અસલ સ્વરૂપમાં છે, અને ( નામરૂપ-વાળા પ્રપંચના વ્યવહાર રૂપ (તૂલ ) મૂલમાંથી વૃક્ષ ઉત્પન્ન થઈ એમાં જે ફાલ આવે તે તૂલ કહેવાય છે, તેમ મૂલ પરમતત્ત્વના વિવર્તમાંથી નામરૂપના વિસ્તાર જેવાં અસંખ્ય પ્રાણીપદાર્થો વ્યકતરૂપમાં જણાય છે તે બધા ફાલ જેવાં છે જેથી એ તૂલ

કહેવાય છે. )માં સર્વત્ર ( પ્રત્યેક નામરૂપમાં ) એ પોતાની નકલ કર્યા કરે છે ( મૂલ સ્વરૂપનો ત્યાગ કર્યા વિના વેષધારી નટની પેઠે જુદા જુદા વેષ ધારણ કરે છે. ) (૫૦)

મૂલમાં તૂલ ના શોભે, મૂલ તું તત્વ શબ્દમાં;
રહસ્યો મૂલનાં એ તો, તૂલમાં નથી આવતાં. ૫૧

ભાવાર્થ :—મૂલ ( બ્રહ્મ )માં તૂલ ( ફલફૂલરૂપ નામરૂપવાળાં પ્રાણીપદાર્થો )ની જરાએ શોભા ( વિકાસ-વિલાસ) નથી. (શાસ્ત્રોના શબ્દોમાં તો તું પોતે મૂલ પરમતત્ત્વ છે. મૂલનાં જે રહસ્યો છે તે તૂલમાં દેખાતાં નથી. ( મૂલરૂપ બીજમાં વૃક્ષના આકાર, શાખા, પાંદડાં, ફૂલ કે ફલ દેખાતાં નથી. ) (૫૧)

મૂલ સદ્‌ગુરુ છે પોતે, તૂલે છે કરણી બધી;
અવિદ્યા તૂલ છે કાયા, મૂલ બ્રહ્મશિરોમણિ. ૫૨

ભાવાર્થ :—સદ્‌ગુરુ પોતે ( સ્વરૂપે ) મૂલ ( તત્ત્વસ્વરૂપ ) છે, એમની ( શરીરની ક્રિયા ) કરણી બધી તૂલ છે. આ શરીર તો તૂલ ( આત્માના અજ્ઞાન ) જેવી અવિદ્યા ( રૂપ ) છે. મૂલ તો બ્રહ્મશિરોમણિ છે. (૫૨)

કહે જે તે કરજે ત્યાં તું, કરે તે કરતો નહીં;
સદ્‌ગુરુકહેણીએ તારી, કરણી ઘડવી રહી. ૫૩

ભાવાર્થ :—( સદ્‌ગુરુના સાન્નિધ્યમાં તું રહે ત્યાં ) એ જે તને કહે તેટલું જ કરજે, એ જેમ રહેતા કરતા હોય તેમ તારે ( નકલ કરીને ) રહેવા કરવાનું નથી. ( કારણ કે તમારા બન્નેનાં

શરીર જુદાં જુદાં છે એટલે તને તારા સ્વભાવ પ્રમાણે જીવન ઘડવાનું ફહેશે; એ પોતે એ જ રીતે કોઈ બ્રહ્મવિદ્‌ના શરણમાં રહ્યા હશે; અને એમના શરીરસ્વભાવ પ્રમાણે એમની રહેણીકરણી ચાલતી હશે.) તારે તારી રહેણીકરણી સદ્‌ગુરુના ઉપદેશથી ઘડવાની છે; (એમના જીવનવ્યવહારની નકલ–અનુકરણ કરીને નહિ.) (૫૩)

સદ્‌ગુરુ કર્મ ના બાંધે, ના બાંધે વૃત્તિબન્ધનો;
દેહવૈચિત્ર્યલીલા તો, શિષ્યશિક્ષાર્થ સાધનો. ૫૪

**ભાવાર્થ**:—(બ્રહ્મ અભેદ, અદ્વૈત અને નિર્ગુણ હોવાથી એમાં ભેદપ્રપંચના જેવાં નામરૂપ નથી, તેવી જ રીતે જીવન્મુક્ત બ્રહ્મવિદ્ બ્રહ્મસ્વરૂપ જ હોવાથી એવા) સદ્‌ગુરુ (દેહદષ્ટિથી કર્તા હોવા છતાં જીવન્મુક્ત હોઇ) કર્મથી બંધાતા નથી. તેમના અંતઃકરણમાં વૃત્તિવ્યવહાર થાય છે પણ એનાં બંધનો એમને લાગતાં નથી; શરીરની (ત્રિગુણાત્મક) લીલા (કૃતિ ગતિ સ્વરૂપ)માં જણાતી વિચિત્રતા તો શિષ્ય (સાથે રહીને દેહી અને દેહ; આત્મા અને અનાત્મા જેવા બધા ભેદ મિથ્યા હોવા છતાં એ દ્વારા જે જ્ઞાન મળે છે, એ જ્ઞાન)ના શિક્ષણને માટે સાધન છે (એમના જીવન્તકાલના વ્યવહારમાંથી એમની બ્રહ્મમય મનોવૃત્તિ અને વર્તનનું રહસ્ય સમજવાનું છે.) (૫૪)

ગુણોમાં વૃત્તિ તેં ગૂંથી, દષ્ટિમાં રૂપ છે ભર્યું;
ક્રિયામાં બુદ્ધિ રૂંધી તેં, તેથી નામ ગુરુ ધર્યું. ૫૫

**ભાવાર્થ**:—(તને નામરૂપ સત્ય લાગે છે એનું કારણ એ છે કે) તેં તારી વૃત્તિને ત્રણ ગુણોમાં ગૂંથી રાખી છે (ગૂંચવી

નાંખી છે ) અને તારી દષ્ટિમાં રૂપ ( આકાર ) ભર્યું છે. ( ગુણનો આદ્યઅક્ષર "ગુ" અને રૂપનો આદ્યઅક્ષર "રૂ"—એ બન્નેનું અનુસંધાન કરવાથી "ગુરુ" નામ બની શકે છે એવો સંકેત છે. ) કર્મમાં તારી બુદ્ધિ રૂંધાઇ ગઈ છે તેથી જ એ બ્રહ્મવિદ્ આચાર્યનું "ગુરુ" એવું નામ પડ્યું છે. (૫૫)

ગુણ શું એમના ગાવા? ગુણે તત્ત્વ ગુણાય ના;
કર્મ શું ગુરુનાં જોવાં, ફ્લાસક્તિ જરાય ના. ૫૬

ભાવાર્થ—એમના ( સદ્ )ગુણનાં કેટલાં વર્ણન કરીએ? કારણ કે ગુણનાં વર્ણન કરવાથી ( ગુણગાનથી સદ્‌ગુણોની સંખ્યા વધે પણ ) એ તત્ત્વ ( સ્વરૂપ ગુરુદેવ )ના બ્રહ્મભાવમાં વધઘટ થતી નથી. અને ગુરુનાં કર્મ પણ કઈ રીતે તપાસી જોવાં? કારણ કે ( કર્તા છતાં અકર્તા રહે એવા ગુરુની ) કર્મફ્લમાં જરાએ આસક્તિ ( મોહ ) જ હોતી નથી. (૫૬)

દેહ ક્યાં એમનો જોવો, નથી એ કદી અન્યથા;
દેહે એ દીપતા તો યે, દિક્કાલાતીત સર્વથા. ૫૭

ભાવાર્થ:—એમના શરીર તરફ ક્યાં ( શા માટે ) દષ્ટિ કરવી? કારણ કે એ પોતે તો બ્રહ્માકાર વૃત્તિમાંથી ચલિત થતા જ નથી. (અન્યથા ગ્રહણ એટલે સ્વરૂપથી ચલિત થઇને દેહભાવ ગ્રહણ કરવો તે; વિપરીત ભાવના એમનામાં નથી.) શરીરરૂપે એ શોભી રહ્યા છે ખરા પણ સ્વરૂપે તો દેશકાલથી સદાસર્વથા પર છે. (૫૭)

દેહનાં ધર્મકર્મો સૌ, ત્રિગુણે સામટાં ઢળે;
કદી ના સત્વ એકાકી, કોઈના વર્તને મળે. ૫૮

**ભાવાર્થ:**—શરીર ( ઇંદ્રિય તથા અંતકરણ)ના ધર્મ તથા ( એ દ્વારા થતાં ) બધાં કર્મો જોવા જઇએ તો બધાનો ત્રણ ગુણમાં જ સામટો સમાવેશ થાય છે ( કે જે વિકારી અને અનિત્ય છે. ) અને દેહવ્યવહારમાં એકલા સત્ત્વગુણને જોવાની જ જો ઈચ્છા રાખીએ તો ( કોઇના પણ જીવનવર્તનમાં એકલો સત્ત્વગુણ તો દેખાઇ જ શકે નહિ. (૫૮)

શું જોશો લક્ષણો લક્ષ્યે, જ્યાં કાયા ત્યાં ત્રણે ગુણો;
બ્રહ્મવિદ્ બ્રહ્મ છે સાક્ષાત્ સદ્ગુરુલક્ષ્ય એ સુણો. ૫૯

**ભાવાર્થ:**—તમે તમારા લક્ષ્ય ( સ્વરૂપ આત્મા )માં લક્ષણો કઇ રીતે જોઇ શકશો ? અને જયાં જયાં શરીર છે ત્યાં ત્યાં ત્રણેય ગુણોની સત્તા છે. ( એકલો સત્વગુણ તો કોઇ નામરૂપમાં હોઈ શકે જ નહિ ) એ બ્રહ્મવિદ્ તો ( હું બ્રહ્મ છું એવી બ્રહ્માકાર વૃત્તિમાં રહેતો હોવાથી ) સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ જ છે. સદ્ગુરુનું લક્ષ્ય પણ એ ( બ્રહ્મભાવ ) જ છે. (૫૯)

શિષ્યે તો ગુણ ભૂલીને, નિર્ગુણે લક્ષ્ય વાળવું;
દેહલીલા મહીં જ્યાં ત્યાં, દેહાતીત નિહાળવું. ૬૦

**ભાવાર્થ:**—શિષ્યનો તો એ જ ધર્મ છે કે ગુણમયી દેહદષ્ટિ ભૂલીને નિર્ગુણ સ્વરૂપમાં લક્ષ્યને વાળવાનું છે. શરીરની વ્યવહારલીલા ( જે કાંઇ વૃત્તિ, વિચાર કે ગુણકર્મ દેખાતાં હોય તે )માં બધે દેહથી પર એવું પરમતત્વનું દર્શન કરવું. (૬૦)

પરીક્ષા એ જ છે મોટી, બ્રહ્મવિદ્ બ્રહ્મનિષ્ઠની;
સગુણી દશ્યમાં ગૂંથે, દષ્ટિ નિર્ગુણદાયિની. ૬૧

ભાવાર્થ:—બ્રહ્મવિદ્ અને બ્રહ્મનિષ્ઠની એ જ સૌથી મોટી પરીક્ષા છે કે બધાં સગુણ દશ્યોમાં નિર્ગુણ બ્રહ્મદષ્ટિ કરવાનું જ એ શીખવે છે. (૬૧)

રાજસી પ્રાણના ધર્મો, ક્રિયાશીલ રહે સદા;
તામસી સ્થિરતા જાડયે, સત્ત્વ અંતરમાં વહે. ૬૨

ભાવાર્થ:—(સમસ્ત બ્રહ્માંડમાં ચાલતી પ્રપંચરચનાની ત્રિગુણાત્મક સમવિષમ સ્થિતિમાં, નામરૂપ તરીકે વ્યકત બનીને પ્રકૃતિ લીલા કર્યા કરે છે. ત્યાં) શરીરમાં રજોગુણી પ્રાણના ધર્મો છે તેથી એ હંમેશાં કર્મપરાયણ રહે છે. (એ રજોગુણ મૃત્યુ પર્યન્ત ચાલુ રહેવાથી કર્મ પણ થયા જ કરવાનાં.) જે જડ દેહ છે (અન્નમય કોષનાં હાડકાં, માંસ, ચામડી, વગેરે જે જડ પદાર્થો છે), એ બધા જડ (પ્રાણના ચલાવ્યા ચાલે તેવા) હોઈ એમાં તમોગુણી સ્થિરતા છે, (એ તમોગુણનું કાર્ય પણ શરીરના અન્ત સુધી રહેવાનું જ છે. આવી સૃષ્ટિરચના હોવાથી પ્રાણને લીધે થતાં શ્વાસોચ્છ્વાસથી માંડીને હલનચલનરૂપ બધાં કર્મો અને એના દ્વારા ચંચલ થતાં સ્થૂલ શરીરનાં અંગો, એ બન્નેમાં સત્વગુણનાં દર્શન થઇ શકે એમ જ નથી. ત્યારે સત્વગુણ જોવા કયાં? મનુષ્ય સત્વગુણી છે એનાં લક્ષણ કયાં અને કઈ રીતે જોવાં?) સત્વગુણ તો કેવલ અંતઃકરણમાં રહે છે (કારણ કે એની રચના જ સત્વગુણની છે. અભય, સત્વસંશુદ્ધિ વગેરે દૈવીસંપદ્‌ના ગુણોનું દર્શન તો મનુષ્યનું અંતઃકરણ તપાસી જોવાથી થાય છે.) (૬૨)

ભૂલજે જાડ્યકર્મો તું, ભૂલજે રાજસી ગતિ;
નિહાળી સત્ત્વમાં સૂક્ષ્મે, સ્થાપજે તત્ત્વમાં મતિ. ૬૨

**ભાવાર્થ:**—માટે હે શિષ્ય ! તું એ જડ શરીરનાં કર્મો તથા રજોગુણરૂપ ( પ્રાણ દ્વારા થતી ) ગતિને ભૂલીને સૂક્ષ્મ અંતકરણમાં સત્વગુણ જોતાં શીખજે અને પછી એ ( બ્રહ્મવિદ્‌ના બ્રહ્મભાવમાં ) તારી બુદ્ધિની સ્થાપના–પ્રતિષ્ઠા કરજે. ( બુદ્ધિને એમાં પરોવી રાખજે. (૬૩)

અન્તરે દૃષ્ટિ સેવે તો, સત્વે તત્ત્વ મળે બધું;
ભૂલ્યો જે બાહ્ય દૃષ્ટિથી, આદ્યપર્યન્ત સામટું. ૬૪

**ભાવાર્થ :**—તું જો અંતઃકરણમાં દૃષ્ટિ રાખે ( અન્તર્મુખ બનીને સદ્‌ગુરુના હૃદયમાં પ્રવેશ કરીને એમના ભાવ તપાસી શકે ) તો અંતઃકરણ ( સત્ત્વ )માં તને તત્ત્વ ( -જ્ઞાન ) સંપૂર્ણપણે મળી જાય. પણ જો બાહ્ય ( બહિર્મુખ ) દૃષ્ટિ રાખવાની ભૂલ કરીશ, તો અત્યાર સુધી જે ( સાધન – ભજન ) કર્યું હશે તે સઘળું નાશ પામશે, ( તારી પોતાની દેહદૃષ્ટિ, ગુણદૃષ્ટિ, કર્મદૃષ્ટિ જ તને સ્વરૂપસાક્ષાત્કારમાં બાધક નીવડશે. ) (૬૪)

બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવે, ગૂંથતી ગુણ પ્રકૃતિ;
એ સૌ ગુણ ગુમાવે ત્યાં, સદ્‌ગુરુદેવની સ્થિતિ. ૬૫

**ભાવાર્થ :**—( નિર્ગુણ બ્રહ્મ પોતાની અનિર્વચનીય માયાના આશ્રયથી ગુણમય સંસારનો આવિર્ભાવ કરે છે એમ મનાય છે ત્યારે એ ) પ્રકૃતિ ( રજુગુણરૂપ સર્જનહાર ) બ્રહ્મા, (સત્ત્વગુણરૂપ સંરક્ષક ) વિષ્ણુ અને ( સંસારના કારણરૂપ અજ્ઞાનના સંહારક ) મહાદેવ એવી સંજ્ઞાથી ગુણનો વણાટ કર્યા કરે છે. પણ જ્યાં એ બધા ગુણ નિર્મૂળ થાય, ત્યાં સદ્‌ગુરુદેવની પ્રતિષ્ઠા છે. ( કારણ

કે એ બ્રહ્મવિદ્ હોઇ નિર્ગુણ બ્રહ્મસ્વરૂપ પણ છે; બ્રહ્મ પોતે વિવર્તભાવે સંસારરૂપે અવિર્ભાવ પામવા છતાં, મૂલમાં તો નિર્ગુણ જ રહે છે; એમાં પરિણામ કે વિકાર થતાં નથી. અને એ જ બ્રહ્મભાવ સદ્ગુરુની ચિત્તવૃત્તિનો હોઇ એમાં બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવના સ્વરૂપની ગુણમય દૃષ્ટિ કરવી પણ વ્યર્થ છે.) (૬૫)

આરાધે દેવદેવી કો, સાધે કો પ્રાણસાધના;
કર્મ નિષ્કામમાં કોઇ, શોધે ચિત્તની વાસના. ૬૬

**ભાવાર્થ**—(બ્રહ્મવિદ્ ગુરુદેવની આવી સર્વોતમ ઉપાસના ન કરતાં) કોઇ દેવદેવીની આરાધના કરે છે, કોઇ (હઠયોગ વડે) પ્રાણાયામની સાધના કરે છે, કોઈ નિષ્કામ કર્મ કરીને ચિત્તને મલિન વાસનાથી શોધીને શુદ્ધ કરે છે. (૬૬)

તપે ત્યાગી ત્રિદેહે કો, શોષવે રસમૂલને;
એ સૌ આદ્ય અવિદ્યામાં, વધારે મૂલ ભૂલને. ૬૭

**ભાવાર્થ**:—કોઈ ત્યાગી બનીને ત્રણે દેહની (સ્થૂલને ચાંદ્રાયણ વગેરે વ્રતથી, સૂક્ષ્મને યમનિયમથી અને કારણને અજ્ઞાન કાઢી નાંખવા માટેના શાસ્ત્રાભ્યાસથી) તપશ્ચર્યા કરે છે, અને એવી રીતે શરીરમાં રહેલા રસોને સુકાવી નાંખીને કૃશ બનાવે છે. (એ સાધનોમાં મોક્ષનો હેતુ ન હોય તો) એ બધાં જે મૂલ અવિદ્યા છે (અને જેને લીધે આ જન્મમરણની પરંપરારૂપ સંસાર ચાલ્યા કરે છે) એ ભૂલમાં વધારો કરતાં જાય છે. (૬૭)

સાચી શિક્ષા ગુરુસેવા, સાચી વિદ્યા ગુરુકૃપા;
સાચી શક્તિ ગુરુધ્યાને, બાકી બીજી કથા વૃથા. ૬૮

**ભાવાર્થ** :—( લેખકને એમ લાગે છે કે શાસ્ત્રોના શબ્દો કરતાં પણ ચડી જાય એવી બ્રહ્મવિદ્યાની પ્રત્યક્ષ ) સાચી શિક્ષા ( સાચું શિક્ષણ ) તો ગુરુસેવા જ છે. ( કારણ કે એમની સેવામાંથી સાન્નિધ્ય સાંપડે છે, એમાંથી વ્યવહારને ડગલે ને પગલે અંતરમાં બ્રહ્માકારવૃત્તિ રાખવાની અનુભવકળા શીખાય છે. ) સાચી વિદ્યા ( ખરું તત્ત્વજ્ઞાન ) ગુરુની કૃપા છે. ( એમની પ્રસન્નતા નિષ્કામ હોય છે. શિષ્ય નિષ્કામભાવે સેવા કરે, તો નિષ્કામ-એટલે જેમાં **કામ**-વાસના-અવિદ્યા છે જ નહીં એવા ગુરુદેવ નિષ્કામ બ્રહ્મનો ઉપદેશ આપીને અનુભવ કરાવે છે; આ છે સાચી કૃપા. ) ગુરુમૂર્તિના ધ્યાનમાંથી સાચી ( જ્ઞાન ) શક્તિ સાંપડે છે; હે શિષ્ય ! બાકીનું બીજું બધું ( ગુરુભક્તિ વિનાનાં કર્મ, ઉપાસના, કે શાસ્ત્રજ્ઞાન પાંડિત્ય ) મિથ્યાવાર્તા જેવું છે. (૬૮)

**આદ્ય જે તત્ત્વ આલેખ્યું, ને સેવ્યું ઉપનિષદે,**
**ભાખ્યું જે ઋષિવર્યોએ, સદ્ગુરુ આજ એ વદે. ૬૯**

**ભાવાર્થ** :—પ્રાચીન યુગોમાં લખાએલાં શાસ્ત્રોમાં જે પરમ-તત્ત્વનું વર્ણન આવે છે, ઉપનિષદ્ સમૂહમાં ઋષિવર્યો જેનું સેવન ( અનુભવ ) કરીને વર્ણન કરી ગયા છે, એ જ પરમતત્ત્વ સદ્-ગુરુદેવ વર્તમાનકાલે તને ઉપદેશે છે. ( તાત્પર્ય કે જે પરમતત્ત્વનું આદ્ય ઋષિવર્યોએ પોતાના જીવનકસથી કેળવી-મેળવીને સાધન-સાધ્યના નિર્ણય સાથે વર્ણન કર્યું છે, એ જ તત્ત્વનો સદ્ગુરુ વર્તમાન સમયે અનુભવ કરાવે છે. ) (૬૯)

**પંચકોશે પ્રકાશે જે, ત્રિદેહે જે ક્રિયા કરે;**
**અવસ્થા ત્રયમાં સાક્ષી, ગુરુ નિર્લેપ સંચરે. ૭૦**

ભાવાર્થ :—જે પરમતત્ત્વ ( માનવશરીરના ) પંચકોષ ( અન્ન-મય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય )માં પ્રકાશ નાંખે છે, ( એના પ્રકાશ–ચૈતન્યથી ચેતન બને છે, સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એવાં ) ત્રણે શરીરમાં જે તત્ત્વની સત્તાથી ક્રિયા થયા કરે છે ( જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિની ) ત્રણે અવસ્થામાં ( દ્રષ્ટા ) સાક્ષી તરીકે જે રહે છે તે શ્રી સદ્‌ગુરુ જ નિર્લેપભાવે સંચાર કરી રહ્યા છે ( એવી શ્રદ્ધા રાખજે, કારણ બ્રહ્મ અને બ્રહ્મવિદ્‌નો અભેદ હોવાથી તારે ગુરુદેવમાં સગુણનિર્ગુણ બ્રહ્મદૃષ્ટિનો પણ અભેદ અનુભવવાનો છે. ) (૭૦)

નામે રૂપે અને કર્મે છે તોયે મુક્ત એ સદા,
ચિત્પ્રભા સત્યનિષ્ઠાની, ભદ્રામુદ્રા ભણે મુદા. ૭૧

ભાવાર્થ :—( આકાશતત્ત્વના શબ્દ વડે પડતા ) નામથી, ( અગ્નિતત્વથી બનતા ) રૂપથી અને ( પ્રાણ વડે થતાં ) કર્મથી સદ્‌ગુરુ શરીરધારી હોવા છતાં એ બધાયથી સદા મુક્ત છે. સત્યસ્વરૂપમાં નિષ્ઠાવાળી, ચૈતન્યથી પ્રકાશમય બનેલી, એવી ભદ્રા ( કલ્યાણકારી ) મુદ્રા ( સ્વસ્તિક આસન વાળીને અનિમેષ દૃષ્ટિ રાખી, હાથની તર્જની અને અંગૂઠાને અદ્વૈત સૂચકરૂપે એક કરીને અને બાકીની ત્રણે આંગળીઓને ત્રણ ગુણના દ્યોતક તરીકે છૂટી રાખીને સદ્‌ગુરુની જે આસનસ્થ સ્થિતિ થાય તે ) મુદ્રા (આનંદ-દાયી સદ્‌બોધ )નો (સંકેત માત્રથી) ઉપદેશ આપે છે. (૭૧)

અહંકાર અરિ મોટો, બુદ્ધિ વેશ્યા વિનાશિની;
ચિત્તભૃત્ય ભમાવે છે, મનોવૃત્તિ વિલાસિની. ૭૨

ભાવાર્થ :—( સદ્‌ગુરુની આવી અગમ્ય અલૌકિક ઉપદેશકલા

હોવા છતાં પણ અજ્ઞાનીને માટે અંતઃકરણ ચતુષ્ટયમાંનો ) અહંકાર મહાન્‌માં મહાન્ શત્રુ છે. બુદ્ધિ (વ્યભિચારી બનીને વિષયોમાં ભટકાવનારી છે તેથી ) વેશ્યા બનીને વિનાશ કરાવે છે, ચિત્તરૂપ નોકર ( આજ્ઞાધીન ન બનતાં આજ્ઞાકારક શેઠ બનીને ) ભ્રાન્તિમાં રખડાવે છે, અને મનોવૃત્તિ વિલાસમાં ફસાવે છે. (૭૨)

નિત્ય એ વિકૃતિ વ્યાપે, ચિત્તે, પ્રાણે, વિકારિણી;
ધર્માધર્મ ભણાવે છે, માયા કર્મપ્રસારિણી. ૭૩

ભાવાર્થ:—( એ અજ્ઞાન વધતું જવાથી દ્વંદ્વનો ) એ વિકાર દિવસે દિવસે વધુ વ્યાપક બનતો જાય છે અને ચિત્ત અને પ્રાણમાં કર્મનો પ્રસાર કરનારી માયા ધર્મ અને અધર્મના પાઠ શીખવ્યા કરે છે. ( અંતઃકરણની અવિદ્યાને લીધે જેમ જેમ વિકૃતિ વધતી જાય છે, તેમ તેમ મનોવૃત્તિમાં વિષયવાસના અને પ્રાણ દ્વારા વિવેકનાશક કર્મો થયા કરે છે. ) (૭૩)

શુભાશુભ થતાં કર્મો, પુણ્યાપુણ્ય પરમ્પરા;
વાસનાવલ્લીએ ફાલે, જન્મ, મૃત્યુ, યુવા, જરા. ૭૪

ભાવાર્થ :— શુભ અને અશુભ કર્મો થતાં જાય છે તેમ તેમ પુણ્ય અને પાપની પરંપરા ચાલે છે; વાસનારૂપી વેલને જન્મ, મૃત્યુ, યુવા અને વૃદ્ધાવસ્થાનો ફાલ આવે છે. (૭૪)

દ્વંદ્વની જાલ ગૂંથાતી, પડે ત્યાં પ્રાણી બન્ધને;
ના લાધે સુખશાંતિ કે, ના મળે તત્ત્વ અંધને. ૭૫

ભાવાર્થ :—( જન્મમૃત્યુ, ક્ષુધાતૃષા તથા સુખદુઃખ જેવાં )

દ્વંદ્વોની જાલ ( વધારે ને વધારે ) ગૂંથાતી ( લાંબી પહોળી થતી ) જાય છે, જે જાલમાં મનુષ્યપ્રાણી બંધનમાં પડે છે. ( અવિદ્યાને લીધે જેને વિવેકચક્ષુ હોતાં નથી ) એવા અંધને ( સંસારમાં ) સુખશાંતિ મળતાં નથી, તેમ પરમતત્ત્વ પણ પ્રાપ્ત થતું નથી. (૭૫)

પુણ્યે સ્વર્ગે ચ્હડે, માને, **सा काष्ठा सा परा गतिः**
પડે તો નરકે પ્હોંચે, પાપે પામે અધોગતિ. ૭૬

**ભાવાર્થ**:—( સંસારમાં ) પુણ્યકર્મ વડે સ્વર્ગ ( જ્યાં સંપૂર્ણ મન–ઈંદ્રિયોનાં સુખ હોય તેવા લોક )માં ચડે, ત્યાં એને જ સુખની પરાકાષ્ઠા માનીને, એનાથી બીજી ઉપરની કોઇ ગતિ નથી એમ સમજે છે; ( પૂર્ણકર્મનો ક્ષય થતાં ) એમાંથી પડે ત્યારે પાપકર્મ કર્યાં હોય તો અધોગતિના ( ખાડા જેવા, દુઃખના જ ભંડાર જેવા ) નરકસ્થાનમાં પહોંચે છે. (૭૬)

મધ્યવર્તી બની પાછો, જન્મે જો પૃથિવી પરે;
માનવી દેહ પામે તો, કદાચિત્ ત્યાંથી ઉદ્ધરે. ૭૭

**ભાવાર્થ**:—પાપ અને પુણ્યના મિશ્ર ફલ જેવાં મધ્યવર્તી કર્મોને લીધે પાછો કોઇ વાર પૃથ્વી ઉપર જન્મીને માનવશરીર પામે, ( અને એમાં પુણ્યકર્મ વધારે હોય ) તો કદાચિત્ ઉદ્ધાર થાય. (૭૭)

દેવદુર્લભ આ કાયા, આવે જો સાનભાન તો;
પુણ્યસંસ્કાર ફાલે છે, તૂટે દેહાભિમાન તો. ૭૮

**ભાવાર્થ**:—( દેવોને પણ દુર્લભ એવું આ માનવશરીર

મળ્યું છે એમાં કંઈક સાનભાન આવે તો પુણ્યના સંસ્કાર ખીલે છે, અને એ પણ જો (ત્રણે) દેહનું અભિમાન તૂટે તો જ. (૭૮)

સદ્‌ગુરુકરુણાદૃષ્ટિ, પામે વામે વિડંબના;
ઉદ્ધરે ભવસિંધુથી, છૂટે બન્ધ મમત્ત્વના. ૭૯

**ભાવાર્થ :**—ત્યાં સદ્‌ગુરુદેવની એના ઉપર (એના પોતાના પુણ્યકર્મના ફલને લીધે) કૃપાદૃષ્ટિ થાય, તો બધી વિડંબના (ત્રિતાપનાં દુઃખ) નાશ પામે છે; ભવસાગરથી પાર તરી શકે છે અને મમત્વના બંધ છૂટી જાય છે. (૭૯)

વૃત્તિ તટસ્થ સેવીને, ઋષિઓ સત્ય જે વર્યાં;
શબ્દ એ આત્મશ્રેયાર્થી, સદ્‌ગુરુલક્ષ્યમાં ભર્યા. ૮૦

**ભાવાર્થ :**—(વેદકાલના) ઋષિઓ તટસ્થ રીતે (સાધન-સાધનાભરી) વૃત્તિ રાખીને જે (પરમ) સત્યને વર્યા છે, એ જ આત્મકલ્યાણના શબ્દો સદ્‌ગુરુના લક્ષ્ય (સદ્‌ગુરુનું લક્ષ્ય એટલે બ્રહ્મદર્શન)માં ભરેલા છે. (૮૦)

સેવે સદ્‌ગુરુ સદ્‌ભાગી, જેની વૃત્તિ ઉરે ઠરી;
વિષયોથી વળ્યો પાછો, અન્તરે આર્દ્રતા ભરી. ૮૧

**ભાવાર્થ :**—જેની વૃત્તિ અંતરમાં (આત્મસ્વરૂપ પ્રતિ વળીને) ઠરી છે, વિષયો (બાહ્ય દશ્યો)માંથી જે (અન્તર્મુખ થવા માટે) પાછો વળ્યો છે; અને અંતરમાં (ભક્તિની) આર્દ્રતા ભરી છે, એવો કોઈ સદ્‌ભાગી શિષ્ય જ સદ્‌ગુરુની સેવા કરે છે. (૮૧)

થાકયો જે પુરૂષાર્થે તે, સદ્‌ગુરૂશરણે પડયો;
સ્વપ્રયત્ને વિરામીને, સન્માર્ગે સદ્ય તે ચ્હડયો. ૮૨

**ભાવાર્થ:**—જે પોતાના (પોતાની બુદ્ધિ, અહંમન્યતા અને કર્મથી કરેલાં સાધનસાધના જેવા) પુરુષાર્થથી (સ્વબુદ્ધિ વિશ્વાસ યોગ્ય નથી એમ સમજીને) હાર્યો હોય, તે સદ્‌ગુરુને શરણે પડે છે અને પોતાના (મનમાન્યા) પ્રયત્નને મૂકી દઇને તરત જ સત્યને (શાસ્ત્રોક્ત યથાર્થ સાધનને) માર્ગે ચડી જાય છે. (૮૨)

શાસ્ત્ર જ્યાં અધૂરું મૂકે, ત્યાંથી સદ્‌ગુરુ શીખવે;
પ્રભુ જ્યાં પડતો મૂકે, ત્યાંથી સદ્‌ગુરુ તારવે. ૮૩

**ભાવાર્થ:**—સાધન અને અનુભવનું વર્ણન કરીને (અનુભવ માટે) શાસ્ત્રોના શબ્દો જ્યાં અધૂરા પડે, ત્યાંથી સદ્‌ગુરુ આગળ (આત્માના સાક્ષાત્ અનુભવની કલા) શીખવે છે. પરમાત્મા (સગુણ બ્રહ્મ જેવું બ્રહ્માંડ જેવડું જેનું શરીર છે, અને જેમાં અસંખ્ય માનવસમૂહ છે, એમાં માત્ર બ્રહ્મવિદ્ સદ્‌ગુરુ જ અનુભવ કરાવી શકે છે, કારણ કે પરમ્પરાથી એ દીક્ષિત હોઇ અનુભવસિદ્ધ પુરુષ છે; બીજાં બધાં વિષયીઓનાં શરીર આત્માનુભવ કરાવવા માટે નકામાં છે; ઈશ્વર તો કૃપા કરીને સન્માર્ગે ચડવાનું ઉપાસકને સામર્થ્ય આપે એટલે ઈશ્વરની કૃપા, પોતાનો પ્રયત્ન એટલે આત્મકૃપા, અને બ્રહ્મસ્વરૂપ સદ્‌ગુરુની કૃપા, એમ સાધનક્રમ છે. ઇશ્વરની કૃપાથી પુણ્યકર્મ સૂઝે; આત્મા(પોતા)ની કૃપાથી પુરુષાર્થ થઇ શકે અને સદ્‌ગુરુની કૃપાથી જીવન્મુક્તિનું વિલક્ષણ સુખ મળે.) એ રીતે જ્યાંથી વધારે આગળ ન લઇ જતાં પડતો

મૂકે છે, (સંસારસાગરમાં ડૂબેલા એવા જીવાત્માને) ત્યાંથી સદ્‌ગુરુ તારી લે છે. (૮૩)

જેવી જેની હશે દૃષ્ટિ, તેવા તેને મળે ગુરુ;
શાસ્ત્ર તો સાક્ષી પૂરે છે, તત્ત્વદર્શી જ સદ્‌ગુરુ. ૮૪

**ભાવાર્થ**:—(સૃષ્ટિરચનામાં પ્રત્યેકની દૃષ્ટિમાં ત્રિગુણાત્મભાવ હોય છે; બ્રાહ્ય કર્મો કે લક્ષણોની પરીક્ષા કરવાની બહિર્મુખી દૃષ્ટિ જન્મજન્માન્તરના અધ્યાસથી ચાલી આવે છે. પારકાના અંતરને જોઈ તપાસીને સાચો ન્યાય આપવો અઘરો છે. વ્યવહારમાં જ જયાં દૃષ્ટિભેદ હોય ત્યાં અધ્યાત્મને માર્ગે બ્રહ્મવિદ્‌ને ઓળખવાનું કામ અનિવાર્ય રીતે અસંભવિત છે અને તેથી જ શાસ્ત્ર સાધન-માર્ગના પ્રથમ પગથિયા તરીકે શ્રદ્ધાને મૂકે છે. જેવી શ્રદ્ધાથી જેને જુઓ, તેવું ફળ જોનારને મળે એટલા માટે) જે (સાધક)ની જેવી દૃષ્ટિ હશે એવા (એ માર્ગના) ગુરુ એને મળી આવે છે; (સંસારમાં પણ નાના ચોરને મોટા ચોરની, શીખાઉ કારીગરને કુશળ કારીગરની, વિદ્યાભ્યાસ માટે વિદ્વાનની જરૂર પડે છે. એમ લઘુગુરુના ભેદ અને અધિકાર વિના મનુષ્ય કશું શીખી શકતો નથી. અહીં પણ એમ જ થાય છે, કોઇને દેવદેવીના ભકત, કોઇને કર્મકાંડી, કોઈને મંત્રયંત્રયોગી, કોઈને ચમત્કારસિદ્ધ, એવા જે જે વાસના માટેના ગુરુ જોઇએ એને પોતપોતાની દૃષ્ટિ પ્રમાણે તેવા ગુરુ મળી રહે છે.) પરંતુ (અનુભવનાં) શાસ્ત્રો તો પોતાના શબ્દભંડાર વડે એવી સાક્ષી પૂરે છે કે જે તત્ત્વદર્શન કરી ચૂકયો હોય તે જ સદ્‌ગુરુ કહેવાય. (૮૪)

બુદ્ધિ જો શુચિતા શોધે, તો પામે પારદર્શિતા;
વૃત્તિ વિલાસ જો ત્યાગે, પામે તો તત્ત્વદર્શિતા. ૮૫

**ભાવાર્થ**:—પરંતુ બુદ્ધિ (વિવેક) જો પવિત્રતાની શોધમાં હોય તો પારદર્શીપણું પામે છે, (વિવેક હોય તો દેહમાં દેહાતીત તત્ત્વનું દર્શન થઇ શકે, એ છે એની પારદર્શક વેધક દૃષ્ટિ) વૃત્તિઓ જો વિલાસ (વિષયો)નો ત્યાગ કરે તો તત્ત્વદર્શનની કલા પામે. (૮૫)

**બની લે શિષ્ય પૂરો તું, ધીરગંભીર ભાવથી;**
**સદ્ગુરુલક્ષ્ય લે સાધી, શુદ્ધ મુકત સ્વભાવથી. ૮૬**

**ભાવાર્થ** —તું ધીર અને ગંભાર (ભક્તિ)ભાવ રાખીને પૂરેપૂરો (સાચો સાધનસંપન્ન) શિષ્ય બની જા, (ચિત્તથી) શુદ્ધ અને (અજ્ઞાનથી) મુક્ત સ્વભાવ કેળવીને સદ્ગુરુ જે લક્ષ્ય આપે તે સાધી લે. (૮૬)

**શિષ્યત્વે ચિત્તમાં રહેજે, સદ્ગુરુબુદ્ધિ સારથિ;**
**રહેવું છે શિષ્યને ધર્મે, બનવાનું કશું નથી. ૮૭**

**ભાવાર્થ**:—તું તારા અંતઃકરણમાં વિનમ્ર રહીને શિષ્યપણે જ જીવન ગાળજે; સદ્ગુરુએ આપેલા જ્ઞાનને સારથિ બનાવજે; યાદ રાખજે કે તારે છેલ્લા શ્વાસ સુધી શિષ્યના ધર્મોનું પાલન કરીને જ જીવવાનું છે (તારે શિષ્યભાવનો અધિકાર મેળવવાનો છે) એટલે કશું નવું બનવાનું નથી. (અર્થાત્ તું સાધક, ભકત, જિજ્ઞાસુ, મુમુક્ષુ, મુકત, મહાત્મા, સન્ત, સાધુ, યોગી, યતિ, મુનિ, તપસ્વી, આચાર્ય કે ગુરુ જેવી ઉપાધિઓ ધારણ કરીને એવા બનવાની લોકવાસના ઉભી ન કરીશ.) (૮૭)

**બન્યો તે મટવાનું છે, એવી તું રાખજે મતિ,**
**ચિત્તે, પ્રાણે અને કર્મે સદ્ગુરુદેવ છે ગતિ. ૮૮**

**ભાવાર્થ** :—( કારણ કે જીવભાવ ધારણ કરીને, અહંકારને પોષીને અસંખ્ય ઉપાધિવાળો ) તું જે બની બેઠો છે, એ ( હું અમુક છું, આવો તેવો છું એવો અભિમાની ) ભાવ તો કાઢી નાંખવાનો છે. ( સંકીર્ણ " હું " ને સર્વવ્યાપક " હું "માં ગાળી નાંખવાનો છે ) એવી બુદ્ધિ રાખજે કારણ કે તારા ચિત્ત, પ્રાણ અને કર્મમાં સદ્‌ગુરુ દેવ જ વિચરી રહ્યા છે. ( એમની જ મતિગતિથી તું સદ્‌બુદ્ધિ પામ્યો છે. ) (૮૮)

**લક્ષ્યે સદ્‌ગુરુ સેવીને, શિષ્યત્વે ઋષિઓ રહ્યા;**
**સદ્‌ગુરુ કોઈ કાલે કે, સ્થાને ના કદી કો બન્યા.** ૮૯

**ભાવાર્થ** :—પુરાપ્રાચીન ઋષિઓ લક્ષ્યમાં બ્રહ્મસ્વરૂપ સદ્‌ગુરુની સેવા કરીને શિષ્યભાવે જ જીવી ગયા છે. કોઇ સમયમાં કે કોઇ દેશમાં સદ્‌ગુરુ કોઈ બન્યા નથી ( હું તારો સદ્‌ગુરુ છું એવો શિષ્ય પરત્વે કોઇ બ્રહ્મવિદે ભાવ ધારણ કર્યો હોય કે કહ્યું હોય એવું પ્રમાણ મળતું નથી, ( ભ. ગી. માં અર્જુન પોતાની ઇચ્છાથી શિષ્યભાવ સ્વીકારે છે, પણ ભગવાન કૃષ્ણ " હું તારો ગુરુ થયો " એવું વચન બોલતા નથી. ) (૮૯)

**તજ્જ્ઞમાં તત્ત્વશ્રદ્ધા જયાં, જે કાલે જે સ્થલે કરે;**
**પ્રતિષ્ઠા પ્રાણથી તેમાં, શિષ્ય સદ્‌ગુરુની કરે.** ૯૦

**ભાવાર્થ** :—બધા શિષ્ય જ રહે તો ગુરુ કોણ બને ? ગુરુ કોને કહેવા ? એ વિષે વિચાર કરી જોતાં સમજાશે કે જયાં અને જયારે સાધક કોઇ તત્ત્વવિદ્‌માં તત્ત્વદર્શન માટેની શ્રદ્ધા ધારણ કરે ( શિષ્યને કોઇ બીજો સાધનસંપન્ન, અનુભવી અને ગુરુકૃપાપાત્ર

શિષ્ય તત્ત્વવિદ્ છે એમ લાગે, ત્યારે એને એ ગુરુપદવી આપે; ગુરુસ્થાને સ્થાપે; જેમ પ્રત્યેક અપરિણીત પોતાના પિતાનો પુત્ર છે, પણ જ્યારે ગૃહસ્થાશ્રમી બનીને પુત્રવાન્ થાય ત્યારે એ પિતા કહેવાય છે; એમ છતાં એ પોતે તો પોતાના પૂજ્ય પિતાનો પુત્ર જ છે.વંશપરમ્પરાએ પણ બ્રહ્મા જ જેમ બધાના પિતા છે; તેવી રીતે શિષ્યપરમ્પરામાં પણ બ્રહ્માના સનત્, સનંદન, સનતકુમાર જેવા માનસપુત્રો નિવૃત્તિપરાયણ રહીને તત્ત્વનો ઉપદેશ કરી ગયા છે, તેથી બધા તત્ત્વવિદ્ પરમ્પરાએ બ્રહ્માના શિષ્ય કહેવાય; એ શિષ્ય-પરમ્પરામાં અત્યાર સુધી બધા તત્ત્વવિદ્ હમેશાં શિષ્યો જ રહ્યા છે; એટલે કોઇ જિજ્ઞાસુ શિષ્ય બનીને બીજા તત્ત્વવિદ્ પાસે જાય, એનામાં ગુરુભાવની સ્થાપના–ભાવના કરે, તો પણ એ ગુરુભાવ પામેલા તત્ત્વવિદ્ પોતે પોતાના ગુરુના શિષ્ય જ છે એવો વિનમ્ર ભાવ રાખે છે. કોઈના શિષ્ય બન્યા વિના પોતાની મેળે ગુરુભાવ ધારણ કરવામાં તો જીવનો અહંભાવ વિશેષ જડ બને છે. એ રીતે સર્વવ્યાપક બ્રહ્મભાવનો અનુભવ થતો જ નથી. ગુરુને ગુરુપદ આપનાર શિષ્ય છે, કોઈ પણ મનુષ્ય પોતે ગુરુપદ ધારણ કરીને કોઇને તત્ત્વજ્ઞાનની સમદર્શી દૃષ્ટિ આપી શકતો નથી.) તત્ત્વ-વિદ્માં શિષ્ય સદ્ગુરુ માની પોનાના પ્રાણ વડે પ્રતિષ્ઠા કરે છે (પ્રાણનું સમર્પણ કરે છે.) (૯૦)

ભેદ ના પરમાર્થે છે, સદ્ગુરુશિષ્ય દ્વંદ્વના;
સમર્પે શિષ્ય તો યે આ, વ્યાવહારિક વન્દના. ૯૧

**ભાવાર્થ** :—પરમાર્થ દૃષ્ટિએ જોતાં સદ્ગુરુ અને શિષ્ય એવા દ્વંદ્વના ભેદ નથી. (કારણ કે અભેદ દૃષ્ટિએ બન્ને બ્રહ્મસ્વરૂપ છે, છતાં જ્યાં સુધી શરીર અને દેહભાન છે, અનિત્ય વ્યવહારમાં કાયા કર્મશીલ રહે છે, ચિત્ત વ્યવહારના ભેદ પ્રમાણે વર્તે છે,

ક્ષુધાતૃષાનું ભાન છે, ત્યાં સુધી એવી વ્યવહારદશામાં રહીને) શિષ્ય ભાવે લેખક આ વ્યાવહારિક (સિદ્ધાન્ત પ્રમાણે) વન્દના સમર્પે છે. (૯૧)

શિષ્યની વાણીમાં વાણી, શિષ્યના ઊર્મિમર્મમાં;
સદ્‌ગુરુ ઊતરે સ્હેજે, શિષ્યનાં ધર્મકર્મમાં. ૯૨

ભાવાર્થ :—(અને વંદના કરવી એટલે તો સદ્‌ગુરુની સમક્ષ આખું અંગ ઢાળવાની સાથે ચિત્તને નિરભિમાન કરવું, ઉચ્છ્વાસ મૂકીને પ્રાણને શાંત કરવા, "હું" નથી એવો અનુભવ કરવો. "હું" ભાવ તો તુચ્છતાવાળો જીવ છે; એટલે "હું" નથી, પણ હે ગુરુદેવ! તમે જ એક અદ્વિતીય બ્રહ્મસ્વરૂપ છો, મારું અસ્તિત્વ જ નથી એવી ભાવભકિત વડે, શરીર સ્વાભાવિક રીતે (કૃત્રિમ ભાવે નહીં) લાકડાની પેઠે ગુરુદેવના ચરણમાં ઢળી પડે એ છે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ; આવા પ્રણામ કરવાથી) શિષ્યની વાણીમાં, શિષ્યના ભાવમાં, મર્મપ્રદેશમાં, શિષ્યના સ્વભાવગત ધર્મ તથા કર્મમાં સદ્‌ગુરુદેવ સહજ સ્વભાવે ઊતરે છે. (પ્રવેશ કરે છે. તાત્પર્ય કે શિષ્ય પોતાના અહંભાવનું સમર્પણ કરે, શવવત્ લાકડાની પેઠે ઢળી પડે, ત્યારે ગુરુચૈતન્યથી શિષ્ય ચેતન બને છે) ગુરુનાં જ્ઞાન, વૈરાગ્ય, ભકિત, સંયમ વગેરે સમસ્ત જ્ઞાનસાધન શિષ્યનાં બુદ્ધિ મન અને પ્રાણના ત્રણેય કોષમાં અનાયાસે, સહજસ્વભાવે વ્યાપી જાય છે. (આ છે શરણાગતિનું રહસ્ય.) (૯૨)

એવા એક પ્રભો! લાધ્યા, સદ્‌ગુરો! આપ આપથી;
પ્રાપ્તની પ્રાપ્તિ પામ્યો, ને છૂટ્યો સંસારશાપથી. ૯૩

**ભાવાર્થ :**—( લેખક કહે છે કે ) મને એક એવા, હે સદ્ગુરો ! પોતે પોતાની મેળે–આપોઆપ–મળ્યા છો. ( આમાં અહંકારનું વિસર્જન છે, હું શિષ્ય છું, ભક્ત છું, એમ કહેવામાં પણ અહંકારનું સૂક્ષ્મ પ્રદર્શન છે. જે હતું તે સદ્ગુરુસ્વરૂપ હતું એટલે એમનું જ હતું, ને છે; એમની કૃપા થઈ ત્યારે એમના પ્રતિ આકર્ષણ થયું; એમની પ્રેરણાથી શરણાગતિ સાંપડી, એમની જ કૃપાથી એમણે મને પોતાનો સમજીને શરણમાં લીધો, મારા "હું" ને સ્થાને વ્યાપક આત્મભાવ ભર્યો. જ્યાં બધું જ સદ્ગુરુ દેવ છે, ત્યાં "મેં" કર્યું એવું અભિમાન રહે કેવી રીતે ? ) આત્મવસ્તુ જે પ્રાપ્ત હતી ( પણ મારા પોતાના અજ્ઞાનથી અપ્રાપ્ત જેવી લાગતી હતી અને એ જે ઓળખતો નહતો તે પ્રાપ્ત થઇ; તેથી સાક્ષાત્કાર સ્વરૂપે ) તેની પ્રાપ્તિ પામ્યો અને સંસારના બંધરૂપ શાપથી મુક્ત થયો. (૯૩)

નામ શું આપને દેવું ? આપ તો મૌનરૂપ છો;
રૂપ શું આપનું કહેવું ? રૂપે આપ સ્વરૂપ છો. ૯૪

**ભાવાર્થ :**—આપને કયા નામે બોલાવું ? કારણ કે જ્યાં બધી વાણીનો અંત આવે એવા મૌન ( વાણી અને મનથી પર ) સ્વરૂપ આપ છો. આપને કેવા રૂપવાળા છો એમ કહી બતાવું ? ( કારણ કે મારું, તારું, તેનું, બધાં નામ ) રૂપનું આપ અધિષ્ઠાન સ્વરૂપ છો. (૯૪)

દેશ, કાલ, ક્રિયા, વસ્તુ, ગુણ, ધર્મ, સ્મૃતિ બધી;
સદ્ગુરો ! આપને જોતાં, વિસ્મૃતિ સામટી થતી. ૯૫

**ભાવાર્થ :**—( અને એથીએ વિશેષ વાત તો એ છે કે )

આપ બ્રહ્મસ્વરૂપ )નું દર્શન થતાં તો દેશ, કાલ, ક્રિયા, વસ્તુ, ગુણ, ધર્મ, સ્મરણશક્તિ, હે સદ્‌ગુરો ! બધાંયની સામટી વિસ્મૃતિ થઈ જાય છે. ( કારણ કે આપ તો અભેદભાવે એક અને અદ્વિતીય છો. ) (૯૫)

આપનો વ્યાપ બ્રહ્માંડે, વિશ્વ તો આપની કલા;
કિન્તુ ના આપમાં કિંચિત્, આપે આપ જ એકલા. ૯૬

**ભાવાર્થ** :—આપ બ્રહ્માંડમાં વ્યાપ્ત છો, જાગ્રત અવસ્થાનું વિશ્વ તો આપની અસંખ્ય કલાઓમાંથી એક જ કલા માત્ર છે, ( કારણ કે આપ બ્રહ્મસ્વરૂપમાં કેટલાં વિશ્વ છે એની ગણતરી કોણ કરી શકે ? અને કોઇ ચોક્કસ રીતે કહેવા જાય તો એ વિપરીત ભાવનાવાળા જીવની કલ્પના જ હોય. ) આટલું છતાં પણ આપના સ્વરૂપમાં દૃષ્ટિ કરું છું ત્યાં તો કશુંય ( દ્વૈતાભાસ કરાવે એવું ) દૃષ્ટિગોચર થતું નથી, કારણ કે આપ આત્મસ્વરૂપે એકલા જ છો ( એક અને અદ્વિતીય છો. ) (૯૬)

સદ્‌ગુરુ શાંત જ્યાં બેઠા, મહામૌન ધરી મુદા;
ત્યાંથી આ ઊતરી શક્તિ, સચ્ચિદાનન્દ સંપદા. ૯૭

**ભાવાર્થ** :—શ્રી સદ્‌ગુરુ જ્યાં ( સામાન્યભાવે, સર્વવ્યાપક અને નિર્ગુણસ્વરૂપ તથા વિશેષભાવે સગુણરૂપે સશરીર બ્રહ્મવિદ્ તરીકે ) શાંત સ્થિર થઇને આનંદદાયક મહાન મૌન ધારણ કરીને બેઠા છે, ત્યાંથી ( એમનાં સ્વરૂપ–કૃપામાંથી જ ) આ ( ભક્તિભરી લેખન ) શક્તિ ઊતરી આવી છે, જે સચ્ચિદાનંદ અને સાધન-સંપદ્‌વાળી છે. (૯૭)

પ્રજ્ઞામાં ઋત પૂરાતું, હૃત્પદ્મે ગુરુ રાજતાં;
સંજ્ઞામાં સર્વ શીખાતું, શિરોધાર્ય ગુરૂ થતાં. ૯૮

**ભાવાર્થ :**—હૃદયકમલમાં ( ધ્યાન-ચિન્તવન દ્વારા ) ગુરુદેવ વિરાજે છે, ત્યારે ( શાસ્ત્રના અભ્યાસ અને સ્વાધ્યાયથી ઉપજેલી વિવેક બુદ્ધિરૂપ ) પ્રજ્ઞામાં ઋત ( સ્વાનુભવનાં પ્રસાદ–પ્રસન્નતા –સ્વરૂપાનંદ ) ભરાતું જાય છે. અને એ જ ગુરુદેવને ( બ્રહ્મરંધ્રના સ્થાને મસ્તિષ્ક ઉપરના સહસ્રદલ ) કમલ ઉપર ધારણ કરતાં મૌનની સંજ્ઞાવાળું બધું અનુભવશિક્ષણ પૂરું થાય છે. (૯૮)

પરા, પશ્યન્તીમાંથી જે, મધ્યમા, વૈખરી ખર્યું;
સદ્‌ગુરુસારબોધે આ, સ્તુતિથી શતકે ભર્યું. ૯૯

**ભાવાર્થ :**—( નિર્વિકલ્પ સમાધિની મૌન અવસ્થા ) પરા તથા ( હૃદયમાં ઊઠતા સાત્ત્વિકભાવ ) પશ્યન્તીમાંથી જે ( સૂક્ષ્મ આત્મવિચારવાળી, દેશ, કાલ તથા પ્રાન્ત પરત્વેની ભાષા ) મધ્યમા અને ત્યાંથી ( બોલવા-સાંભળવાની તથા લખવાની સ્વપ્રાન્તીય ભાષા ) વૈખરીમાં જે આ ( ગુરુપ્રસાદરૂપે ) ઊતર્યું છે ( ભાવમાં આવ્યું છે ) તે સદ્‌ગુરુના મહિમાના સાર અને ઉપદેશરૂપે સ્તુતિના શતકમાં ભરેલું છે. ( આ લખાણ એમની જ પ્રેરણાનું ફલ છે. ) (૯૯)

જે ભાવે આ ઉરે આવ્યું, એ ભાવે જે ઉરે ધરે;
સદ્‌ગુરુ શિષ્ય એ સ્હેજે, ભવાબ્ધિ પાર ઊતરે. ૧૦૦

**ભાવાર્થ:**—( લેખકને ) જે ( વિશુદ્ધ ભકિત )ભાવથી પોતાના

અંતરમાં સ્ફુરણા-પ્રેરણારૂપે ઉદ્‌ભવ્યું છે ( અને આ રીતે લખાયું છે ) એ જ ભાવથી જે કોઈ પોતાના હૃદયમાં ધારણ કરે એવો સદ્‌ગુરુનો શિષ્ય ( જો એ હશે તો ) સહજ સ્વભાવે ( સરલતાથી) ભવસાગરથી પાર ઊતરી જશે. (૧૦૦)

શિષ્યત્વે યોગ્યતા આપો, સ્થાપો શ્રીચરણે મતિ;
સદ્‌ગુરો ! શોધતો આવું, સ્વયં શરણાગતિ. ૧૦૧

**ભાવાર્થ** :—હે સદ્‌ગુરો ! મને શિષ્યપણે રહેવાનો અધિકાર આપજો ! આપના શ્રી ( જ્ઞાન-ભક્તિપોષક ) ચરણમાં જ મારી બુદ્ધિ રાખજો; હું **સ્વયં** આપની શરણાગતિ શોધતો આવું છું ( એ મળે અને અભેદભાવે અવિચલ રહે એ જ અહોનિશ પ્રાર્થના. ) (૧૦૧)

ॐ

नारायण

# શ્રી સદ્‌ગુરુશિક્ષાશતક

" દયાલુ ગુરુ શાન્ત બ્રહ્મિષ્ઠ સેવી,
ભજી ભક્તિભાવે, સ્વરૂપે વિચારી,
નિદિધ્યાસને ઓળખે તત્ત્વ વિદ્વાન્
પરમ્બ્રહ્મ હું તે જ" આચાર્ય ભાખે.

दयालुं गुरुं ब्रह्मनिष्ठं प्रशान्तं समाराध्य मत्या विचार्य स्वरूपम् ।
यदाप्नोति तत्त्वं निदिध्यास्यविद्वान् परब्रह्मनित्यं तदेवाहमस्मि ॥
भ. शंकराचार्य प्रणीत "विज्ञाननौका"

ॐ

नारायण

# શ્રી સદ્‌ગુરુશિક્ષાશતક

સદા સત્સ્વરૂપે અધિષ્ઠાન છે જે,
બધે ચિત્પ્રભા પાથરે જે પ્રપંચે;
પરિપૂર્ણ આનંદ, માયા-અવિદ્યા,
સ્મરું સદ્‌ગુરુ શાસ્ત્રની બ્રહ્મવિદ્યા. ૧

**ભાવાર્થ:**—જે (પરબ્રહ્મ) સદા સત્ (સત્તા, હયાતી, અસ્તિત્વ)-સ્વરૂપે ઘડામાં રહેલી માટીની પેઠે (બધાં નામરૂપનું) અધિષ્ઠાન છે; બધા પ્રપંચ (પાંચ તત્ત્વોની રચનાવાળા બ્રહ્માંડ) માં જે (પરબ્રહ્મ) પોતાના ચિત્ (ચૈતન્ય, પ્રતિભા, જ્ઞાન)ના પ્રકાશનો વિસ્તાર કરે છે (જેના વડે બધું ચેતન છે), જે પરિપૂર્ણ આનંદ છે, જેમાં (શુદ્ધ સત્ત્વગુણ મુખ્ય છે એવી) માયા અને (જેમાં મલિન સત્ત્વગુણ વધારે છે એવી) અવિદ્યા છે, (એવા આ સંસારમાં) હું શાસ્ત્રની બ્રહ્મવિદ્યા અને સદ્‌ગુરુનું સ્મરણ કરું છું. (૧)

સદા એક છે તોય શોભે અનેકે,
પ્રપંચે પડે તોય આનંદ જે છે;
નથી ભોગ કે યોગનાં કર્મ જેમાં,
સ્મરું સદ્‌ગુરુ શાસ્ત્રનાં વાક્ય એમાં. ૨

**ભાવાર્થ :**—(સત્-ચિત્-આનંદ પરબ્રહ્મ) એ નિત્ય એક સ્વરૂપે જ છે (માટીનાં જુદાં જુદાં વાસણોમાં જેમ માટીનું સ્વરૂપ એક જ છે તેમ) છતાં પણ (બ્રહ્માંડમાં) અનેક નામરૂપે શોભી રહ્યું છે; આ પ્રપંચ (સંસારમાં)માં પડેલું છે એમ લાગે છે, તો પણ એ તો આનન્દસ્વરૂપ છે. (ઘડાના તૂટવાફૂટવાથી માટીમાં કશો પણ ફેરફાર થતો નથી તેથી એ જેમ નિર્વિકારી રહે છે, તેમ અસંખ્ય નામરૂપમાં ફેરફાર થાય તો પણ અધિષ્ઠાન સ્વરૂપ પરબ્રહ્મ તો આનંદસ્વરૂપ જ રહે છે.) જેમાં (વિષયોના) ભોગ કે (ઈશ્વરદર્શનના) યોગવિયોગનાં કર્મનો સંભવ જ નથી, એવા શ્રી સદ્‌ગુરુ અને શાસ્ત્રનાં ઉપદેશવાક્યો હું સ્મરું છું. (૨)

શ્રુતિ "બ્રહ્મ આ આત્મ" એ વાક્ય બોલે,
બધું "તે તું છે" વાક્યથી ભેદ ખોલે;
કરે "બ્રહ્મ પ્રજ્ઞાન"થી સ્પષ્ટ વ્યાખ્યા,
સ્મરું સદ્‌ગુરુની 'હું છું બ્રહ્મ' આખ્યા. ૩

**ભાવાર્થ :**—(ઉપનિષદ્‌ના મંત્રની) શ્રુતિ [૧]"अयम् आत्मा ब्रह्म—"આ આત્મા બ્રહ્મ છે." એવું મહાવાક્ય કહે છે. બીજી શ્રુતિ [૨] तत् त्वम् असि—તે (બ્રહ્મ) તું (જીવ) છે." એ

---

૧ અથર્વવેદ (૨) સામવેદ.

માહાવાકયથી (સંસારના પ્રાકૃત) ભેદને ઉઘાડો કરે છે; (ભેદ ઉરાડી મૂકીને જીવબ્રહ્મનો અભેદ સિદ્ધ કરે છે.) [૧] "प्रज्ञानं ब्रह्म –(ચૈતન્ય, જ્ઞાન) પ્રજ્ઞાન બ્રહ્મ છે." એવી શ્રુતિ સ્પષ્ટ વ્યાખ્યા કરે છે. અને જે સદ્‌ગુરુ [૨] "अहम् ब्रह्म अस्मि હું બ્રહ્મ છું" એમ અનુભવથી બોલે છે, તેમનું હું સ્મરણ કરું છું. (૪)

બધાં દર્શનો જ્યાં વદે એક વાણી,
　　　　પુરાણો વદે એજ વાણી પુરાણી;
વિધિ ને નિષેધો સ્મૃતિ જ્યાં ન બોધે,
　　　　સ્મરું સદ્‌ગુરુ મૌન વ્યાખ્યા પ્રબોધે. ૪

**ભાવાર્થ:**—(ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા એ) બધાંયે દર્શનશાસ્ત્રો (આત્માના સંબંધમાં) જ્યાં એક જ રીતે બોલે છે; પુરાણો પણ એ જ જુગજૂની વાણી બોલ્યા કરે છે, (મનુ, યાજ્ઞવલ્કય, પારાશર વગેરે) સ્મૃતિઓ પણ જેની પ્રાપ્તિ માટે (આમ કરવું એ) વિધિ અને (આમ ન કરવું એવા) નિષેધનો ઉપદેશ આપે છે, અને જે સદ્‌ગુરુ એ તત્ત્વની વ્યાખ્યા (મનવાણીથી પર હોવાથી) મૌન સ્વરૂપે કરે છે, એનું હું સ્મરણ કરું છું. (૪)

અહા! શી બધી ગોઠવી માંડણી આ,
　　　　નથી કૈં જ તોયે ગૂંથી ગૂંથણી આ;
અસત્ સત્ બધા ખેલ માયા રમાડે,
　　　　સ્મરું સદ્‌ગુરુ શુદ્ધ પ્રજ્ઞા પમાડે. ૫

---

૧ ઋગ્વેદ અને (૨) યજુર્વેદ. એવી રીતે ચારે વેદનાં જીવબ્રહ્મનો અભેદ બતાવનારાં ચાર મહાવાક્ય.

**ભાવાર્થ :**—અહો ! (સ્વપ્નમાં જેમ જીવાત્મા પોતાના મનમાંથી જ બધી પંચભૂતાત્મક સૃષ્ટિ ઊભી કરે છે તેવી રીતે) જુઓ તો ખરા ! આ (એક ઉપર બીજો ઘડો ગોઠવ્યો હોય તેવી ચૌદ લોકની,) માંડણી ગોઠવી રાખી છે તે ! (મૂલ એક, અદ્વિતીય બ્રહ્મમાં બીજું) કંઇ જ નથી, તો પણ (અનિર્વચનીય મિથ્યા સ્વરૂપ માયાએ કેવી ગૂંથણી) કરી રાખી છે ! અસત્ (મિથ્યા) અને સત્ (વિદ્યા અને અવિદ્યા) બન્ને મેળવીને માયા કેવા ખેલ રમી દેખાડે છે ! હું સદ્ગુરુનું સ્મરણ કરું છું કે જે મને શુદ્ધ પ્રજ્ઞા (આત્મજ્ઞાન) અપાવે છે. (૫)

મળ્યાં પાંચ પચ્ચીસનાં જૂથ જૂઠાં,
રમે રાસ ચૈતન્યમાં એ અનૂઠાં;
ચિદાભાસ વિસ્તાર છાયા વિકારી,
સ્મરું સદ્ગુરુ બ્રહ્મ ત્યાં નિર્વિકારી. ૬

**ભાવાર્થ :**—(મૂલ) પાંચ (તત્ત્વ અને એની સેળભેળથી થયેલાં) પચીસ (વારંવાર બદલાતાં એથી મિથ્યા) તદ્દન જૂઠાં ટોળાં એકઠાં થયાં છે, અને એક જ ચૈતન્યમાં એ આશ્ચર્યકારક રીતે રાસ રમ્યા કરે છે. (બ્રહ્માંડરૂપ નાટક ભજવાય છે.) એ બધો ચૈતન્યનો આભાસ હોવાથી એની છાયા વિકારી છે, ત્યાં હું નિર્વિકારી બ્રહ્મસ્વરૂપને સ્મરું છું. (૬)

ઉપાધિ અહં-ભાવમાં દ્વૈત શોધે,
અવિદ્યા મમત્વે બધે બંધ બાંધે;
અહં-ત્વં તણા ભેદ જ્યાં બુદ્ધિ વ્યાપે,
સ્મરું સદ્ગુરુ જ્ઞાનવિજ્ઞાન આપે. ૭

**ભાવાર્થ**:—( માયાના ) અહંપણાના ઉપાધિ ભાવને લીધે બધે ( પોતાનાથી ભિન્ન બીજા ) દ્વૈતને ( આનંદપ્રાપ્તિ માટે ) શોધ્યા કરે છે, અને એ અવિદ્યા ( અજ્ઞાન, અણુસમજણ )ને લીધે મમતાવાળો બનીને ( જીવાત્મા ) બધે બંધન વધારે છે. અહમ્ અને ત્વમ્—"હું" અને "તું"ના ભેદભાવ બુદ્ધિમાં વ્યાપતા જાય છે, ત્યાં ( આત્માનું ) જ્ઞાન અને વિજ્ઞાન આપે એવા હું સદ્‌ગુરુને સ્મરું છું. (૭)

જુએ જાગ્રતે ત્યાં બધે વિશ્વ વ્યાપ્યું,
જુએ અન્તરે સ્વપ્નસામ્રાજ્ય સ્થાપ્યું,
સુષુપ્તિ સૂએ ને વિલોકે અવિદ્યા,
સ્મરું સદ્‌ગુરુ પામવા બ્રહ્મવિદ્યા. ૮

**ભાવાર્થ**:—( જીવાત્મા ) જાગ્રત અવસ્થામાં જ્યાં જ્યાં નજર ફેરવે કે કલ્પના કરે ત્યાં ત્યાં બધે વિશ્વની વ્યાપકતા છે. અંતરમાં ઊતરવા માંડે ત્યાં સ્વપ્નના મોટા સામ્રાજ્યની સ્થાપના દેખાય છે; ( ત્યાંથી પણ ઊંડા ઊતરતાં સ્વપ્ન વિનાની ) સુષુપ્તિમાં પડે ત્યાં ( જાગ્રત તથા સ્વપ્નના બધા પ્રપંચના અભાવ-વાળી ) અવિદ્યાનો અનુભવ થાય છે. હું તો બ્રહ્મવિદ્યા પામવા માટે શ્રી સદ્‌ગુરુનું સ્મરણ કરું છું. (૮)

બધે સ્થૂલની ભોગભૂમિ ભરેલી,
રહી સ્વપ્નમાં વાસના સૂક્ષ્મ મેલી;
અવિદ્યા મહીં બીજ નિદ્રા ઉમેરે,
સ્મરું સદ્‌ગુરુ જે વિરાજે તુરીયે. ૯

**ભાવાર્થ** :—(જાગ્રત અવસ્થામાં) સર્વત્ર સ્થૂલ ભોગનો સંસાર ભરેલો છે; સ્વપ્ન અવસ્થામાં મનની સૂક્ષ્મ મલિન વાસનાઓની રમત છે; સુષુપ્તિમાં કારણરૂપ અવિદ્યામાં ઉમેરો થતે જાય છે, હું તો જે તુરીય અવસ્થામાં વિરાજે છે એ સદ્‌ગુરુને સ્મરું છું. (૯)

યુગો કલ્પ કલ્પાન્તરો જાય વીત્યા,
ભમે જીવ અલ્પજ્ઞ ભાવે બધે ત્યાં;
શમે બાહ્યવૃત્તિ વળે અન્તરે જો,
સ્મરું સદ્‌ગુરુ તે સ્વરૂપે ઠરે તો. ૧૦

**ભાવાર્થ** :—(દિવસ, માસ, વર્ષ) યુગ, કલ્પ અને કલ્પાન્તરો (એ રીતે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિની અવસ્થાઓ ભોગવતા સ્થૂલ, સૂક્ષ્મ અને કારણશરીરના જન્મમૃત્યુના ચક્રના ફેરા) વીતતા જાય છે; ત્યાં અલ્પજ્ઞ ભાવથી જીવાત્મા બધે ભમ્યા કરે છે. બહિર્મુખ વૃત્તિ જો અન્તરમાં ઉતરે તો શાંત થાય અને આત્મસ્વરૂપમાં સ્થિરતા થાય એ માટે સદ્‌ગુરુને સ્મરું છું. (૧૦)

ભમે ભૂર, ભુવર્લોક વા પિતૃલોકે,
બધે દૃષ્ટ અદૃષ્ટના ભોગયોગે;
કરે કર્મ ને વાસનાગ્રન્થિ જોડે,
સ્મરું સદ્‌ગુરુ પાશ જે સર્વ છોડે. ૧૧

**ભાવાર્થ** :—(એ અજ્ઞાની જીવ) પૃથ્વીલોક, અન્તરીક્ષ (અદૃષ્ટ, સૂક્ષ્મ) લોક કે પિતૃલોકમાં દૃષ્ટ અને અદૃષ્ટ

( પ્રારબ્ધ )ના ભોગયોગ વડે ( શરીર ધારણ કરતો કરતો ) ભમ્યા કરે છે, નવાં કર્મો કરે છે, અને વાસનાઓની ગાંઠો બાંધ્યા કરે છે; સદ્‌ગુરુનું સ્મરણ કરું છું કે જેઓ એ ( વાસનાના ) બધા પાશ ( બંધ ) છોડી નાંખે છે. (૧૧)

ચ્હડયો ચક્ર સંસારમાં જાય નીચે,
કરે ઊર્ધ્વ દૃષ્ટિ કદી જાય ઊંચે;
કદી મધ્ય ખેંચાય બન્ને દિશાથી,
સ્મરું સદ્‌ગુરુ મુકત માયાનિશાથી. ૧૨

**ભાવાર્થ :—**સંસારચક્રમાં ચડેલો જીવાત્મા કોઇ વાર નીચે જાય છે, કદાચિત્ ઊર્ધ્વગામી દૃષ્ટિ હોય તો ઊંચે ચડે છે (ઊંચનીચ યોનિમાં જન્મે છે. એવી રીતે સ્વર્ગ અને નરક લોક ) એ બન્ને દિશામાં ખેંચાઇને કોઈવાર મધ્યલોક( પૃથ્વીલોક )માં આવી ચડે છે. સદ્‌ગુરુને સ્મરું છું જે હમેશાં આવી માયાની ( અંધકારમય ) રાત્રિથી મુકત છે. (૧૨)

જરા જો વિચારી ત્રિગુણાત્મમાયા,
બધે એક ભાવે રહે એ ન છાયા;
ગુણો ખેલ ખેલે, ભર્યાં દ્વંદ્વ દ્વૈતે,
સ્મરું સદ્‌ગુરુ નિર્ગુણી નિત્ય છે તે. ૧૩

**અર્થ :—**( હે જીવ ! ) આ ત્રણ ગુણની બનેલી માયાનો વિચાર કરી જો. એ તો છાયા જેવી છે, હંમેશાં એક જ સરખી રહેતી નથી. ત્રણ ગુણોની રમત ચાલે છે, દ્વૈત( મય સંસાર )માં દ્વંદ્વ ભરેલાં છે. એક નિત્ય જે નિર્ગુણ છે તે સદ્‌ગુરુને સ્મરું છું. (૧૩)

શરીરે સદા જન્મ મૃત્યુ ન્હડે છે,
સુખે કે દુઃખે ચિત્ત દ્વંદ્વે સડે છે;
ક્ષુધા ને તૃષા પ્રાણને પીડનારાં,
સ્મરું સદ્ગુરુ અમૃતાનન્દધારા. ૧૪

**ભાવાર્થ:**—શરીરનો ધર્મ એવો છે કે એને જન્મ અને મરણ લાગુ પડેલાં જ છે. ચિત્તમાં સુખ અને દુઃખ (વગેરે)નાં દ્વંદ્વ સડ્યાં કરતાં હોય તેમ ત્રાસ આપે છે; ભૂખ અને તરસ પ્રાણને પીડા આપ્યા કરે છે; એમાં અમૃતાનન્દની ધારા જેવા સદ્ગુરુનું સ્મરણ કરું છું. (૧૪)

રજસ્ કામ ક્રોધે ક્રિયાભેદ પાડે;
તમસ્ આળસુને પ્રમાદે પછાડે;
કદી સત્ત્વ આવી જરા શાન્તિ આપે,
સ્મરું સદ્ગુરુ બંધનો સર્વ કાપે. ૧૫

**ભાવાર્થ:**—રજોગુણ કામ તથા ક્રોધને પેદા કરીને કર્મના ભેદને વધાર્યા કરે છે; તમોગુણ આળસુ બનાવીને પ્રમાદ વડે જીવને (પૃથ્વી ઉપર) પછાડે છે, એમાં કદાચિત્ સત્ત્વગુણ આવે તો થોડી શાંતિ આપી જાય છે. (ગુણના) આ બધાં બંધનો કાપવા માટે સદ્ગુરુને સ્મરું છું. (૧૫)

જરા શાન્ત થા ચિત્તમાં સ્થૈર્ય લાવી,
જરા બુદ્ધિને લે સરાણે ચ્હડાવી;
તપાસી જરા જો ભલા અન્તરે તું,
સ્મરું સદ્ગુરુ એક જ્યાં હું ન કે તું. ૧૬

ભાવાર્થ :—હે જીવ ! ચિત્તમાં સ્થિરતા લાવીને તું જરા શાંત થા, બુદ્ધિ ( રૂપી તલવાર )ને ( વિવેકરૂપ ) સરાણ ઉપર ચડાવી જો: તારા અન્તરમાં તું તપાસ કરીને જોઈ લે; જ્યાં હું નથી; તું નથી; એક માત્ર પરબ્રહ્મ સ્વરૂપ સદ્દગુરુ છે એને હું સ્મરું છું. (૧૬)

ચ્હડી ચક્રમાં બુદ્ધિ તે ચક્ર દેખે,
ન એ શાસ્ત્ર કે સન્તની વાત લેખે;
જુએ ઇંદ્રિયો એટલું સત્ય માને,
સ્મરું સદ્દગુરુ લાવવા બુદ્ધિ સાને. ૧૭

ભાવાર્થ :—જે બુદ્ધિ ( સંસાર )ચક્રમાં ચકડોળે ચડીને ( ચંચલ ) બની છે, એ બધે ( સંસારરૂપ ચંચલ ) ચક્ર જ દેખે છે. ( જેવી જેની સાંસારિક દૃષ્ટિ તેવું એનું સાંસારિક ભોગવાસ-નાથી ભરેલું જગત. ) શાસ્ત્રો કે સંત પુરુષનાં વાક્યોની ( એવી બુદ્ધિ ) પરવા જ નથી કરતી. જેટલું ઇંદ્રિયો જુએ કે અનુભવે એને જ એ સત્ય ( નિત્ય ) માને છે, એવી બુદ્ધિને સાન ( આત્મભાન )માં લાવવા માટે સદ્દગુરુને સ્મરું છું. (૧૭)

નથી ઈંદ્રિયો સત્ય પ્રત્યક્ષ જોતી,
નથી બુદ્ધિની કલ્પના જાડ્યખોતી;
પ્રમાણે પડ્યું સત્ય તો શાસ્ત્રવાક્યે,
સ્મરું સદ્દગુરુ તત્વ તો બોધગમ્યે. ૧૮

ભાવાર્થ :—ઈંદ્રયો(નાં છિદ્રો બહારની તરફ હોવાથી સર્વ-વ્યાપી મનવાણીથી પર એવા ) સત્યનો પ્રત્યક્ષ અનુભવ કરી

શકતી નથી. એવી જ રીતે ( જ્યાં સુધી પ્રત્યક્ષ સંસારમે જ સત્ય મનાતો હોય ત્યાં સુધી ) બુદ્ધિની જગત વિષેની કલ્પના પણ પોતાની જડતા છોડતી નથી. ( પરમ ) સત્ય તો શાસ્ત્ર-વાક્યને પ્રમાણ માનવાથી મળે છે; એ તત્ત્વ જ્ઞાનગમ્ય થવા માટે સદ્‌ગુરુને સ્મરું છું. (૧૮)

કરી કલ્પના ચિત્ત સંસાર વ્યાપે,
ફરી વૃત્તિને શોધતાં શાન્તિ આપે;
અહો શી ઉપાધિ ! વધી વ્યર્થ ભ્રાન્તિ,
સ્મરું સદ્‌ગુરુની અખંડાત્મશાન્તિ. ૧૯

**ભાવાર્થ :**—ચિત્ત(નો સ્વભાવ જ એવો છે કે એ ) કલ્પના કરીને આખા સંસાર ( લોકલોકાન્તર )માં વ્યાપી વળે છે ( ફરી શકે છે ). પણ પાછું ફરીને વૃત્તિનું શોધન કરે ( જોઈ તપાસી જુએ ) તો આપમાં–આત્મસ્વરૂપમાં જ શાન્તિ છે એમ સમજાય છે. અહો ! આ બધી કઈ જાતની ઉપાધિ ! બધી ભ્રમણા વ્યર્થ છે. ( હેતુ વગરની છે ). સદ્‌ગુરુની અખંડ આત્મશાન્તિને સ્મરું છું. (૧૯)

ત્યજી દે ભલા ચિત્ત ! ચાંચલ્ય ત્હારું;
અહંકાર ! તું મૂક સૌ મ્હારું ત્હારું,
બધા તર્ક મિથ્યા ત્યજી દે તું બુદ્ધિ,
સ્મરું સદ્‌ગુરુદેવ દે ચિત્તશુદ્ધિ. ૨૦

**ભાવાર્થ :**—હે ભલા ચિત્ત ! તારી ચંચલતા તું છોડી દે. હે અહંકાર ! તું બધું મારું-તારું માનવાનું મૂકી દે; હે બુદ્ધિ ! તું

બધા ખોટા (નિરુપયોગી અને અશ્રદ્ધાથી ભરેલા) તર્કનો ત્યાગ કર; હું સદ્‌ગુરુ દેવને સ્મરું છું કે જે ચિત્તની શુદ્ધિ આપે ! (૨૦)

બન્યો જીવ હું કેમ આ બ્રહ્મમાંથી ?
નથી દ્વૈત તો દશ્ય ને ભેદ ક્યાંથી ?
બની કાર્ય ને કારણે શી પ્રણાલી ?
સ્મરું સદ્‌ગુરુ થાય જ્યાં તર્ક ખાલી. ૨૧

**ભાવાર્થ :**—હું બ્રહ્મસ્વરૂપ છું તો એમાંથી જીવભાવમાં કેવી રીતે આવ્યો ? દ્વૈત જેવું કાંઈ નથી તો પછી આ દશ્ય અને એમાં દેખાતા ભેદ ક્યાંથી આવ્યા ? બ્રહ્માંડરૂપ કાર્ય અને એનાં કંઈક કારણ (એવી કાર્યકારણ)ની પ્રણાલિકા કેવી રીતે શરૂ થઈ ? આવા બધા તર્કો–પ્રશ્નો જ્યાં સદ્‌ગુરુને સ્મરું છું ત્યાં (અંતઃકરણમાંથી) ખાલી થઈ જાય છે. (કારણ કે સદ્‌ગુરુસ્વરૂપ પરબ્રહ્મમાં દેશ, કાલ તથા વસ્તુના પરિચ્છેદ નથી; તેથી ત્યાં મન વાણી પહોંચી જ શકતાં નથી.) (૨૧)

બન્યો અલ્પ હું કેમ સર્વજ્ઞમાંથી ?
બન્યો દાસ હું કેમ ઈશત્વમાંથી ?
બધી શૃંખલા સંશયો ગોઠવે જ્યાં,
સ્મરું સદ્‌ગુરુ પ્રશ્ન ના ઉદ્‌ભવે ત્યાં. ૨૨

**ભાવાર્થ :**—હું જો સર્વજ્ઞ (બ્રહ્મસ્વરૂપ) છું તો એને બદલે આવો અલ્પજ્ઞ કેમ બની ગયો ? મારામાં ઈશત્વ (ઐશ્વર્ય) પણ છે, તો હું દાસ (પરાધીન) કેવી રીતે બન્યો ? (બુદ્ધિ) જ્યાં આવી શંકાઓની પરમ્પરા ગોઠવે છે, તે વખતે શ્રી સદ્‌ગુરુને

સ્મરું છું એટલે ત્યાં ( સ્વરૂપમાં ) કોઇ પણ જાતના પ્રશ્ન જ ઊઠતા નથી. (૨૨)

કદી હું સુખી તો દુઃખે વિશ્વ દાઝે,
કદી હું દુઃખી તો સુખે વિશ્વ રાચે;
અહો ! ના કદી એક દીઠી દશા ત્યાં,
સ્મરું સદ્‌ગુરુ શાન્ત તર્કો થતાં જ્યાં. ૨૩

**ભાવાર્થ** :—કોઇ વાર હું સુખી હોઉં છું પણ આ ( દૃશ્ય પ્રપંચરૂપ ) વિશ્વ દુઃખથી બળ્યા કરતું હોય છે. કોઈ વાર હું દુઃખી બનું ત્યારે વિશ્વ સુખમાં પ્રસન્ન હોય એમ દેખાય છે. અહો ! આ વિશ્વમાં કદી પણ એક જ પ્રકારની દશા દેખાતી નથી, અને સદ્‌ગુરુને સ્મરું છું ત્યાં તો બધા ( આવા ) તર્કો શાન્ત થઈ જાય છે. (૨૩)

પરમ્બ્રહ્મ પ્રત્યક્ષ છે આત્મબોધે,
ગુરુ અન્તરે, દૂર તું શીદ શોધે ?
કરોડો તર્યા, તારવ્યા યે કરોડો;
સ્મરું સદ્‌ગુરુ શ્રીપદે વૃત્તિ જોડો. ૨૪

**ભાવાર્થ** :—આત્મજ્ઞાન થાય એટલે પરમ્બ્રહ્મ પ્રત્યક્ષ અનુભવમાં આવે છે ( કારણ કે આત્મા જ બ્રહ્મ છે એમ શ્રુતિ કહે છે. બ્રહ્મસ્વરૂપ ) ગુરુદેવ તો અન્તર્યામી રૂપે રહેલા છે. ( કારણ કે આત્માથી અભિન્ન છે. ) તું એમને ( બહાર ) દૂર ક્યાં શોધવા જાય છે ? ભૂતકાલમાં કરોડો ( આત્મસાક્ષાત્કાર કરીને આ ભવસાગર ) તરી ગયા અને ( એ ગુરુદેવે ) કરોડોને તારી નાંખ્યા;

સદ્ગુરુને સ્મરું છું કે ( એમનાં ) શ્રીચરણમાં મારી વૃત્તિને જોડી રાખે. (૨૪)

દયાદૃષ્ટિની વૃષ્ટિ તો સર્વ કાલે,
કરે છે ગુરુ જો જરા વૃત્તિ વાળે;
ગુરુપાદપદ્મે કરે શિષ્ય સેવા,
સ્મરું સદ્‌ગુરુ તત્ત્વનો બોધ લેવા. ૨૫

**ભાવાર્થ**:—( જિજ્ઞાસુ ) જો પોતાની ( બહિર્મુખ ) વૃત્તિને ( આત્મસ્વરૂપ તરફ ) અંતરમાં વાળે, તો હમેશાં દયાદૃષ્ટિનો જાણે વરસાદ વરસતો હોય એમ લાગે છે; પરમ તત્ત્વનું જ્ઞાન મેળવવા માટે શિષ્ય ગુરુચરણકમલની સેવા કરે, એવા સદ્‌ગુરુને હું સ્મરું છું. (૨૫)

ગુરુ સેવતાં મૂલથી મોહ છૂટે,
મનોવૃત્તિવ્યામોહ સ્હેજે વછૂટે;
પરમ્બ્રહ્મ આનન્દ સચ્ચિત્ **શિવોઽહમ**,
સ્મરું સદ્‌ગુરુ એક લક્ષ્યે રહે ૐ. ૨૬

**ભાવાર્થ**:—ગુરુદેવની સેવા કરતાં ( એમના પ્રતિની ભકિતથી સાંસારિક સંબંધોનો ) મોહ છૂટી જાય છે. મનોવૃત્તિમાં જે વ્યામોહ ( મૂઝવણ) હોય છે તે સરલતાથી નીકળી જાય છે. સદ્‌ગુરુને સ્મરું છું કે જેથી સચ્ચિદાનંદ સ્વરૂપ પરમ્બ્રહ્મ જે "હું શિવ છું" ( એવા નિદિધ્યાસનનું લક્ષ્ય છે ) એ ૐકાર સ્વરૂપ હંમેશાં લક્ષ્યમાં રહે. ( ૨૬ )

કષાયો ગુરુદેવ રીઝે ગળે છે,
વિશુદ્ધિ થતાં બુદ્ધિ તત્ત્વે ઢળે છે;
ઉપાસી ગુરુ ચિત્ત ચાંચલ્ય ત્યાગે,
સ્મરું સદ્દગુરુપાદપદ્મો પરાગે. ૨૭

**ભાવાર્થ**:—ગુરુદેવ પ્રસન્ન થાય ત્યારે મલિનતા ગળી જાય છે; (ચિત્તની) નિર્મલતા થતાં બુદ્ધિ (સહજ સ્વભાવે) પરમ તત્ત્વમાં ઢળી પડે છે: ગુરુની ઉપાસના કરતાં ચિત્ત પોતાની ચંચલતા છોડી દે છે; સદ્દગુરુ ચરણકમલના પરાગનું હું સ્મરણ કરું છું. (૨૭)

કરે પ્રાણકર્મેન્દ્રિયો કર્મસેવા,
ભજે ચિત્ત નિષ્કામતા શુદ્ધિ લેવા;
કૃપા ઇશની પામવા નિર્વિશેષે,
સ્મરું સદ્દગુરુની દયા ત્યાં વિશેષે. ૨૮

**ભાવાર્થ**:—પરમાત્માની સંપૂર્ણ કૃપા પામવા માટે પ્રાણ અને કર્મેન્દ્રિયો કર્મરૂપ સેવા કરે, ચિત્તશુદ્ધિ મેળવવા માટે નિષ્કામ ભાવે ભકિત કરે, ત્યાં ઇશ્વરની સંપૂર્ણ કૃપા મેળવવા માટે વિશેષ ભાવે સદ્દગુરુની દયાને સ્મરું છું. (૨૮)

ઘણા મંત્રયોગે ઘણા તંત્ર યંત્રે
ઘણા ભક્તિભાવે પ્રભુને નિમંત્રે;
તપસ્વી તપે, ત્યાગ ત્યાગી સજે છે,
સ્મરું સદ્દગુરુ સત્પથે જે ભજે છે. ૨૯

**ભાવાર્થ** :—કોઈ મંત્રયોગ વડે કે તંત્રશાસ્ત્રના યંત્ર વડે, અથવા ભકિતભાવવડે પ્રભુને પ્રાર્થના કરે છે. તપસ્વીઓ તપશ્ચર્યા કરે છે, ત્યાગીઓ બાહ્ય ત્યાગની સમવટ કરે છે. હું જે કોઈ એ રીતે સત્પથે ભજન કરતા હોય ત્યાં સદ્ગુરુને સ્મરું છું. (૨૯)

**અહો ! ધન્ય એ શાસ્ત્ર ને ધન્ય શિક્ષા !**
**અહો ! ધન્ય એ સદ્ગુરુબોધદીક્ષા !**
**પ્રણામો સદા કોટિ કોટિ સ્વરૂપે,**
**સ્મરું સદ્ગુરુ એક એ આત્મરૂપે. ૩૦**

**ભાવાર્થ**—( અહો ! એ શાસ્ત્ર અને શિક્ષાને ધન્યવાદ છે. સદ્ગુરુનું જ્ઞાનશિક્ષણ પણ અહો ! ધન્ય ધન્ય છે. એમના સ્વરૂપને કરોડો પ્રણામો કરું છું અને આત્માસ્વરૂપે સદ્ગુરુને સ્મરું છું (૩૦)

**કટિબદ્ધ થાવું જવું બોધ લેવા,**
**મળે સદ્ગુરુ જો કરે શુદ્ધ સેવા;**
**કૃપાસિંધુ નિષ્કામતાથી જ રીઝે,**
**સ્મરું સદ્ગુરુ સાધતાં કાર્ય સીઝે. ૩૧**

**ભાવાર્થ** :—ઉપદેશ લેવા માટે કમર કસીને જવું જોઈએ. જો શુદ્ધ ( નિષ્કામ ) સેવા થાય તો સદ્ગુરુની પ્રાપ્તિ થાય છે. એ કૃપાસાગર તો નિષ્કામતાથી જ પ્રસન્ન થાય છે. જે સદ્ગુરુની સાધના કરતાં બધાં કાર્ય સિદ્ધ થાય છે એમને હું સ્મરું છું (૩૧)

**ધરી ભાવશ્રદ્ધા, ગણી સત્ય વાણી,**
**અનુકૂળ સૌ શાસ્ત્રની યુકિત જાણી;**

કુતર્કો બધા બાળ ને ટાળ શંકા,
સ્મરું સદ્‌ગુરુ વાગતા બ્રહ્મડંકા. ૩૨

**ભાવાર્થ**:—ભાવ અને શ્રદ્ધા રાખીને, ( સદ્‌ગુરુનાં ) વચનને સત્ય માનીને, શાસ્ત્રની ( બધી ) યુક્તિઓને અનુકૂળ સમજીને બધા કુતર્કોને બાળી નાંખ; શંકાઓને કાઢી નાંખ; સદ્‌ગુરુને સ્મરું છું ને બ્રહ્મઘોષ ( ડંકા )ની ગર્જના થાય છે. (૩૨)

પછી શોધી લે તત્ત્વ પચ્ચીસમાંથી
વિકારી બધાં અન્ય, એ નિત્ય સાથી;
વિવેકે પૃથક્ પાડ ને ઓળખી લે,
સ્મરું સદ્‌ગુરુ બોધ પ્રત્યક્ષ જે દે. ૩૩

**ભાવાર્થ**:—( એ કર્યાં ) પછી ( મૂલ પાંચ તત્ત્વોના મિશ્રણનાં ) પચ્ચીસ તત્ત્વોમાંથી તું એક પરમ તત્ત્વને શોધીને મેળવી લે. બીજાં બધાં વિકારી ( અનિત્ય અને બદલાનારાં ) છે, પણ એ તો નિત્યનું સંગાથી છે. ( નિત્ય અને અનિત્યના ) વિવેક વડે જુદાં કરી નાખીને એ ( નિત્ય તત્ત્વ )ને ઓળખી લે. જે પ્રત્યક્ષ જ્ઞાન અપાવે છે એ સદ્‌ગુરુને સ્મરું છું. (૩૩)

( આ શ્લોકમાં વિવેક નામનું સાધન બતાવ્યું છે. )

બધી વૃત્તિઓ અન્તરે વાળવાની,
બની વીર વૈરાગ્ય સંબોધવાની;
ભરી ભક્તિ ચિત્તે નિજાનન્દ લેજે,
સ્મરું સદ્‌ગુરુ વીતરાગી સદા જે. ૩૪

**ભાવાર્થ** :—બધી મનોવૃત્તિઓને અંતઃકરણમાં વાળી લે; વીર બનીને એને વૈરાગ્યનો ઉપદેશ આપ, ચિત્તમાં ભકિત ભરીને નિત્યાનન્દ મેળવી લે; એ માટે જે સદા વીતરાગી ( વૈરાગ્યપૂર્ણ ) છે એ સદ્‌ગુરુને સ્મરું છું. (૩૪)

( અહીં વૈરાગ્યની સાધનાનો સંકેત છે. )

સદા શાંત ચિત્તે દમી બાહ્ય દૃષ્ટિ,
રતિ વાળી, બાળી બધી ભોગસૃષ્ટિ;
તિતિક્ષા વધારી, સજી શાસ્ત્રશ્રદ્ધા,
સ્મરું સદ્‌ગુરુની સમાધાનકક્ષા. ૩૫

**ભાવાર્થ** :—ચિત્તને શાંત કર; ( વિવેક અને વૈરાગ્ય પછી જે સાધન આવે તે શમ. ) બહિર્મુખ દૃષ્ટિનું દમન કર ( દમ. ) પ્રીતિને અંતરમાં વાળી લે. ( ઉપરતિ. ) ( દૃશ્ય વિષયોની ) ભોગસૃષ્ટિને ( વૈરાગ્યના અગ્નિવડે ) ભસ્મીભૂત કરીને ( ત્રિતાપને સહન કરવાની ) તિતિક્ષા ( સહન કરવાની શકિત )ને વધારતો જા. શાસ્ત્રમાં શ્રદ્ધા રાખ ( શ્રદ્ધા ), એ માટે હું સદ્‌ગુરુની સમાધાન ( સમત્ત્વવાળી ) ભૂમિકાને સ્મરું છું. (૩૫)

( સમાધાન; આ રીતે ત્રીજું શમાદિ ષટ્કનું સાધન થયું. )

વિચારી વિવેકે બન્યું બુદ્ધિમાન્યું,
છતાં પૂર્વભ્રાન્તિ ગણે એ અજાણ્યું;
હવે ઓળખી આપથી તત્ત્વ એ લે,
સ્મરું સદ્‌ગુરુ કહે 'ભલા તત્ત્વ તું તે.' ૩૬

**ભાવાર્થ :**—( આ શ્લોકમાં શ્રવણની પદ્ધતિ બતાવી છે. ) વિવેક વડે વિચાર કરીને બુદ્ધિએ જેનો સ્વીકાર કરી લીધો, ( પરોક્ષ જ્ઞાન ) છતાં પૂર્વ–અધ્યાસ ( ભ્રાન્તિ )ને લીધે હજુ એ ( તત્ત્વ ) અજ્ઞાત ( અજાણ્યું–અનુભવ વગરનું ) મનાય છે, એ તત્ત્વને તું તારી મેળે આત્મભાવે ઓળખી લે. " હે ભાઇ ! તે ( તત્ત્વ ) તું છે. तत्–त्वम्–असि " એમ જે સદ્‌ગુરુ કહે છે તેમને હું સ્મરું છું ( મહાવાકયના શ્રવણનો વિધિ બતાવ્યો છે. ) (૩૬)

**નિદિધ્યાસને તત્ત્વનો બોધ જામે,**
**વિરોધી બધી ભાવના નાશ પામે;**
**પ્રમાણો બધાં શસ્ત્રનાં સત્ય લાગે,**
**સ્મરું સદ્‌ગુરુ અન્તરે બોધ જાગે. ૩૭**

**ભાવાર્થ :**—નિદિધ્યાસનથી તત્ત્વનું જ્ઞાન થાય છે. ( મનનથી ) બધી વિરોધી ( જીવ ) ભાવનાનો નાશ થાય છે; શાસ્ત્રનાં જે જે પ્રમાણો છે એ સાચાં લાગે છે; અને સદ્‌ગુરુને સ્મરું છું કે જેથી અંતઃકરણમાં આત્મજ્ઞાનની જાગ્રતિ થાય છે. (૩૭)
( આમાં મનન તથા નિદિધ્યાસનનાં સાધનો વર્ણવ્યાં છે. )

**શીખ્યું સાંભળ્યું સર્વ સાચું જ ત્યારે,**
**પરબ્રહ્મતત્ત્વે સ્થિતિ વૃત્તિ ધારે;**
**મુમુક્ષુ હશે તે જ એ માર્ગ શોધે,**
**સ્મરું સદ્‌ગુરુ એ જ જે જ્ઞાન બોધે. ૩૮**

**ભાવાર્થ :**—પરબ્રહ્મ તત્ત્વમાં વૃત્તિની સ્થિરતા ( દઢતા ) થાય ત્યારે પહેલાંનું બધું શીખેલું અને મહાપુરુષો પાસે શ્રવણ

કરેલું સાચું હતું એમ નિશ્ચય થાય છે. જે મોક્ષની ઇચ્છાવાળો હશે એ જ એ માર્ગની શોધ કરશે; હું સદ્‌ગુરુને સ્મરું છું કે જે એ ( બ્રહ્મ— ) જ્ઞાનનો ઉપદેશ આપે છે. (૩૮)

બધાં પ્રાણધારી મહીં માનવીને,
મળી બુદ્ધિ ધર્મે ચ્હડે સાચવીને,
ત્યજે અર્થ ને કામની વ્યર્થ ચિન્તા,
સ્મરું સદ્‌ગુરુ મોક્ષમાર્ગે નિયન્તા. ૩૯

**ભાવાર્થ:**—બધાં પ્રાણીઓમાં મનુષ્યપ્રાણીને એટલા માટે બુદ્ધિ મળી છે કે એ એનું રક્ષણ કરીને ધર્મને માર્ગે ચડે, તથા ( ચાર પુરુષાર્થમાંના ) અર્થ અને કામની વ્યર્થ ચિન્તા છોડી દે, ( કારણ કે એ બેમાં પુરુષપ્રયત્ન નહીં પણ પ્રારબ્ધ ભાગ ભજવે છે. ) હું તો મોક્ષ માર્ગમાં નિયંત્રણ કરનાર સદ્‌ગુરુને સ્મરું છું. (૩૯)

બધા ધર્મમાં એ જ છે ધર્મ મોટો,
ત્યજી દેહ અધ્યાસ ને આત્મમાં જો;
હશે દેહ ત્યાં બંધ એ વ્યાપ્તિ બાંધી
સ્મરું સદ્‌ગુરુ લક્ષ્યમાં વૃત્તિ સાંધી. ૪૦

**ભાવાર્થ:**—( વ્યવહાર-પરમાર્થના ) બધા ધર્મોમાં એક જ ધર્મ મહાન છે કે દેહના અધ્યાસ ( પૂર્વસંસ્કાર, ટેવ, ભ્રાન્તિ, મિથ્યા જ્ઞાન )ને ફ્હાડી નાંખીને તું આત્મદૃષ્ટિ કેળવી લે. કારણ કે જયાં સુધી શરીર( નો પરિચ્છેદ ) હશે ત્યાં સુધી ( દ્વંદ્વના ) બંધ તો રહેવાના જ, એવો સર્વવ્યાપક નિયમ છે. હું તો

લક્ષ્ય (બ્રહ્મ)માં વૃત્તિનું અનુસંધાન કરીને સદ્‌ગુરુને સ્મરું છું. (૪૦)

યદિ તું ન ઇચ્છે સ્વરૂપે સ્થિતિ તો,
સદા ભોગમાં રાચવા જો રતિ તો;
દયાસિંધુ છે દેવ તોયે કરે શું ?
સ્મરું સદ્‌ગુરુ કોઈ સ્હેજે તરે શું ? ૪૧

**ભાવાર્થ**:—તું પોતે જ જો સ્વરૂપમાં (ચિત્તની વૃત્તિઓની) સ્થિરતા ન ઇચ્છે, અને ભોગમાં રમ્યા કરવાની જ પ્રીતિ હોય, તો ગુરુદેવ દયાના સાગર હોવા છતાં પણ (તારી ઇચ્છા વિના) શું કરી શકે ? કોઈ એવી રીતે સહજભાવે (આ ભવસાગરને) તરી શકશે ? હું તો સદ્‌ગુરુને સ્મરું છું. (૪૧)

હશે અંતરે અગ્નિ વૈરાગ્યનો જ્યાં,
ભર્યો ચિત્તમાં ભક્તિભંડાર છે જ્યાં;
કૃપાસિંધુની ત્યાં થશે પ્રેમવૃષ્ટિ,
સ્મરું સદ્‌ગુરુની દયાદાનદૃષ્ટિ. ૪૨

**ભાવાર્થ**:—જેના અંતરમાં વૈરાગ્યનો અગ્નિ ભર્યો હશે, ચિત્તમાં ભક્તિનો ખજાનો ભરપૂર હશે, તો એ કૃપાના સાગરની ત્યાં (એવા અંતઃકરણમાં સહજ સ્વભાવે) પ્રેમની વૃષ્ટિ થશે. દયાની દાનદૃષ્ટિ માટે હું સદ્‌ગુરુને સ્મરું છું. (૪૨)

પ્રભુ છે સમીપે ઉરે દૃષ્ટિ વાળો,
ગુરુ અંતરે, શિષ્યના ધર્મ પાળો;

મનુષ્યત્વ ધારી પશુધર્મ ત્યાગો,
સ્મરું સદ્‌ગુરુ સાધને શીઘ્ર લાગો. ૪૩

**ભાવાર્થ**:—પરમાત્મા તો તમારી સમીપે ( આત્મસ્વરૂપે ) જ છે; તમે તમારી દૃષ્ટિને અંતઃકરણમાં વાળો, શિષ્યના ધર્મનું પાલન કરો એટલે ગુરુદેવ અંતરમાં જ વિરાજે છે એમ સમજાશે. મનુષ્યપણું ( મનુષ્યના ધર્મ ) પાળીને તમે પશુધર્મનો ત્યાગ કરો; સદ્‌ગુરુને સ્મરું છું કે તમે સાધનમાર્ગે જલદી લાગી જાઓ. (૪૩)

ધર્યો માનવી દેહ તું બુદ્ધિ પામ્યો,
અવિદ્યાતણો અંતરે મેલ જામ્યો;
પશુપક્ષીનાં કર્મધર્મે રમે કાં ?
સ્મરું સદ્‌ગુરુ ચિત્ત ધર્મે નમે જ્યાં. ૪૪

**ભાવાર્થ**:—તું મનુષ્યશરીર ધારણ કરીને બુદ્ધિ પામ્યો છે. પણ અંતરમાં અવિદ્યા ( અજ્ઞાન )નો મેલ જામી ગયો છે; પશુ-પક્ષીનાં જ કર્મ અને ધર્મ–સ્વભાવમાં તું શા માટે રમ્યા કરે છે ? હું સદ્‌ગુરુને સ્મરું છું કે જ્યાં ચિત્ત ( સહજ સ્વભાવે ) ધર્મ-બુદ્ધિથી નમી પડે છે. (૪૪)

અલ્યા દેહમાં મોહ તેં શું વધાર્યો ?
ભર્યો એ જ અધ્યાસ જ્યાં ધર્મ માર્યો;
હજુ ના સુધારી બધી ભૂલભ્રાન્તિ,
સ્મરું સદ્‌ગુરુ ચિત્તચૈતન્યશાન્તિ. ૪૫

**ભાવાર્થ**:—અલ્યા ( મૂર્ખ ) ! તેં આ શરીરમાં મોહ શા

માટે વધારી મૂકયો છે? જ્યાં મનુષ્યધર્મ ગયો કે એ જ મોટો (દેહનો) અધ્યાસ આવી ભરાયો છે. હજુ પણ (આ મનુષ્ય-શરીરમાં) તેં એ બધી (અનાદિ કાલથી ચાલતી આવતી દેહાધ્યાસની) ભૂલ અને ભ્રાન્તિ સુધારી લીધી નથી. હું સદ્ગુરુને સ્મરું છું કે જે ચિત્તમાં જ્ઞાનસ્વરૂપ શાન્તિ આપે છે. (૪૫)

જરા દેહ દુર્ગંધિને જો ઉકેલી;
રહ્યાં સ્થૂલમાં માંસ ને રકત રેલી;
ઘૃણાયુકત અસ્પર્શ્ય જોતાં વિરાગે,
સ્મરું સદ્ગુરુ તત્ત્વ ત્યાં ભાગત્યાગે. ૪૬

**ભાવાર્થ:—** જરા તું તારા શરીરની દુર્ગંધિને ઉખેળીને જો તો ખરો; એના સ્થૂલ શરીરમાં તો માંસ અને લોહી જ રેલાઇ રહ્યાં છે. વૈરાગ્યદૃષ્ટિથી જુએ તો એ ઘૃણાથી ભરેલું અને સ્પર્શ પણ કરવા જેવું નથી. હું સદ્ગુરુને સ્મરું છું કે આ (શરીરમાં નિત્ય આત્મા અને અનિત્ય શરીર છે એમાં અનિત્ય) ભાગના ત્યાગ વડે તત્ત્વનો અનુભવ કરાવે છે. (સ્થૂલ શરીરનો વિવેક કહી બતાવ્યો.) (૪૬)

વળી સૂક્ષ્મદેહે ભરી વૃત્તિઓ જે,
તપાસી ત્રિગુણે જરા સત્ત્વ જોજે;
બધે તામસી રાજસી ખેલ ખેલે,
સ્મરું સદ્ગુરુ ચિત્ત ચાંચલ્ય મેલે. ૪૭

**ભાવાર્થ:—**(હવે સૂક્ષ્મ શરીરનો વિવેક કરાય છે) વળી સૂક્ષ્મ શરીરમાં જે (અસંખ્ય ત્રિગુણાત્મ) વૃત્તિઓ ભરેલી છે, તેને

તપાસીને ત્રણે ગુણોમાંથી તું સત્ત્વ તરફ દષ્ટિ રાખજે. અંતઃકરણ સત્ત્વગુણનું કાર્ય હોવાથી એ તરફ અન્તર્મુખ દૃષ્ટિ કરતાં આત્મચૈતન્યનો આનંદ અનુભવમાં આવે છે. ) બાકી બીજે બધે તો તમોગુણી અને રજોગુણી ખેલ જ ખેલાતા હોય છે. સદ્ગુરુને સ્મરું છું કે જેથી ચિત્ત ચંચલતાનો ત્યાગ કરે.) ( ૪૭ )

અવિદ્યાવશે બીજદેહે સુષુપ્તિ,
નથી અંધકારે કદી આત્મતૃપ્તિ;
દશા દેહદેહાન્તરે એ જ ચાલે,
સ્મરું સદ્ગુરુ શિષ્યનો હાથ ઝાલે. ૪૮

**ભાવાર્થ**:—( હવે કારણશરીરનો વિચાર થાય છે. ) અવિદ્યાને પરાધીન બનીને કારણશરીરમાં સુષુપ્તિ ભોગવાય છે. પણ (સ્મરણમાં રહેવું જોઇએ કે ) અંધકાર ( અવિદ્યા )માં કદી પણ આત્મ ( પૂર્ણ ) તૃપ્તિ થતી નથી. પ્રત્યેક જન્મમાં ( એક દેહ પછી બીજો દેહ મળતાં ) એ જ ( અજ્ઞાનની ) દશા ચાલુ રહે છે. હું તો સદ્ગુરુને સ્મરું છું કે ( આવી વિપરીત દશામાં ) શિષ્યનો હાથ પકડે (અને અજ્ઞાનમાંથી જાગ્રત કરીને મોક્ષમાર્ગે દોરી જાય.) (૪૮)

ત્રિદેહી દશામાં અવિદ્યા રમે છે,
જીવાત્મા બધે નિત્ય એમાં ભમે છે;
પડે પાર તો શુદ્ધ આનંદ પામે,
સ્મરું સદ્ગુરુ ચિત્ત વિદ્યા વિરામે.) ૪૯

**ભાવાર્થ**:—( અજ્ઞાનરૂપ ) અવિદ્યા ત્રણેય દેહની દશામાં રમત રમ્યા કરે છે, જીવાત્મા નિત્ય બધે ( સમત બ્રહ્માંડમાં )

ભમે છે; એમાંથી એ પાર પડે તો (આત્માનો) શુદ્ધ આનંદ પામે; હું સદ્‌ગુરુને સ્મરું છું કે જેથી ચિત્ત વિદ્યા(આત્મજ્ઞાન)માં વિશ્રાંતિ પામે. (૪૯)

ન પ્હોંચે તહીં પંડિતો ગ્રંથ ગોખી,
વિવાદો વડે વસ્તુ ના જાય જોખી;
ન સિદ્ધિ કરે સિદ્ધ એ વસ્તુ પૂરી,
સ્મરું સદ્‌ગુરુ જ્યાં ન શિક્ષા અધુરી. ૫૦

**ભાવાર્થ**:—(શાસ્ત્રના) પંડિતો ત્યાં (એ આત્મસ્વરૂપમાં) ગ્રંથો ગોખી ગોખીને (કંઠસ્થ કરે તો પણ) પહોંચી શકતા નથી. તેમ જ (તર્કના ગ્રંથો ભણી ભણીને) વિવાદ કરવાથી (કે ચર્ચા કરવાથી) એ પરમ તત્ત્વ જોખી (તપાસી, જાણી કે નિર્ણય કરી) શકાય એવું નથી. (મનની વાસના કે પ્રાણની ચંચલતાની શક્તિવાળી ક્ષુદ્ર) સિદ્ધિ વડે એ વસ્તુ સિદ્ધ થઇ શકે એમ નથી. હું સદ્‌ગુરુને સ્મરું છું કે જેમની પાસે કોઈ શિક્ષણ (આત્મજ્ઞાન) અધૂરું રહેતું નથી. (૫૦)

બધું સ્હેલ છે જો અહંકાર છોડે,
બધી દ્વૈતની શૃંખલા જાય જોડે,
ભર્યો અંતરે સચ્ચિદાનન્દસિંધુ,
સ્મરું સદ્‌ગુરુ પામવા બોધબિન્દુ. ૫૧

**ભાવાર્થ**:—જો તું (રાજસિક, તામસિક) અહંકારનો ત્યાગ કરે તો બધું (સાધન–સાધના વિષેનું કાર્ય) સરલ બની જાય એમ છે. એની સાથે દ્વૈતની (અદ્વૈત=એક અદ્વિતીય બ્રહ્મ;

દ્વૈત=પુરુષ અને પ્રકૃતિ; જીવ અને ઈશ્વર; જડ અને ચેતન, વગેરે ભેદ; પાંચ=આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી નામનાં મૂલ તત્ત્વો અને એમાંથી મિશ્ર બનીને થયેલાં પચ્ચીસ તત્ત્વો; તેમાંથી આવિર્ભાવ પામતાં અસંખ્ય બ્રહ્માંડ, લોકપરલોક, નામરૂપ વગેરેની ) સાંકળ પણ ચાલી જાય છે. અંતઃકરણમાં ( અંતર્યામી સ્વરૂપે ) સચ્ચિદાનન્દનો સાગર ભર્યો છે, એમાંથી એક જ જ્ઞાનબિન્દુ પામવા માટે સદ્ગુરુને સ્મરું છું. ( ૫૧ )

દયાળુ ગુરુની દયા મેળવી લે,
સદા અંતરે પ્રેમમૂર્તિ વિરાજે;
કૃપાદૃષ્ટિઓઘે સ્ફુરે તત્ત્વ ચિત્તે,
સ્મરું સદ્ગુરુ હું સદા એ નિમિત્તે. ૫૨

**ભાવાર્થ :**—અંતઃકરણમાં પ્રેમની સાક્ષાત્ મૂર્તિ જેવા દયાળુ ગુરુદેવ સદાસર્વૈવ વિરાજમાન છે, એમની દયા મેળવી લે; એ કૃપાદષ્ટિમાંથી જ મળેલા જ્ઞાનથી ચિત્તમાં તત્ત્વજ્ઞાનની સ્ફૂરણા થશે; એ માટે જ હું સદ્ગુરુને હમેશાં સ્મરું છું. (૫૨)

બધાં શાસ્ત્ર તો એકનું એક બોલે,
બધા સંતની વાણી એ ભેદ ખોલે;
છતાં એક આડી પડે બુદ્ધિ જાડી,
સ્મરું સદ્ગુરુ વસ્તુ કૂહે ફોડ પાડી. ૫૩

**ભાવાર્થ :**—(ગુરુદેવની ભક્તિની બાબતમાં ) બધાં શાસ્ત્રો એકની એક જ વાત બોલે છે, અને બધા સંતોની વાણી પણ એનું જ રહસ્ય સ્પષ્ટ કરે છે; એવું હોવા છતાં આ સંસારના

રંગમાં રંગાયેલી ભોગવાસના તથા અભિમાનથી ખરડાએલી ) જડ બુદ્ધિ એમાં આડી આવે છે. ( હઠ કરીને શાસ્ત્ર–સંતનાં વાકયોને માનતી નથી. ) હું તો સદ્ગુરુને સ્મરું છું કે જે બધી વાતને સ્પષ્ટ કરીને સમજાવે છે. (૫૩)

સ્મરી લે સ્મરારિ ત્યજી મોહ દેહે,
નથી વસ્તુ કાન્તા, સુતે, વિત્ત, ગેહે;
વિમાસીશ આ ચક્રમાં જો રહ્યો તો,
સ્મરું સદ્ગુરુ માર્ગ સાચો ગ્રહ્યો તો. ૫૪

**ભાવાર્થ:**—તું શરીરનો મોહ છોડી દઇને સ્મરારિ ( સ્મર એટલે કામદેવ અને એને બાળીને ભસ્મ કરનાર અજ્ઞાનસંહારક ભગવાન શંકર )નું સ્મરણ કરી લે; સ્ત્રી, પુત્ર, ધન કે ઘરબારમાં પરમ તત્ત્વ નથી. એ સંસારચક્રમાં જ જો ફર્યા કરીશ તો પાછળથી પારાવાર પશ્ચાત્તાપ થશે. સાચો માર્ગ પકડી લે; એ માટે હું તો સદ્ગુરુને સ્મરું છું. (૫૪)

ભૂલે દેહ તો દેહનાં દર્દ વામે,
ભૂલે ચિત્ત તો દ્વંદ્વ આઘાત શામે;
ભૂલે હું–તુંના ભેદ તો શાન્તિ આવે,
સ્મરું સદ્ગુરુ શ્રીકૃપાસિંધુ ભાવે. ૫૫

**ભાવાર્થ:**—( ત્રણે શરીરનાં વ્યાધિ અને આધિના નાશ માટે કહેવાય છે. ) તું ( સ્થૂલ ) શરીર હું નથી એમ માનીને ભૂલી જાય તો શરીરના વ્યાધિ નહિ સતાવે. ( સૂક્ષ્મ શરીરનું ) ચિત્ત હું નથી એમ સમજીને એને ભૂલી જાય તો ( સુખદુઃખ, ક્ષુધાતૃષા

તથા જન્મમૃત્યુનાં ) દ્વંદ્વના પ્રહાર શાન્ત થશે; ( કારણશરીરના અજ્ઞાનમાંથી ઊભા થયેલા ) હું-તુંના ભેદ ભૂલી જાય તો શાન્તિ પ્રાપ્ત થશે; હું કૃપાસાગર શ્રી સદ્‌ગુરુને ભાવપૂર્વક સ્મરું છું. (૫૫)

સગુણે ગુણી શોધતાં પાર પ્હોંચે,
ગુણાતીતમાં નિર્ગુણી કૈં ન શોચે;
ક્રિયાનું જડત્વે ય ચૈતન્ય પામે,
સ્મરું સદ્‌ગુરુ જે નથી રૂપનામે. ૫૬

**ભાવાર્થ :—**( ત્રણ ગુણવાળા વિરાટ સ્વરૂપ ઈશ્વરના ) ગુણમય પરમાત્માને શોધીને ( જ્ઞાનવૈરાગ્યપૂર્ણ ભક્તિ કરવાથી) સગુણની પાર પહોંચી શકાય છે. ગુણાતીત જે પરમ તત્ત્વ છે એમાં નિર્ગુણ બનીને કંઇ વિચારવા ( કે કલ્પના કરવા ) જેવું જ રહેતું નથી. કર્મના પ્રદેશમાં જે જડતા ( અને ચેતનના ભેદ છે એ પણ ) ચૈતન્ય સ્વરૂપ ( એક અને અદ્વિતીય બ્રહ્મસ્વરૂપ ) બની જાય છે. જેમાં રૂપ કે નામ નથી એવા સદ્‌ગુરુને સ્મરું છું. ( ૫૬ )

પદાર્થો પ્રતિ ઇંદ્રિયો નિત્ય વ્હેતી,
વહે વૃત્તિઓ ચિત્તસિંધુ મહીંથી;
બધાં દોડતાં તત્ત્વપ્રાપ્તિ નિમિત્તે,
સ્મરું સદ્‌ગુરુબ્રહ્મ હું એકચિત્તે. ૫૭

**ભાવાર્થ**—( બહિર્મુખ સ્વભાવવાળી ) ઈંદ્રિયો હમેશાં બહારના ( ભોગના ) પદાર્થો તરફ જ ધસ્યા કરે છે. એ ( વિષય )વૃત્તિઓ ચિત્તસાગરમાંથી વહ્યા કરે છે. એ બધાં ( સચ્ચિદાનન્દ સ્વરૂપ ) તત્ત્વપ્રાપ્તિને માટે જ દોડે છે; હું તો એકચિત્ત થઇને સદ્‌ગુરુને સ્મરું છું. ( ૫૭ )

ભર્યું બ્રહ્મ બ્રહ્માંડમાં આત્મરૂપે, વળી આત્મકેન્દ્રે બધું વિશ્વ વ્યાપે;
અનેકે ભર્યું એક, એકે સમષ્ટિ, સ્મરું સદ્ગુરુ જ્યાં સમષ્ટિ ન વ્યષ્ટિ. ૫૮



**ભાવાર્થ:**—સમસ્ત બ્રહ્માંડમાં આત્મસ્વરૂપની દૃષ્ટિથી બ્રહ્મ (પરિપૂર્ણરીતે) ભરેલું છે. તેમ જ (અંતર્યામી) આત્મરૂપ એક જ બ્રહ્મ અધિષ્ઠાન સ્વરૂપે છે, અને જીવ-બ્રહ્મનો અભેદ હોવાથી એક જ આત્મસ્વરૂપમાં ધ્યાનનિમગ્ન થતાં સમસ્ત વિશ્વનું દર્શન થાય છે: સુવર્ણના બધા નામરૂપવાળા અલંકારમાં સુવર્ણ એક અને અદ્વિતીય છે, તેમ જ એક અલંકારમાં પણ સુવર્ણ પરિપૂર્ણ છે. અનેકમાં એક અને એકમાં અનેકનો આત્મવિચારવાળા જ્ઞાનયોગના સાધનથી તથા આત્મધ્યાનવાળા ઉપાસના યોગના સાધનથી આવો અનુભવ થાય છે.) અનેકમાં એક ભર્યું છે; તેમ જ એકમાં સમષ્ટિ (વ્યાપક બ્રહ્માંડ) ભર્યું છે. હું તો સદ્ગુરુને સ્મરું છું, જેમાં વ્યષ્ટિ (પિંડ) અને સમષ્ટિ (બ્રહ્માંડ) ના ભેદ નથી. (૫૮)

બધી ગ્રન્થિનાં મૂલ ઢીલાં પડે જ્યાં;
બધાં દેવદેવી ન શોધ્યાં જડે જ્યાં:
પચીસે મળી એકનું મૂલ શોધે,
સ્મરું સદ્ગુરુ તત્ત્વ નિર્બીજ બોધે. ૫૯

**ભાવાર્થ:**—જે કાર્યકારણ ભાવથી રહિત એવા તત્ત્વનો ઉપદેશ આપે છે એવા સદ્ગુરુને હું સ્મરું છું કે જ્યાં બધી ગાંઠો (જડચેતન, જીવઈશ્વર, વગેરે દ્વૈતની ભેદગ્રન્થિઓ)નાં મૂલ ઢીલાં પડે છે (ઊખડી જાય છે). જ્યાં સમસ્ત દેવદેવી જેવાં ભેદસ્વરૂપો શોધ્યાં પણ સાંપડતાં નથી. પચીસે તત્ત્વો એકમેક થઈને એક પરમ તત્ત્વનું મૂલ શોધી શકે છે. (૫૯)

નથી જ્ઞાનમાં કર્મ ભક્તિ વિરોધી,
કર્મે પંથ જિજ્ઞાસુ લે તત્ત્વ શોધી;
ત્યજી તર્ક મિથ્યા ધરે શાસ્ત્રશ્રદ્ધા,
સ્મરું સદ્‌ગુરુદેવની બ્રહ્મનિષ્ઠા. ૬૦

**ભાવાર્થ** :—( આત્મસાક્ષાત્કારના સાધનસ્વરૂપ ) જ્ઞાનમાં નિષ્કામ કર્મ કે અહૈતુકી ભક્તિનો વિરોધ નથી; જિજ્ઞાસુ કર્મ-પૂર્વક એ દ્વારા તત્ત્વ શોધી શકે છે: મિથ્યા તર્કનો ત્યાગ કરીને તથા શાસ્ત્રવાક્યમાં શ્રદ્ધા રાખીને ( સાધના કરવી જોઇએ. ) હું સદ્‌ગુરુદેવની બ્રહ્મનિષ્ઠાને સ્મરું છું. ( ૬૦ )

કરી ધર્મ ને શોધવી ચિત્તભૂમિ,
કરી ભક્તિ એકાગ્રતા પામવાની;
રહ્યો ભેદ તે તત્ત્વ બોધે ઉડાવી,
સ્મરૂં સદ્‌ગુરુ આપતા જ્ઞાનચાવી. ૬૧

**ભાવાર્થ** :—( નિષ્કામ ) કર્મ કરીને ચિત્તની ભૂમિ ( ક્ષેત્ર )ને શુદ્ધ કરવી; એકાગ્રતા મેળવવા માટે ( અહૈતુકી) ભક્તિ કરવી; પછી જે જીવ–ઇશ્વરનો ભેદ રહ્યો એ તત્ત્વજ્ઞાન વડે ઉડાવી દેવો; એ જ્ઞાનની કૂંચી ( રહસ્ય ) આપનાર સદ્‌ગુરુને સ્મરું છું. (૬૧)

બધી પૂર્વસંસ્કારની શૃંખલા આ,
અનાદિ પડી ચિત્તમાં ભ્રાંતિબાધા;
થતાં તત્ત્વસંસ્કાર એ અંત પામે,
સ્મરું સદ્‌ગુરુ મોહમાયા વિરામે. ૬૨

ભાવાર્થ:—(દેહાધ્યાસના) પૂર્વ સંસ્કારની આ બધી (જન્મમરણાદિ દ્વંદ્વની) સાંકળ છે. ચિત્તમાં એ ભ્રમણાની બાધા અનાદિકાળથી પડી છે. તત્ત્વસાક્ષાત્કાર થતાં એનો અન્ત આવે છે; સદ્‌ગુરુને સ્મરું છું કે જેથી મોહમાયાનો અંત આવે. (૬૨)

કરે કલ્પના ત્યાગથી મોહ છોડું,
ત્યજી બંધ ને ઈશમાં ચિત્ત જોડું;
બધા બંધ ત્હારા જ, સમ્બન્ધ મિથ્યા,
સ્મરું સદ્‌ગુરુ જાય એ સર્વ તથ્યા. ૬૩

ભાવાર્થ:—કોઇ એવી કલ્પના કરે છે કે હું (શરીરથી પૃથક્ એવા સમસ્ત પદાર્થોનો) ત્યાગ કરીને મોહ છોડી દઉં (પણ એમ એ મોહ છૂટતો નથી કારણ કે ત્યાગ કરનારના અહંકારમાં એથી વધારો થાય છે.) બધા બંધ (સંબંધ) છોડી દઈને ઇશ્વરમાં ચિત્તને જોડી દઉં; (એ પણ ભ્રાન્તિ છે, એથી ભકિત કરવાનું અભિમાન વધે છે, અને જીવ-ઈશ્વરની ભેદગ્રન્થિનો નાશ થતો નથી.) હે જિજ્ઞાસુ! બધા બંધ તેં જ ઊભા કર્યા છે, કારણ કે જેટલા દ્વૈતના સંબંધ છે તે મિથ્યા (મનઃકલ્પિત) છે. હું સદ્‌ગુરુને સ્મરું છું કે જેથી એ બધી કડાકૂટ નીકળી જાય. (૬૩)

પડયો ઉચ્ચ વર્ણે, ચ્હડયો આશ્રમે જો,
ચ્હડયો કે પડયો ક્યાં પૃથક્ તત્ત્વથી જો;
વધારીશ ના એ અહંકાર ખોટો,
સ્મરું સદ્‌ગુરુ ટાળવા મોહ મોટો. ૬૪

ભાવાર્થ:—(અલ્યા જિજ્ઞાસુ! બધાં બંધનથી છૂટવાની

ઇચ્છાવાળા મુમુક્ષુ ! ) તું ( જન્મ પામીને ) ઉચ્ચ વર્ણમાં જઇ પડયો હોઇશ; તેમ જ ( સંન્યાસ ) આશ્રમમાં ( સર્વથી ઉચ્ચ સ્થાને ) ચડયો ( એમ માનતો ) હોઈશ; પણ જરા આત્મવિચાર કરીને તપાસી જો કે એક, પરમ, સમતત્ત્વથી કયાં ઊંચે ચ્હડયો છે, નીચે પડયો છે કે જુદો પડયો છે ! ( ચડતીપડતીનો એવો ) ખોટો અહંકાર વધારીશ નહિ. એ મહાન મોહનો નાશ કરવા માટે હું સદ્‌ગુરુને સ્મરું છું ( ૬૪ )

બધું ત્યાગતાં ત્યાગજે હું-પણાને,
બધું ભૂલતાં ભૂલજે દેહભાને;
બધું પામતાં પામજે તત્ત્વ જ્ઞાને,
સ્મરું સદ્‌ગુરુ આપતા બોધ સાને. ૬૫

**ભાવાર્થ** :—( એક પછી એક ) બધા ત્યાગો કરતાં તું પહેલાં હું-પણા( ના અભિમાન )નો ત્યાગ કરજે; બધું જે ભૂલી જવાનું છે એમાં દેહાધ્યાસ ( હું શરીર છું એ ભાવ )ને ભૂલી જજે, જે કાંઇ બધું પ્રાપ્ત કરવાનું હોય તેમાં તત્ત્વજ્ઞાનને મેળવી લેજે : હું સદ્‌ગુરુને સ્મરું છું કે જે સંકેતમાત્રથી આત્મ-જ્ઞાન અપાવે છે. ( ૬૫ )

નર્યા તર્કથી દ્વૈતનો અંત ના’વે,
થતાં વિસ્મૃતિ દ્વૈતની ગંધ ના રૂહે;
હતો એક તું, એક તું એ હજુ છે,
સ્મરું સદ્‌ગુરુ જ્યાં નથી એક કે બે. ૬૬

**ભાવાર્થ** :—એ દ્વૈતનો કેવલ તર્ક ( યુકિત કે દલીલ ) કર્યા

કરવાથી અંત આવે એમ નથી. દ્વૈતની (આત્મસ્મૃતિ વડે) વિસ્મૃતિ થવાથી ગંધ પણ રહેતી નથી. તું (મૂલમાં) એક જ હતો; હજુ પણ તું એક જ છે; હું તો સદ્‌ગુરુને સ્મરું છું કે જેમાં (પારમાર્થિક દૃષ્ટિથી) નથી એક કે નથી બે. (૬૬)

નથી નિત્ય કોઇ, નથી સત્ય કાંઈ,
સદા સત્સ્વરૂપે ભલા તું જ ભાઈ!
બધું ભિન્ન તુંથી વિનાશી, પ્રપંચી,
સ્મરું સદ્‌ગુરુ નિત્ય જે નિષ્પ્રપંચી. ૬૭

**ભાવાર્થ**:—કોઇ (નામરૂપ) નિત્ય નથી; કાંઇ સત્ય નથી; હે ભાઈ! તું પોતે જ નિત્ય સત-સ્વરૂપ છે. તારાથી જે પૃથક્, અન્ય છે એ વિનાશી અને (પંચતત્ત્વનું બનેલું હોઇ) પ્રપંચી છે. હું સદ્‌ગુરુને સ્મરું છું કે જે નિત્ય નિષ્પ્રપંચી છે. (૬૭)

જગત્ અંધ, અજ્ઞાન ને જાડ્ય જેવું;
પ્રકાશે બધે એક ચૈતન્ય છે તું;
તુંથી ભિન્ન તે તામસી મોહમાયા,
સ્મરું સદ્‌ગુરુ જ્યાં ન માયા, ન કાયા. ૬૮

**ભાવાર્થ**:—જગત (નામરૂપાત્મક, કલ્પનામય હોઈ) અન્ધ છે, અજ્ઞાન છે, અને જડતા જેવું પ્રતીત થાય છે. એમાં તું એકલો ચૈતન્યરૂપે પ્રકાશ્યા કરે છે. (તારાં ચૈતન્ય-જ્ઞાનથી એ છે એવું તું સિદ્ધ કરે છે) તારાથી જે પૃથક્ તને લાગતું હોય તે તમોગુણના કાર્ય જેવી મોહમાયા છે. હું સદ્‌ગુરુને સ્મરું છું કે જ્યાં નથી માયા કે નથી (એનાં કાર્ય જેવી કોઇ પણ નામરૂપ-વાળી) કાયા. (૬૮)

ભૂલી આત્મ આનંદ તું બાહ્ય શોધે,
ભલા તુંજ આનન્દ વેદો પ્રબોધે;
સદા રહે સ્વરૂપે નિજાનંદમૂર્તિ,
સ્મરું સદ્ગુરુ જાગતી તત્ત્વસ્ફૂર્તિ. ૬૯

**ભાવાર્થ**:—તું આત્મા (પોતાના સ્વરૂપ)ના આનંદને ભૂલીને બહાર (અનાત્મ પદાર્થમાં એ) શોધ્યા કરે છે, (પણ તને ત્યાં એ સ્વરૂપનો આનંદ પ્રાપ્ત થતો નથી.) વેદો તો એવું જ્ઞાન આપે છે કે તું પોતે જ આનંદ છે. નિજાનંદમૂર્તિ બનીને તું હમેશાં તારા સ્વરૂપમાં જ રહે. સદ્ગુરુને સ્મરું છું એટલે તત્ત્વનું સ્મરણ (અંતરમાં) જાગી ઊઠે છે. (૬૯)

બની મંદબુદ્ધિ ન વાંછીશ સિદ્ધિ,
ધરી લોભ ના ઇચ્છતો કાંઇ રિદ્ધિ;
બધે મોહ ઐશ્વર્યનો બંધ બાંધે,
સ્મરું સદ્ગુરુદેવ ત્યાં મુક્તિ લાધે. ૭૦

**ભાવાર્થ**:—તું મંદ (તુચ્છ—અલ્પ—ક્ષુદ્ર) બુદ્ધિવાળો થઇને કોઇપણ જાતની (સાંસારિક પદાર્થોની પ્રાપ્ત થાય એવી) સિદ્ધિની વાંછના ન કરીશ; તેમ જ લોભી બનીને (જગતની) રિદ્ધિની ઇચ્છા ન કરીશ; કારણ કે (સાંસારિક, ઐશ્વર્યનો મોહ બંધનથી તને સર્વત્ર બાંધ્યા કરે છે. સદ્ગુરુદેવને સ્મરું છું કે જેમનાવડે મુકિત મળે છે. (૭૦)

ભજે ઇશ તો ઇશ માટે ભજી લે,
કૃપાપાત્ર નિષ્કામતા ત્યાં સજી લે;

બની દીન ના યાચતો વસ્તુ બીજી
સ્મરું સદ્‌ગુરુ શકિત સર્વત્ર રાજી. ૭૧

**ભાવાર્થ** :—ઈશ્વરની ભકિત કરે તો ઇશ્વરનું જ ભજન કરી લેજે ( અમુક સાંસારિક વસ્તુ માટે ઇશ્વરની ભકિત કરવાની નથી. ) એમના કૃપાપાત્ર થવા માટે નિષ્કામપણું કેળવી લેજે. દીન (પામર) બનીને (ઇશ્વરની પાસે વિશુદ્ધ સ્વરૂપ ભકિત વિના ) બીજી કોઇ વસ્તુ માગીશ નહિ. હું સદ્‌ગુરુને સ્મરું છું કે જેમની શકિત સર્વત્ર વિરાજમાન છે. ( ૭૧ )

ભલા, ભકિતમાં સ્વાર્થની ગંધ છે ના,
ઉરે ઇશ ને વિશ્વ સાથે રહે ના;
રહે તૃપ્ત તું ઈષ્ટ આનંદ પામી,
સ્મરું સદ્‌ગુરું વાસના સર્વ શામી. ૭૨

**ભાવાર્થ** :—હે ભલા ભાઇ ! ( ઇશ્વરની ભકિતમાં ) કોઇ પણ જાતના ( સાંસારિક ) સ્વાર્થની ગંધ પણ નથી. કારણ કે એક જ ચિત્તમાં ઇશ્વર અને વિશ્વ બે સાથે રહી શકતાં નથી. ( પ્રકાશ અને અંધકાર જેમ સાથે હોવાનો સંભવ નથી. ) તું આત્માનો ઇષ્ટ આનંદ પામીને તૃપ્ત બની જા. સદ્‌ગુરુને સ્મરું છું અને બધી વાસનાઓ શાંત થાય છે. ( ૭૨ )

બની દેહધારી પડે વર્ણખાડે,
સદા ભ્રષ્ટતાની ઉપાધિ ઉપાડે;
અલ્યા ભ્રષ્ટ કાયા, તું તો શુદ્ધ આત્મા
સ્મરું સદ્‌ગુરુ શુદ્ધિદાતા પરાત્મા. ૭૩

**ભાવાર્થ :**—તું શરીર ધારણ કરીને વર્ણ ( ના અભિમાન )ના ખાડામાં પડયો છે, ને ત્યાં ( અન્ય સાથેનાં ખાનપાન કે સ્પર્શા-સ્પર્શ જેવા બીજા વ્યવહારથી ) ભ્રષ્ટ થવાની ઉપાધિ (ના ભય ) હમેશાં ઉપાડીને ફર છે. અલ્યા ભાઈ ! આ કાયા ( મલમૂત્ર ), માંસરુધિર વગેરેથી ભરેલી હોઇ ) ભ્રષ્ટ જ છે. તું પોતે તો શુદ્ધ આત્મા છે. હું શુદ્ધિદાતા પરમાત્મસ્વરૂપ સદ્‌ગુરુને સ્મરુ છું. (૭૩)

ચ્હડે આશ્રમે માનસન્માન ઝંખે,
પડયો, એ પડયો કીર્તિવૃશ્ચિક ડંખે;
અલ્યા નીચ કાયા, તું તો શ્રેષ્ઠ આત્મા,
સ્મરું સદ્‌ગુરુ એ અમાપી નિજાત્મા. ૭૪

**ભાવાર્થ :**—( એક પછી એક એમ બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત ) આશ્રમને પગથિયે તું ચડે છે, ત્યાં ( હું સર્વ કરતાં શ્રેષ્ઠ છું; બ્રહ્મચર્યપાલન કરું છું, ધનવાન અને કુટુંબવાન છું વનમાં રહીને તપશ્ચર્યા કરું છું, તથા સર્વસ્વત્યાગી, શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ છું, તેથી બધાંએ મને સર્વોચ્ચ માનીને સન્માન આપવું જોઇએ એવી ) માનસન્માનની ઝંખના કર્યા કરે છે. ( માનહાનિનો ભય રહે છે એથી જાણે ) કીર્તિરૂપ વીંછી ડંખતો હોય તેમ તને એ પડયો એ પડયો એમ થયા કરે છે. અલ્યા ભાઈ! આ કાયા નીચ છે. તો તું શ્રેષ્ઠ (સર્વોત્તમ, અનુપમ, અદ્વિતીય ) આત્મા છે. જે અમાપી ( અમર્યાદ, અપરિચ્છિન્ન, માપ વગરના ) તથા સૌના આત્મસ્વરૂપ છે એવા સદ્‌ગુરુને હું સ્મરું છું. ( ૭૪ )

નથી બાલ તું કે ન ત્હારી યુવાની;
નથી વૃદ્ધ તું, એ દશા તો જવાની;

દશા દેહમાં, તું સદા નિર્વિકારી,
સ્મરું સદ્ગુરુ જે નથી દેહધારી. ૭૫

**ભાવાર્થ** :—તું બાલક નથી; યુવાવસ્થા પણ તારી નથી; તું વૃદ્ધ નથી; એ બધી દશાઓ તો જતી રહે એવી છે, અને દશા તો શરીરની છે; તું ( આત્મસ્વરૂપ, દ્રષ્ટા, સાક્ષી, તટસ્થ ) તો સદા નિર્વિકારી છે. જે દેહધારી નથી એવા સદ્ગુરુને હું સ્મરું છું. ( ૭૫ )

નથી તું પુરુષે, કદાપિ ન નારી,
વૃથા જાતિની કલ્પના ત્હેં વધારી;
અલ્યા જાતિ ચિત્તે, તું જાતે અજાતિ,
સ્મરું સદ્ગુરુ જાય એ જાતિભ્રાંતિ. ૭૬

**ભાવાર્થ** :—( જેમ દેહદશા તું નથી તેમ ) તું પુરુષ નથી; તું સ્ત્રી નથી; ( નરનારીની ) જાતિની ખોટી કલ્પના તો તેં ( અજ્ઞાનને લીધે, દેહભાવનાને લીધે ) વધારી મૂકી છે. અલ્યા ભાઈ ! જાતિ( ની ભાવના તો ) ચિત્તમાં છે. ( જાતિ એટલે જન્મેલું : ઉત્પન્ન થયેલું; જે હંમેશાં એક જ સ્વરૂપે રહે છે અને જેમાં કાલ નથી, અમુક દેશમાં એ હોય એવું નથી, એટલે જ્યાં જન્મ નથી તે અજાતિ છે. ) તું ( આત્મસ્વરૂપે ) પોતે તો અજાતિ ( અજન્મા ) છે. સદ્ગુરુને સ્મરું છું કે જેથી એ જાતિની ભ્રાન્તિ નિર્મૂલ જાય. ( ૭૬ )

કર્યું કામ આ આટલું આમ આજે,
અધુરું પડ્યું તે થશે કાલ સ્હેજે;

અલ્યા કાલ ખાશે તને, છૂટ ત્યાંથી,
સ્મરું સદ્‌ગુરુ નિત્ય નૈષ્કર્મ્યસાથી. ૭૭

**ભાવાર્થ** :—આટલું કામકાજ આવી રીતે આજ કરી લીધું, અને જે અધુરું રહ્યું છે તે આવતી કાલે સહેજે કરી લઇશ ( એવી કાલમાં તને શ્રદ્ધા છે. ) અલ્યા ભાઇ ! એ કાલ જ ( તારું કામકાજ પૂરું થાય તે પહેલાં કદાચ ) તને ખાઇ જશે. ( તું હતો નહોતો થઇ જઇશ. ) તું એમાંથી મુકત થવાનો યત્ન કર. જેમાં કર્મ નથી એવા નિત્યના નૈષ્કર્મ્યસંગાથી સદ્‌ગુરુને સ્મરું છું. ( ૭૭ )

ગણત્રી કરે કર્મની ભોગ જાણી,
ભવિષ્યે બધું ભોગવું એમ માની;
નથી ભૂત, ભાવી, નથી વર્તમાને,
સ્મરું સદ્‌ગુરુ શ્રી મહાકાલસ્થાને. ૭૮

**ભાવાર્થ** :—ભવિષ્યમાં મને વિષયસુખ મળશે એવી વાસનાથી એને ભોગ( નાં સાધન ) જાણીને કર્મ કરવાની ગણુતરી કર્યા કરે છે. ખરી રીતે જોતાં ભૂત, ભવિષ્ય કે વર્તમાનકાળ એમાં નથી. એ મહાકાલ સ્વરૂપ ( કાલાતીત, કાલની પણ પર, બધા પરિચ્છેદથી રહિત એવા ) સદ્‌ગુરુને હું સ્મરું છું. ( ૭૮ )

ધનાશા અને માનતૃષ્ણા વધારે,
વળી દેહસૌંદર્યનો મોહ ભારે;
નથી એ ત્રણે એષણા જો સ્વરૂપે,
સ્મરું સદ્‌ગુરુ જે વિરાજે અરૂપે. ૭૯

**ભાવાર્થ**:—ધનની આશા અને મનની તૃષ્ણા તું વધાર્યા કરે છે, તે ઉપરાંત શરીરના સૌંદર્યનો તને ભારે મોહ છે. તું સ્વરૂપમાં તપાસી જો; ત્યાં તો એ ( ધનની, માનની અને શરીરની એવી ) ત્રણે એષણાઓ ( વાસનાઓ ) છે જ નહિ. જે અરૂપે વિરાજે છે એ સદ્‌ગુરુને સ્મરું છું. ( ૭૯ )

ન ત્યાં પુત્ર, કાન્તા, નથી ચિત્ત, વિદ્યા,
બધી બુદ્ધિ સંસારી એ તો અવિદ્યા;
બધું અલ્પ અજ્ઞાન એ એકદેશી,
સ્મરું સદ્‌ગુરુ જે ન દેશી વિદેશી. ૮૦

**ભાવાર્થ**:—ત્યાં ( એ પરમ્બ્રહ્મમાં ) પુત્રપરિવાર, પત્ની, ધન, વૈભવ કે વિદ્યા ( અપરા શાસ્ત્રોનું જ્ઞાન ) નથી: એ તો બધી સાંસારિક બુદ્ધિની અવિદ્યા છે. ( એનાથી આત્માની વિસ્મૃતિ થાય છે એટલે એ અજ્ઞાનને અવિદ્યા કહી છે. ) એ તો એકદેશી અને અધૂરું અજ્ઞાન છે. જ્યાં એકદેશી કે વિદેશી એવું કંઇ નથી એવા સદ્‌ગુરુને સ્મરું છું. ( ૮૦ )

સદા સચ્ચિદાનંદ તું, આપદા શી ?
પરમ્બ્રહ્મ તું, ત્યાં બીજી સંપદા શી ?
ન દૈવી, નથી આસુરી કોઈ શકિત,
સ્મરું સદ્‌ગુરુ, ના અવિદ્યા અશકિત. ૮૧

**ભાવાર્થ**:—તું સદા સચ્ચિદાનન્દ સ્વરૂપ છે, એટલે બીજી શી પીડા છે ? તું પોતે જ પરબ્રહ્મ છે, ત્યાં બીજી સંપત્તિની શી જરૂર છે ? ( સત્ત્વગુણની ) દૈવી ( રજોતમોગુણી ) આસુરી

જેવી કોઇ શકિત જ નથી. ( શકિત અને શકિતમાન શિવ જેવા એ અદ્વૈત સ્વરૂપમાં ભેદ જ નથી. ) હું સદ્‌ગુરુને સ્મરું છું કે જેમનામાં અવિદ્યા ( કે વિદ્યા તથા શકિત) કે અશકિત જેવું કાંઇ બીજું છે જ નહિ. ( ૮૧ )

નથી જીવ કે જીવના કર્મભોગો,
નથી દેવ કે દેવના સ્વર્ગયોગો;
બધે એક અદ્વૈત ત્યાં દ્વૈત કેવું ?
સ્મરું સદ્‌ગુરુદેવનું જ્ઞાન એવું. ૮૨

**ભાવાર્થ:**—એ (કૈવલ્ય સ્વરૂપ આત્મા)માં જીવ કે જીવના કર્મભોગો નથી, દેવ કે દેવોના નિવાસસ્થાન જેવા સ્વર્ગના યોગ નથી. જયાં સર્વત્ર એક જ અદ્વૈત છે ત્યાં બીજું દ્વૈત જ કેવી રીતે હોઇ શકે ? હું સદ્‌ગુરુ દેવના એવા જ્ઞાનને સ્મરું છું. (૮૨)

નથી દશ્ય તો હોય દષ્ટા પછી કયાં ?
નથી સાક્ષ્ય તો સાક્ષીની વાત ના ત્યાં;
નથી ભોગ્ય ભોક્તા, નથી કર્મ કર્તા,
સ્મરું સદ્‌ગુરુ નિત્ય એ તત્ત્વભર્તા. ૮૩

**ભાવાર્થ:**—( આત્મામાં ) જયાં દશ્ય જ કશુંયે નથી ત્યાં દ્રષ્ટા હોય જ કયાંથી ? જયાં ( બીજું છે એમ સાક્ષી પૂરી શકાય એવું ) સાક્ષ્ય જ નથી ત્યાં સાક્ષીની વાત જ શી રીતે થઇ શકે ?

ભોગવવાની વસ્તુ ( ભોગ્ય ) જ નથી ત્યાં ભોગવનાર ( ભોક્તા ) પણ નથી; નથી ત્યાં કર્મ કે કર્મ કરનાર ( કર્તા ) એ (નિત્ય) તત્ત્વનું મારાં (ચિત્ત-પ્રાણ)માં ભરણુ કરે છે એ સદ્‌ગુરુને સ્મરું છું. (૮૪)

નથી જન્મ તો મૃત્યુની ભ્રાંતિ યે ના,
નથી દેહ તો લોક લોકાન્તરે ના;
અવિદ્યા નથી તો પછી અસ્મિતા ક્યાં ?
સ્મરું સદ્‌ગુરુ એક સત્તા બધામાં. ૮૪

ભાવાર્થ:—( એ આત્મામાં ) જ્યાં જન્મ જ નથી થયો તો મૃત્યુની ભ્રાન્તિ પણ નથી. શરીર, આ લોક કે બીજો કોઈ લોક પણ નથી. અવિદ્યા ( હું-પણાનું કારણ ) નથી તો તેમાં અસ્મિતા ( હું-પણું-હુંપદ ) પણ ક્યાં છે ? જેની એક સત્તા બધામાં છે એ સદ્‌ગુરુને સ્મરું છું. ( ૮૪ )

નથી પંચ કોશો, ત્રિદેહે નથી ત્યાં,
મનોબુદ્ધિ ચિત્ત અહંકાર ના જ્યાં;
અવસ્થા નથી, જ્યાં ત્રિપુટી વિરામે,
સ્મરું સદ્‌ગુરુ ચિત્ત નિર્વાણ પામે. ૮૫

ભાવાર્થ:—એમાં ( શરીરના ) પંચ કોશ નથી, ત્યાં ત્રણ શરીર નથી; મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર ( એમ અંતઃકરણ ચતુષ્ટય )પણ જ્યાં નથી ( જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ કે તુરીયા જેવી )

અવસ્થાઓ નથી, જ્યાં બધી ત્રિપુટિઓનો લય થાય છે, ત્યાં સદ્ગુરુને સ્મરું છું જેથી ચિત્ત મોક્ષ પામે. ( ૮૫ )

નથી કાલ ધર્મો નથી દેવદૈત્યો,
નથી દેશ કે દેશના ખંડપ્રાંતો;
નથી પિંડ બ્રહ્માંડના વસ્તુ ભેદે
સ્મરું સદ્ગુરુ એક વ્યાપ્યા અભેદે. ૮૬

ભાવાર્થ :—ત્યાં કાલ( ના વિકારી ) ધર્મો નથી; દેવ કે રાક્ષસ નથી; દેશ કે દેશના ખંડ જેવા પ્રાંતભેદ નથી. નથી પિંડ કે બ્રહ્માંડના વસ્તુભેદ. એક અભેદ સ્વરૂપે જે વ્યાપ્યા છે એ સદ્ગુરુને સ્મરું છું. (૮૬)

નથી બંધ તો મોક્ષ કોનો થવાનો ?
નથી દ્વેષ તો રાગ ક્યાં આવવાનો ?
નથી એક તો દ્વંદ્વની વાત મિથ્યા,
સ્મરું સદ્ગુરુની કૃપાપૂર્ણ શિક્ષા. ૮૭

ભાવાર્થ :—જ્યાં બંધ જ નથી તો મોક્ષ કોનો થવાનો છે ? જ્યાં કોઇનો દ્વેષ નથી તો કોની સાથે રાગ ( મોહ ) કરવાનો છે ? જ્યાં એક છે એવું પણ સમજનાર કહેનાર નથી, ત્યાં દ્વંદ્વની વાત તો કેવલ મિથ્યા જ છે. હું તો સદ્ગુરુની કૃપાપૂર્ણ શિક્ષાને સ્મરું છું. ( ૮૭ )

નથી ગ્રાહ્ય ત્યાં ત્યાજ્ય શું માનવાનું ?
નથી બાધ્ય ત્યાં બાધ ક્યાંથી થવાનું ?
નથી નામ કે રૂપ તો વર્ણ ક્યાં છે ?
સ્મરું સદ્દગુરુ શ્રી ગુણાતીત ત્યાં જે. ૮૮

**ભાવાર્થ :**—જ્યાં કશુંયે ગ્રહણ કરવા જેવું નથી, ત્યાં ત્યાગ કરવા જેવું કંઈ છે એમ કેમ માની શકાય ? જ્યાં કશાયનો બાધ થઈ શકે એમ નથી ( કંઈ પણ મૂલ તત્ત્વમાંથી કાઢી શકાય એમ નથી ) તો શેમાંથી બાધ કરવાનો ? નામ નથી, રૂપ નથી તો પછી વર્ણ તો છે જ ક્યાં ? ત્યાં ( પરમ તત્ત્વમાં ) જે શ્રી ગુણાતીત છે એ સદ્દગુરુને સ્મરું છું. ( ૮૮ )

દુઃખી હું બની વિશ્વને શાન્તિ આપું,
તપસ્વી બનું ભોગ ઐશ્વર્ય સ્થાપું;
સમષ્ટિ બને મુક્ત તો મુક્તિ પામું,
સ્મરું સદ્દગુરુ એ વૃથા ભ્રાન્તિ વામુ. ૮૯

**ભાવાર્થ :**—હું ( અત્યંત ) દુઃખી બનીને પણ વિશ્વને શાંતિ આપું ( એમ ઇચ્છું છું. ) હું તપસ્વી બનીને ( મારાં તપ અને ત્યાગથી આકર્ષાઈ આવીને સંસાર ઉપર ) ભોગ અને ઐશ્વર્યની સ્થાપના કરું. આખું વિશ્વ ( સમષ્ટિ ) મુક્ત થાય તો જ હું મુક્તિ મેળવીશ; આવી આવી વૃથા ( અસંભવિત અને અશક્ય ) ભ્રાંતિના નિવારણ માટે હું સદ્દગુરુને સ્મરું છું. ( ૮૯ )

મહા ચક્રવર્તી હિતાર્થી પ્રજાનો,
સદા દેશકલ્યાણનો સ્વાર્થ જેનોઃ
ભૂલે એ, નથી વસ્તુ દિક્કાલ એવી,
સ્મરું સદ્ગુરુ જ્યાંથી એ વસ્તુ લેવી. ૯૦

**ભાવાર્થ :**—પ્રજાનો પૂરેપૂરો હિતાર્થી કોઇ મહાન ચક્રવર્તી હોય કે જેના ચિત્તમાં હમેશાં દેશના કલ્યાણનો જ સ્વાર્થ રમ્યા કરતો હોય, એ પણ ભ્રાન્તિમાં છે; કારણ કે એ ( આત્મસ્વરૂપ; સચ્ચિદાનન્દના સાક્ષાત્કાર દ્વારા પ્રાપ્ત થતાં શાશ્વત શાંતિ, નિરતિશય આનંદ, નિરંકુશ તૃપ્તિ અને એને પરિણામે પ્રજામાં સંતોષ, સંપ, સંયમ અને સદાચારનું વિશુધ્ધ વાતાવરણ પ્રસરે એવી ) વસ્તુ દેશકાલ ( ની મર્યાદા )માં પડેલી નથી. જ્યાંથી ( જેમની પાસેથી ) એ વસ્તુ લેવાની છે એ સદ્ગુરુને સ્મરું છું. (૯૦)

નર્યા તર્કના ગોઠવે ગ્રંથ મોટા
ભર્યાં એ કુતર્કે બધાં સાવ થોથાં;
ધરી ભાવશ્રદ્ધા વરી વસ્તુ લેવી,
સ્મરું સદ્ગુરુદેવને ભક્તિ સેવી. ૯૧

**ભાવાર્થ :**—( યુક્તિદ્વારા બુદ્ધિ વાદવિવાદ કરીને પક્ષાપક્ષીની હારજિત રમી શકે એવા ) તર્કથી ભરેલા મોટા ગ્રંથ રચીને કોઇ ખડકી મૂકે, પણ ( અનુભવની દૃષ્ટિએ ) કુતર્કથી ભરેલાં એ તદ્દન થોથાં જેવાં છે, એ વસ્તુ તો ભાવ, શ્રધ્ધા રાખીને વરી લેવાની છે. એ માટે ભક્તિ રાખીને હું સદ્ગુરુને સ્મરું છું. (૯૧)

બધાં દેવદેવી તણો દાસ છો થા,
થશે તત્ત્વ એ રીત કો દી છતું ના;
નથી દેવીદેવે, નથી પંચભૂતે,
સ્મરું સદ્‌ગુરુ તત્ત્વ એ શુદ્ધ ચિત્તે. ૯૨

ભાવાર્થ :—( બ્રહ્માંડનાં ) બધાં દેવ કે દેવીનો ભલેને તું દાસ બની જા, છતાં એ પરમ તત્ત્વ એ રીતે ( દ્વૈત ભક્તિથી ) કોઇ દિવસ પ્રકટ થવાનું નથી. ( તારા અંતરમાં એનો અનુભવ થઇ શકે એમ નથી. ) દેવી કે દેવની પાસે એ તત્ત્વ આપી શકાય એમ નથી; પંચભૂતોમાં એ વસ્તુ નથી; હું શુધ્ધ ચિત્તથી એ તત્ત્વ માટે સદ્‌ગુરુને સ્મરું છું. ( ૯૨ )

કૃપા જો કરે ઇશ તો માર્ગ સૂઝે,
કરે જો દયા સદ્‌ગુરુ તત્ત્વ બૂઝે;
ભણે વેદ આચાર્ય છે મુક્તિદાતા,
સ્મરું સદ્‌ગુરુ એક સંસારત્રાતા. ૯૩

ભાવાર્થ :—પરમેશ્વર જો કૃપા કરે તો મોક્ષનો માર્ગ સૂઝે છે. સદ્‌ગુરુ દયા કરે તો પરમ તત્ત્વનું જ્ઞાન થાય છે. વેદ તો એમ જ કહે છે કે મોક્ષના દાતા તો આચાર્ય જ છે. એ એક માત્ર સંસારત્રાતા સદ્‌ગુરુને સ્મરું છું. ( ૯૩ )

કૃપા પામવા શાસ્ત્રમાં સાધનો છે,
મળી ના કૃપા તો બધાં બંધનો એ;

કૃપા પામતાં સાધ્ય વસ્તુ સધાતી
સ્મરું સદ્‌ગુરુ પ્રાપ્તની પ્રાપ્તિ થાતી. ૯૪

**ભાવાર્થ:**—(ઉપર જે કૃપા–દયા મેળવવાની કહી તે) કૃપા પામવા માટે શાસ્ત્રોમાં સાધનો વર્ણવેલાં છે; પણ (વ્રત તપ, જપ, પાઠ, પૂજા, તીર્થભ્રમણ વગેરે સાધનો કરવા છતાં પણ) જો કૃપા ન મળી શકી તો એ (સાધનો) બધાં બંધનરૂપ નીવડે છે. (અહંકાર વધારે છે.) કૃપાની પ્રાપ્તિ થતાં જ સાધ્ય (આત્મ-) વસ્તુ સાધી શકાય છે; સદ્‌ગુરુને સ્મરું છું કે જેથી (આત્મા જે) પ્રાપ્ત છે એની પ્રાપ્તિ થાય છે. (આત્મા પોતાનું સ્વરૂપ હોવાથી દૂર નથી, ઉત્પન્ન કરવાનો નથી, શુદ્ધ કરવાનો નથી, તેમ એમાં કાંઈ ફેરફાર કરવાનો નથી; એ તો આપણું પોતાનું સ્વરૂપ હોવાથી એક અને અદ્વિતીય, જેવો છે તેવો ને તેવો જ સચ્ચિદાનંદ સ્વરૂપ છે; માત્ર ભ્રાન્તિથી એનું વિસ્મરણ થયું છે તે "કેડે છોકરું અને ગામે શોધ્યું" કહેવત પ્રમાણે પ્રાપ્ત વસ્તુનું જ સ્મરણ કરવાનું છે. કોઇ અનુભવી એનું સ્મરણ કરાવે એટલે એ પ્રાપ્તની પ્રાપ્તિ કહેવાય છે. છોકરું જેમ ખોવાઇ નહોતું ગયું, કેડમાં જ હતું છતાં ભૂલી જવાયું હતું, કોઇએ સ્મરણ કરાવ્યું ત્યારે હતું ત્યાં ને ત્યાં અનુભવમાં આવ્યું, એવું આત્મસ્વરૂપ વિષે છે.) (૯૪)

હશે ધન્ય કો કર્મ નિષ્કામ સાધી,
હશે ભક્તિ કો ભક્તને સાચી લાધી;
હશે તત્ત્વ ઇચ્છા ઉરે તીવ્ર જામી,
સ્મરું સદ્‌ગુરુ દેહ અષ્ટાંગ નામી. ૯૫

**ભાવાર્થ :**—કોઈ એવો ધન્ય ( સદ્‌ભાગી ) જિજ્ઞાસુ હશે તે નિષ્કામભાવે કર્મયોગ સાધી લેશે; કોઈ ભકતને જો સાચી ભકિત મળી હશે, કોઇના હૃદયમાં જો તત્ત્વ ( સાક્ષાત્કાર ) માટે તીવ્ર જિજ્ઞાસા જાગી હશે તો ( એ આત્મસાક્ષાત્કાર કરશે. ) હું અષ્ટાંગને નમાવીને ( સાષ્ટાંગ પ્રણામ કરીને ) સદ્‌ગુરુને સ્મરું છું. (૯૫)

હશે ધન્ય કો શિષ્ય સાચો થવાનો,
ગુરુપાદપદ્મે બધું અર્પવાનો,
બની નમ્ર, સેવા કરી પાત્ર થાશે,
સ્મરું સદ્‌ગુરુ ભ્રાંતિ નિર્મૂળ થાશે. ૯૬

**ભાવાર્થ :**—કોઇ ધન્ય જિજ્ઞાસુ ( પોતાના સદ્‌ગુરુનો ) સાચો શિષ્ય થવાનો હશે, એ ગુરુચરણકમલમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેશે. ( બધો વ્યવહાર શ્રી ગુરુદેવનો છે, એમ સમજીને પવિત્રપણે, સદાચાર અને સદ્ધર્મથી ચલાવ્યા કરશે. ) નમ્ર બનીને ગુરુસેવા કરીને એ સાચો અધિકારી બનશે; હું સદ્‌ગુરુને સ્મરું છું કે જેથી એવા સાધકની ભ્રાંતિ નિર્મૂળ થાય. ( ૯૬ )

થશે ઇંદ્રિયો તૃપ્ત ને તૃપ્ત ચિત્તે,
રસોવૈ રૂપે વર્ણવે વેદ નિત્યે;
નથી તર્કથી ત્યાગથી પ્રાપ્તિ એની,
સ્મરું સદ્‌ગુરુ જો કૃપા થાય એની. ૯૬

ભાવાર્થ:—એની દસે ઈંદ્રિયો (આત્માના આનંદથી) તૃપ્ત થશે; ચિત્ત પણ તૃપ્ત થશે; કારણ કે એ આત્મા ખરેખર રસસ્વરૂપ છે એમ હમેશાં વેદની શ્રુતિઓ વર્ણવે છે; એકલા તર્કથી કે ત્યાગથી એની પ્રાપ્તિ થતી નથી. હું સદ્‌ગુરુને સ્મરું છું કે જો એની કૃપા થાય (તો અનુભવ થઈ શકે.) (૯૭)

બધે ભકિત એની, બધે જ્ઞાન એનું,
બધે એ જ આનંદ ને ભાન એનું;
પરંતુ ટળે જો અવિદ્યા અનાદિ,
સ્મરું સદ્‌ગુરુ જ્યાં નથી અન્ત આદિ ૯૮

ભાવાર્થ:—બધે એની જ શકિત ભરેલી છે, જ્ઞાન (ચૈતન્ય) પણ એનું જ છે, એ પોતે જ આનંદરૂપ બધે છે અને જ્યાં જ્યાં સર્વત્ર એનું જ ભાન થયા કરે છે (તાત્પર્ય કે એના વિના બીજું કશું પણ નથી.) પણ જો અનાદિ અવિદ્યાનો નાશ થાય તો (એવું જ્ઞાન પ્રાપ્ત થાય.) હું સદ્‌ગુરુને સ્મરું છું કે જેમનામાં આદિ કે અંત નથી. (અર્થાત્ એ પોતે અનાદ્યન્ત બ્રહ્મસ્વરૂપ છે.) (૯૮)

ગુરુઆશ્રયે જે રહે એકચિત્તે,
ફરે પિંડ બ્રહ્માંડમાં એ સ્વતંત્રે;
કદી ના પડે એ ફરી ભ્રાંતિકૂપે,
સ્મરું સદ્‌ગુરુ સ્થાપતા આત્મરૂપે. ૯૯

**ભાવાર્થ**—જે કોઈ (જિજ્ઞાસુ કે ભકત) ગુરુના આશ્રયમાં એક ચિત્ત (એકનિષ્ઠ ભકિત)થી રહેશે, એ (એના ફલરૂપે) મુકત થઈને (શરીર હોય ત્યાં સુધી) પિંડ-બ્રહ્માંડમાં (બ્રહ્માકાર વૃત્તિ વડે) જીવન વ્યતીત કરશે. (જીવનમુકત થઈને વિચરશે.) ફરી પછી એ ભ્રાંતિના કૂવામાં કદી પણ પડશે નહિ .આવી આત્મસ્વરૂપમાં જે સ્થિરતા કરાવે છે એ સદ્‌ગુરુને સ્મરું છું. (૯૯)

કૃપા જાહ્નવીસ્નાન જેણે કર્યું એ,
કરીને સુધાપાન હૈયું ઠર્યું જે;
અહો ધન્ય એ જન્મ ને ધન્ય કાયા,
સ્મરું સદ્‌ગુરુની સ્વયં પૂર્ણ છાયા. ૧૦૦

**ભાવાર્થ** :—જેણે ગુરુદેવની કૃપા સ્વરૂપ ગંગામાં સ્નાન કર્યું છે; (કૃપા મેળવીને પવિત્ર બન્યો છે) એમના (ઉપદેશનું) અમૃતપાન કરીને જેનું હૃદય શાંત અને સ્થિર થયું છે—અહો! એ જન્મ અને એ શરીર ધન્ય છે! સદ્‌ગુરુની સ્વયં એવી પૂર્ણ (બ્રહ્મ) છાયાને સ્મરું છું. (૧૦૦)

ૐ ૐ ૐ